




પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH








FRIDAY, 24 OCTOBER, 2025 Vol. 23, No. 41 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news


### અન્ય દેશમાંથી અમેરિકા પરત થતા લોકોની થઈ રહેલી પુછપરછ, કેટલાકને એન્ટ્રી અપાઈ નહીં

# લાંબો સમય વિદેશ રહ્યા તો મુશ્કેલીમાં મુકાઈ શકે ગ્રીન કાર્ડ હોલ્ડર

## નવા નિયમ પ્રમાણે ઇમિગ્રેશન અધિકારીઓ વ્યક્તિને ઇમિગ્રેશન ન્યાયાધીશ સમક્ષ રજૂ કરી શકે



### અનિવાર્ય સંજોગોમાં લાંબો પ્રવાસ હોય તો પરમિટ મેળવવી જરૂરી

યુએસ ઇમિગ્રેશન વકીલોના મતે, જો ગ્રીન કાર્ડ ધારક એક વર્ષથી વધુ સમય માટે વિદેશ પ્રવાસ કરવા માંગે છે, તો તેમણે મુસાફરી કરતા પહેલા રી-એન્ટ્રી પરમિટ (ફોર્મ I-131)મેળવવી આવશ્યક છે. આ પરમિટ એ વાતનો પુરાવો આપે છે કે વ્યક્તિ પોતાનો યુ.એસ. કાયમી રહેઠાણ છોડવાનો ઇરાદો ધરાવતી નથી. આ પરમિટ વ્યક્તિઓને પાછા ફર્યા પછી વધારાના વિઝાની જરૂર વગર બે વર્ષ સુધી વિદેશમાં રહેવાની મંજૂરી આપે છે. રી-એન્ટ્રી પરમીટ માટે અરજી અમેરિકામાં રહીને જ કરવાનું હોય છે. અરજી સબમિટ કર્યા પછી, બાયોમેટ્રિક્સ (ફિંગરપ્રિન્ટ્સ અને ફોટો) જરૂરી છે. ત્યારબાદ પરમિટ યુએસ એમ્બેસી, કોન્સ્યુલેટ અથવા ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટી (DHS)ઓફિસમાંથી મેળવી શકાય છે.

ન્યૂ યોર્ક : યુનાઈટેડ સ્ટેટ્સમાં ગ્રીન કાર્ડ ધારકોએ વિદેશમાં લાંબા સમય સુધી રહેવાનું ટાળવું પડશે. કારણ કે, એક વર્ષથી વધુ સમયની ગેરહાજરી તેમના કાયમી રહેઠાણના દરજ્જાને જોખમમાં મૂકી શકે છે. અમેરિકામાં ગ્રીન કાર્ડ ધરાવતા લોકોએ હવે વિદેશ મુસાફરી કરતી વખતે ખાસ સાવધાની રાખવાની જરૂર છે. તાજેતરના દિવસોમાં, અમેરિકાના સરહદી અધિકારીઓ ગ્રીન કાર્ડ ધારકો પર કડક કાર્યવાહી કરી રહ્યા છે, ખાસ કરીને જેઓ લાંબા સમય સુધી વિદેશમાં રહ્યા છે. આવા કિસ્સાઓમાં પ્રવાસીઓની પૂછપરછ કરવામાં આવી રહી છે, અને કેટલાકને યુનાઈટેડ સ્ટેટ્સમાં પ્રવેશવાની પણ ના પાડી દેવામાં આવી છે. સુત્રોના જણાવ્યા મુજબ જો કોઈ કાયદેસર કાયમી નિવાસી (LPR)અથવા ગ્રીન કાર્ડ ધારક લાંબા સમય સુધી યુનાઈટેડ સ્ટેટ્સની બહાર રહે છે, તો તેણે યુનાઈટેડ સ્ટેટ્સમાં કાયમી રહેવાનો પોતાનો ઈરાદો છોડી દીધો છે તેમ અધિકારીઓનું માનવું છે. સામાન્ય રીતે, છ મહિનાથી ઓછા સમય માટે વિદેશ પ્રવાસ કરવો યોગ્ય છે, પરંતુ છ મહિનાથી એક વર્ષ સુધીની ગેરહાજરી પ્રશ્નો ઉભા કરી શકે છે. આવા કિસ્સાઓમાં, ઈમિગ્રેશન અધિકારીઓ વ્યક્તિને ઈમિગ્રેશન ન્યાયાધીશ સમક્ષ રજૂ કરી શકે છે, જે ગ્રીન કાર્ડધારક અમેરિકી નાગરિકતા ઈચ્છે છે તેમણે ત્યાં સતત રહેવું જરૂરી છે. નાગરિકતા માટે અરજદારોએ કાયમી નિવાસ પ્રાપ્ત કર્યા પછી ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી યુનાઈટેડ સ્ટેટ્સમાં રહેવું જોઈએ. અને અરજી કરતા પહેલા ઓછામાં ઓછા ત્રણ મહિના તેમના રાજ્ય અથવા જિલ્લામાં રહેવું જોઈએ. છ મહિનાથી વધુ સમય માટે ગેરહાજરી નાગરિકતા પ્રક્રિયામાં અવરોધ લાવી શકે છે.

# યુગાન્ડામાં ઓવરટેકના ચક્કરમાં બસ ખીણમાં ખાબકી, 63 મુસાફરોના મોત

### બચાવ ટીમે સ્થળ પર પહોંચી કામગીરી આરંભી : બસ ડ્રાઈવરની ધરપકડ

યુગાન્ડા : પૂર્વી આફ્રિકી દેશ યુગાન્ડામાં બસ અકસ્માતોની બે અલગ-અલગ ભયાનક ઘટનાઓએ દેશને હચમચાવી દીધો છે. આ દુર્ઘટનાઓમાં ઓછામાં ઓછા 63 લોકોનાં મોત થયા છે. પ્રથમ ઘટનામાં ડ્રાઈવરની બેદરકારીના કારણે બસ ખીણમાં ખાબકી હોવાના અહેવાલ સામે આવ્યો છે, સૌથી મોટી દુર્ઘટના મંગળવારે કબાલે જિલ્લાના પહાડી વિસ્તારમાં બની હતી, જ્યાં એક પેસેન્જર બસ ખીણમાં ખાબકી ગઈ હતી. આ બસ કબાલેથી માસાકા જઈ રહી હતી. ડ્રાઈવરની બેદરકારીના કારણે બસ ઘણીવાર પલટીને ખીણમાં ધડાકાભેર નીચે પડી હતી, જેમાં 63 મુસાફરોના કરૂણ મોત થયા છે. મૃતકોમાં મહિલાઓ અને બાળકોનો પણ સમાવેશ થાય છે.

બચાવ ટીમને સ્થળ પર પહોંચવામાં કલાકો લાગ્યા હતા અને 63 મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા હતા. પોલીસે આ મામલે બસના ડ્રાઈવરની ધરપકડ કરી છે. સ્થાનિક મીડિયાએ ઓવરસ્પીડિંગ ઉપરાંત બસમાં ઓવરલોડિંગને





પણ અકસ્માતનું કારણ ગણાવ્યું છે.

અન્ય દુર્ઘટનાની વાત કરીએ તો, બુધવારે વહેલી સવારે યુગાન્ડાના કમ્પાલા-ગુલુ હાઈવે પર બે બસ સહિત ચાર વાહનો એકબીજા સાથે અથડાયા હતા, જેમાં ઘણા લોકોના મોત થયા હોવાના અને અનેક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હોવાનો રિપોર્ટ સામે આવ્યો છે. પોલીસના પ્રવક્તાએ જણાવ્યું કે, બસ ચાલકે ઓવકટેક કરવાનો પ્રયાસ કર્યો હતો અને સામેથી આવતી લોરીને ટક્કર મારી હતી.

### પુતિને પ્રમાણિકતા ન દાખવ્યાનો ટ્રમ્પનો આક્ષેપ

# રશિયાની બે સૌથી મોટી ઓઈલ કંપની ઉપર ટ્રમ્પે પ્રતિબંધ લાદ્યો

**વોશિંગ્ટન**

અમેરિકાએ રશિયાની મુખ્ય ઓઈલ કંપનીઓ પર આકરા આર્થિક પ્રતિબંધો લાદવાની જાહેરાત કરી છે, જેનાથી વૈશ્વિક ઊર્જા બજાર અને રાજકારણમાં ખળભળાટ મચી ગયો છે. આ નિર્ણય પાછળનું મુખ્ય કારણ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિન વચ્ચેની એક કથિત 'ગુપ્ત સમજૂતી'નું તૂટવું હોવાનું મનાઈ રહ્યું છે. ટ્રમ્પના મુખ્ય આર્થિક સલાહકાર સ્કોટ બેસેન્ટે ખુલાસો કર્યો છે કે પુતિને પ્રામાણિકતા ન દાખવતા ટ્રમ્પ અત્યંત નિરાશ થયા છે, જેનું પરિણામ આ પ્રતિબંધો છે. ટ્રમ્પે રશિયાની બે સૌથી મોટી ઓઈલ કંપની રોસનેફ્ટ અને લુકઓઈલ પર પ્રતિબંધ મૂકવાની જાહેરાત કરી છે. અમેરિકાએ દાવો કર્યો છે કે, ‘અમે યુક્રેન યુદ્ધ ખતમ કરવા માંગીએ છીએ. આ કારણસર અમે આ નિર્ણય લીધો છે.’ બીજી તરફ, ટ્રમ્પે કહ્યું છે કે, ‘રશિયન પ્રમુખ પુતિન વાતચીત કરવામાં પણ, અમારી આશા પ્રમાણે, પ્રામાણિક અને સ્પષ્ટ ન હતા. તેમની સાથે વાતચીત આગળ વધારીને અમે નિરાશ છીએ.’

સ્કોટ બેસેન્ટના જણાવ્યા અનુસાર, ટ્રમ્પ અને પુતિન વચ્ચે એક અનૌપચારિક સમજૂતી થઈ હતી. આ ડીલ હેઠળ, રશિયાએ તેલના ભાવ નીચા (લગભગ 60-65 ડોલર પ્રતિ બેરલ) જાળવી રાખવાના હતા. તેના બદલામાં, અમેરિકા રશિયા પર નવા પ્રતિબંધો લાદવા જેવા મુદ્દાઓ પર નરમ વલણ અપનાવવાનું હતું.















# બ્રામ્પ્ટન ગુજરાતી સિનિયર્સ ક્લબની બેઠક : ભજનો-ફિલ્મી ગીતો ગવાયા

## દિપાવલીના ઉત્સવમાં વર્તાતા તફાવત અંગે નાટીકા રૂપે રજૂઆત, સભ્યોના જન્મદિવસની કેક કાપી ઉજવણી








બ્રામ્પ્ટન : ગુજરાતી સિનિયર્સ ક્લબ બ્રામ્પ્ટનની ઓક્ટોબર માસની મિટિંગ તા.12ના રોજ બપોરે 2.00 કલાકે યોજાઈ હતી. સમૂહ પ્રાર્થના તથા ભજનથી શરૂ થયેલા કાર્યક્રમમાં હસમુખભાઈ પટેલે ભોજનના મનોરથી ડૉ. પ્રદ્યુમન ભટ્ટનો ક્લબ વતી આભાર માન્યો હતો. ચેરમેન નગીનભાઈ અને કલાવતીબેન ટેલર સ્વાસ્થ્યની સમસ્યાને કારણે ઘણા લાંબા સમય બાદ આ મિટિંગમા હાજર રહ્યા હતા. ચેરમેને એમના પ્રવચનમાં ક્લબનો વહીવટ પારદર્શક તથા સક્ષમ રીતે થાય તે અંગેના જરૂરી સૂચનો આપીને ક્લબના સુંદર ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી. વર્ષાબેન તથા અરુણભાઈએ “ઓ સનમ તેરે હો ગયે હમ” ગીત પર નૃત્યની પ્રસ્તુતિ કરી દીપાવલીના ઉત્સવની ઉજવણી નવા અને જુના જમાનામા કઈ રીતે થાય છે, તેની નાટીકા રૂપે રજુઆત કરી હતી.

ડૉ. પ્રદ્યુમ્ન ભટ્ટે કર્ણ અંગેની માહિતી આપતા જણાવ્યું હતું કે, જો કર્ણે ધાર્યું હોત તો અત્યંત ઝેરી સાપ અશ્વસેનની મદદથી દગો કરી મહાભારતના યુદ્ધમાં અર્જુનને પરાજય અપાવી શક્યો હોત. પણ માનવતાના ગુણને તે વરેલો હતો, તેથી કપટ કરી વિજય પ્રાપ્ત કરવાનું તેને પસંદ ન હતું. ત્યારબાદ પવનપુત્ર હનુમાને દાનવીર કર્ણની ધર્મપાલન અંગે લીધેલી પરીક્ષાની વાત કરતાં તેમણે કહ્યું હતું કે, અધર્મીનો લીધેલો પક્ષ ધર્મના માર્ગને ઢાંકી દે છે. અંતે તેમણે હળવી રમુજ દ્વારા કલબના સભ્યોના મુખ ઉપર હાસ્યનું મોજું રેલાવી દીધું હતું.

મયુરીબેન દેસાઈએ લય બદ્ધ રીતે દીપ નૃત્યની અને ચંચલબેન પ્રજાપતિએ “પેરો મે બંધન હે પાયલને મચાયા શોર”ના ગીતની ધૂન ઉપર નૃત્યની રજૂઆતની સૌએ મજા માણી હતી. કુસુમબેન પટેલે દિવાળીના પાવન પર્વની મહત્તા સમજાવતા જણાવ્યું કે, મનુષ્યમાં માનવતા ન હોય તો તે મનુષ્યના દુર્ગુણો તથા અંધકારનુ પ્રતીક છે, જયારે સદગુણોએ પ્રકાશ (દિપક) નું પ્રતીક છે. મનુષ્યમા રહેલા કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને ઈર્ષા જેવા દુશ્મનો ઉપર વિજય મેળવવા મનુષ્યએ પ્રયત્નશીલ તો રહેવુ જ પડે. વિશ્વમાં કેટલીક જગ્યાએ કેટલાય નિર્દોષ બાળકો, યુવાનો તથા માતાઓના લોહી રેડાઈ રહ્યા છે, ત્યારે પરમેશ્વર સહુને બચાવે તેવી પ્રાર્થના કરીએ.

જે બાજ તેણીએ કવિતાની પંક્તિઓ ટાંકતા કહ્યું કે “ ચાલો સાથે મળીને આપણે ભગવાનના વારસ બની જઈએ, શરત એટલી કે સૌ પ્રથમ માણસ બની જઈએ.” જસભાઈ પટેલે જનરલ માણેક શાહ જ્યારે કુન્નુર લશ્કરી હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા હતા ત્યારે ડૉ. અબ્દુલ કલામ સાથે બંને મહાન વ્યક્તિની થયેલ મુલાકાતના પ્રસંગે બંનેએ દાખવેલી તેમની મહાનતાનું વર્ણન કર્યું હતુ. ઈશ્વરભાઈ પટેલે જુના હિન્દી ફિલ્મોના કર્ણ પ્રિય ગીતોની રજૂઆત કરી સૌને આનંદથી તરબોળ કરી દીધા હતા. સભ્યોના જન્મદિવસ નિમિત્તે કેક કાપી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. કાંતિભાઈ મિસ્ત્રીએ આવેલ ડોનેશનની રજૂઆત અને અરવિંદભાઈ પટેલે મિટિંગમાં હાજર રહેલા સભ્યો તથા પ્રોગ્રામના વક્તાઓ અને ભોજનના મનોરથી ડૉ. પ્રદ્યુમન ભટ્ટનો ક્લબ વતી આભાર માન્યો હતો. અંતમા શ્રીખંડ, પુરી, ઊંધિયું, બટાકાવડા, દાળભાત તથા મીઠાઈનુ રસ મધુર ભોજન આરોગી સૌ છુટા પડ્યા હતા.

# ગાર્ડિનર એક્સપ્રેસ-વેનું બાંધકામ હવે પૂર્ણ થશે

### પ્રોજેક્ટ માટે નિર્ધારિત સમય કરતા ઝડપી કામગીરી

**ટોરોન્ટો**

ગાર્ડિનર એક્સપ્રેસ-વેના મુખ્ય ભાગનું બાંધકામ મહિનાના અંત સુધીમાં પૂર્ણ થશે. ગાર્ડિનરનું બાંધકામ શહેરમાં એક દુર્લભ બાંધકામની સિદ્ધિ રહી છે, જે સતત સમયપત્રકથી આગળ વધી રહી છે, જ્યારે અન્ય મોટા પ્રોજેક્ટ્સ પાછળ રહી ગયા છે.

ઉનાળામાં પ્રાંતીય અને શહેરના અધિકારીઓએ જણાવ્યું હતું કે, તેઓ ડફરિન સ્ટ્રીટથી સ્ટ્રેચન એવન્યુ સુધીના ગાર્ડિનર ઉપરના બાંધકામને કુલ 1.5 વર્ષ ઘટાડી દેવામાં સફળ થયા છે. હવે, પરિવહન મંત્રાલય કહે છે કે તે આ મહિને પૂર્ણ થવું જોઈએ. પરિવહન મંત્રી પ્રબમીત સરકારિયાએ જણાવ્યું હતું કે, “અમે ગીચતામાં ફસાઈ જવાની હતાશા સમજીએ છીએ. ખાસ કરીને ટોરોન્ટોમાં જ નહીં, પરંતુ સમગ્ર ઓન્ટેરિયોમાં સૌથી મહત્વપૂર્ણ કોરિડોર અને રસ્તાઓ પર આ સમસ્યા અનેક લોકોને સતાવી રહી છે. પ્રજાને આ સમસ્યાથી રાહત મળે તેથી અમે 24-7 બાંધકામ કર્યું છે. ગયા વર્ષે ભીડની ચિંતાઓનો સામનો કરીને સરકારિયાએ 24 કલાક બાંધકામનો વિચાર રજૂ કર્યો હતો. પ્રાંતે આખરે ટોરોન્ટોને રસ્તાના પુનર્વસનના ખર્ચ માટે $73 મિલિયનની ઓફર કરી હતી. પરંતુ શરત એ હતી કે, તે ગાર્ડિનર એક્સપ્રેસવે પર અઠવાડિયાના સાતેય દિવસ 24 કલાક બાંધકામને લીલી ઝંડી આપે. ગાર્ડિનર એક્સપ્રેસવેના અન્ય ભાગોને ભવિષ્યના વર્ષોમાં હજુ પણ અપડેટ કરવાની જરૂર પડશે.










# ભજનો, ગરબા અને સંગીતના સથવારે GSSMનો યાદગાર કેમ્પ

## પાંચ દિવસ દરમ્યાન સભ્યોએ સાંસ્કૃતિક કાર્યક્રમ તેમજ રમતોમાં ભાગ લઈ સભ્યોએ આનંદ લૂંટ્યો

### સભ્યોએ નાટક, યોગાભ્યાસ, અંતાક્ષરીની મજા માણી, ડીસ્કો ડાન્સ, પિતૃ તર્પણ, સભ્યોની વર્ષગાંઠની ઉજવણી જેવા કાર્યક્રમ યોજાયા

**ઓન્ટેરિયો**







ગુજરાતી સીનીયર સમાજના સભ્યોનો કેસવેલ રીસોર્ટ, સન્ડરીઝનો કેમ્પ 7 સપ્ટેમ્બરથી 11 સપ્ટેમ્બર દરમિયાન આયોજકો મુકેશભાઈ ગાજરીયા અને તેના સાથી સભ્યોના માર્ગદર્શન હેઠળ યાજોયો હતો. ૭ તારીખે સવારે સૌ એક સ્થળે ભેગા થયા બાદ નક્કી કરેલા સ્થળે જવા રવાના થયા હતા. સૌ પ્રથમ સૌ હંટસ્વીલ ઈસ્કોન મંદિરે પહોંચ્યા હતા. જ્યાં ભગવાનના દર્શન અને મહાપ્રસાદીનો લાભ મેળવ્યો હતો. જે બાદ તેઓ કેમ્પના સ્થળે પહોંચ્યા હતા. આ સમયે સુંદર સ્થળ અને સાનુકૂળ વાતાવરણ કેમ્પના લાભાર્થી માટે સહાયક બન્યું હતુ. સમગ્ર આયોજન અનુભવી અને મિલનસાર સ્વભાવના સમાજના જ સભ્યો દ્વારા કરવામાં આવ્યું હોવાથી નાનામાં નાની બાબતની કાળજી સાથે આનુષંગિક તૈયારી કરાઈ હતી. તમામ સાંસ્કૃતિક કાર્યક્રમોના આયોજનમાં ઓડીયો સિસ્ટમની વ્યવસ્થા સમાજના પ્રમુખ મહિન્દ્રભાઈએ કાયમની માફક ઉભી કરી હતી. આયોજન મુજબ દૈનિક ચા-કોફી, નાસ્તો અને બંને સમયના સ્વાદિષ્ટ ભોજનની વ્યવસ્થા થતાં સભ્યોએ આનંદ વ્યક્ત કર્યો હતો. કેમ્પમાં પહેલી વાર રાજુભાઈ મહારાજની સેવા મળી હતી. કેમ્પમાં ઘણાં દાતાઓએ તમામને માટે ભોજન, નાસ્તો, ફળો, આઈસ્ક્રિમ તેમજ ચોકલેટ કેડબરીની વ્યવસ્થા કરી હતી. આ ઉપરાંત રોકડ રકમનું દાન જાહેર કરાયું હતુ. કેમ્પમાં ચાર રાત્રી અને પાંચ દિવસ દરમ્યાન સભ્યો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ તેમજ રમતોમાં ભાગ લઈ આનંદ માણવામાં આવ્યો હતો. કેમ્પ દરમિયાન એકબીજા સાથે પરિચય ગાઢ બને તે માટે પ્રયાસ કરાયા હતા.

કેમ્પ દરમ્યાન વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ કરાઈ હતી. જેમાં માતા યમુનાજીની આરતી અને ભજન, સભ્યોની વર્ષગાંઠની ઉજવણી, સર્વ પિતૃ શ્રાદ્ધના દિને પિતૃ તર્પણ અને પ્રાર્થના, નાટક અને રાસ ગરબાની રમઝટ, હળવા કંઠય સંગીત, ફિલ્મી ગીતોની પ્રસ્તુતિ, રાત્રીના કેમ્પ ફાયર, બોલી ફીટ અને યોગાભ્યાસ, અંતાક્ષરીની મજા, ડીસ્કો ડાન્સ વગેરેનો આનંદ માણવાનો અવસર સભ્યો માટે યાદગાર બની રહ્યો હતો. કેમ્પના સ્થળે નૌકાવિહાર કરી સૌએ આનંદ માણ્યો હતો. બધા સભ્યો સિનિયર હોવા છતાં સમયે સમયે મોકો મળ્યે બાળપણની યાદો પણ તાજી કરતા રહ્યા હતા. ગુજરાતી સિનિયર સમાજ માટે જેમણે કેમ્પની શરૂઆત કરેલી તેવા સમાજના મોભી કનુભાઈ પટેલની કેમ્પમાં હાજરી અને તેમની દોરવણી અને માર્ગદર્શન કેમ્પને જીવંત બનાવવા માટે પૂરતું રહ્યા હતા. અંતે કેમ્પને સફળ બનાવવા માટે સહકાર આપવા બદલ સર્વેનો આભાર માનવામાં આવ્યો હતો. લાભાર્થી સભ્યો વતી પણ આયોજકોના પ્રયાસોની સરાહના કરાઈ હતી. 11 સપ્ટેમ્બરે બપોર બાદ કેમ્પ પૂરો થતાં સૌ મિસીસાગા પરત આવવા રવાના થયા હતા. આ દરમિયાન રસ્તામાં કરબી બીચની મુલાકાત કરાઈ હતી. જ્યાં કેટલાક સભ્યોએ રમતગમતના સાધનોનો ઉપયોગ કરી બાળપણ જેવી સહજતાથી રમતો રમી હતી.

# કેનેડાથી ડિપોર્ટ થતાં નાગરિકોમાં ભારતીયોની સંખ્યામાં સતત વધારો

**ટોરન્ટો**

2025થી એક રિવર્સ ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે જેમાં કેનેડાથી પાછા મોકલવામાં આવતા ઈન્ડિયન્સની સંખ્યા સતત વધી રહી છે. 2019થી કેનેડાથી પાછા મોકલવામાં આવી રહેલા ઈન્ડિયન્સની સંખ્યા સતત વધી રહી છે.

2019માં કેનેડાથી ડિપોર્ટ કરાયેલા ઈન્ડિયન્સનો આંકડો માંડ 625 રહ્યો હતો જ્યારે 2024માં તેમાં ત્રણ ગણો વધારો નોંધાયો હતો અને ચાલુ વર્ષમાં 28 જુલાઈ સુધીમાં જ કેનેડાથી પાછા મોકલી દેવાયેલા ઈન્ડિયન્સની સંખ્યા 1,891 સુધી પહોંચી ગઈ હતી, મતલબ કે 2025 પૂરું થતાં આ નંબર્સ પાંત્રીસોથી ચારેક હજાર સુધી પહોંચી જાય તેવી પણ શક્યતા છે.

2025માં કેનેડાથી ડિપોર્ટ કરાયેલા લોકોમાં 2,678ના આંકડા સાથે મેક્સિકન્સ ટોપ પર રહ્યા હતા જ્યારે તેમના પછી ઈન્ડિયન્સનો નંબર આવતો હતો. 2024માં પણ કેનેડાથી 1,997 ઈન્ડિયન્સને ઘરભેગાં થવાની ફરજ પાડવામાં આવી હતી અને ગયા વર્ષેય 3,683 ડિપોર્ટેશન સાથે મેક્સિકો ટોપ પર હતું જ્યારે 981 સાથે કોલંબિયા ત્રીજા નંબરે રહ્યું હતું. કેનેડાના પ્રાઈમ મિનિસ્ટર માર્ક કર્નીએ તાજેતરમાં જ ટોરન્ટોમાં પત્રકારો સાથે વાત કરતા જણાવ્યું હતું કે કેનેડાની સરકાર ફોરેન ક્રિમિનલ્સને ડિપોર્ટ કરવા પર ખાસ ધ્યાન આપી રહી છે. મતલબ કે કેનેડિયન ગવર્મેન્ટ સ્પષ્ટ કરી ચૂકી છે કે ક્રિમિનલ ફોરેનર્સનું હવે ઝડપથી ડિપોર્ટેશન થશે.






તંત્રી સ્થાનેથી

# બિહારમાં ચૂંટણી જંગ : પ્રજાના મુદ્દાઓ સાથે જાતિગત સમીકરણો પર પરિણામનો મદાર

બિહારમાં ૬ નવેમ્બર અને ૧૧ નવેમ્બરના રોજ બે તબક્કામાં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. આ વખતે ભાજપ અને જેડીયુના ગઠબંધનની સામે આરજેડી અને કોંગ્રેસ ગઠબંધન મેદાને પડયા છે. આ ઉપરાંત પ્રશાંત કિશોર રચિત જન સ્વરાજ પાર્ટીએ પણ તમામ બેઠકો પર ઝંપાલાવ્યું છે. ચારેક માસ પહેલાં રાજ્યમાં NDA અને મહાગઠબંધન વચ્ચે મુકાબલો માનવામાં આવી રહ્યો હતો. જો કે, પ્રશાંત કિશોરની જન સ્વરાજ પાર્ટીને છેલ્લાં બે મહિનામાં મળેલા વ્યાપક જનસમર્થનને પગલે અહીં હવે પીકે પણ મેદાનમાં દેખાય રહ્યા છે. જન સ્વરાજ પાર્ટીને કારણે અહીં અનેક બેઠકો પર ત્રિપાંખીયો જંગ ખેલાય તેવી શકયતા છે. આ ઉપરાંત અનેક બેઠકના પરિણામમાં પીકેની પાર્ટીની ભૂમિકા મહત્વની રહેશે તેમ પણ રાજકીય પંડિતો માની રહ્યા છે.



તંત્રી - સ્વદેશ

NDAમાં JDU, BJP, LJP (R), જીતન રામ માંઝીની HAM (સેક્યુલર) અને ઉપેન્દ્ર કુશવાહાની રાષ્ટ્રીય લોક મોરચા જેવી પાર્ટીઓનો સમાવેશ થાય છે. જ્યારે મહાગઠબંધનમાં આરજેડી, કોંગ્રેસ, સીપીઆઈ, સીપીએમ, સીપીઆઈ (એમએલ), વિકાસશીલ ઈન્સાન પાર્ટી (વીઆઈપી), જેએમએમ અને નેશનલ એલજેપીનો સમાવેશ થાય છે. અસદુદ્દીન ઓવૈસીનો પક્ષ AIMIM બંનેમાંથી કોઈ પણ ગઠબંધનનો ભાગ નથી. હાલમાં જ કોંગ્રેસના વરિષ્ઠ નેતા અશોક ગેહલોતે લાલુ પ્રસાદ યાદવ અને તેજસ્વી સાથે બેઠક યોજી હતી. બેઠકમાં બિહાર કોંગ્રેસ પ્રભારી કૃષ્ણા અલ્લાવરુ પણ હાજર હતા. અત્યાર સુધી કોંગ્રેસમાં તેજસ્વી યાદવને મુખ્યમંત્રી ચહેરા તરીકે પ્રોજેક્ટ કરવામાં ખચકાટ હતો. પરંતુ તે હવે દૂર થઈ ગયો છે. બિહારમાં RJD 143, કોંગ્રેસ 43 બેઠકો ઉપર ચૂંટણી લડશે. જ્યારે બીજી તરફ NDAમાં ભારતીય જનતા પાર્ટી અને JDU, 101-101 બેઠકો ઉપર ચૂંટણી લડશે અને અન્ય સાથી પક્ષો 41 બેઠકો પર ચૂંટણી લડશે. બિહારની ચૂંટણીમાં જાતીગત સમીકરણે હંમેશા નિર્ણાયક ભૂમિકા ભજવી છે. તેમાંય ઈકોનોમિક બેકવર્ડ ક્લાસ અને મહાદલિત જેવા મોટા મુદ્દા ખૂબ જ મહત્વના છે. બિહારના રાજકારણમાં સૌથી મોટું નામ યાદવોનું આવે છે. બિહારમાં તેમની વસતી અંદાજે ૧૪.૩ ટકા છે. આ યાદવ વોટ સૌથી વધારે આરજેડી સાથે જોડાયેલા છે. તેઓ પહેલાં લાલુ યાદવ અને હવે તેજસ્વી યાદવ સાથે પણ એટલા જ પ્રામાણિકતાથી જોડાયેલા છે. મુસ્લિમ વોટ અને યાદવ વોટનું જે સમીકરણ બને છે તેના કારણે જ વિધાનસભા ચૂંટણીમાં આરજેડીનો હાથ કાયમ ઉપર રહે છે. સમુદાયોની વાત કરીએ તો, બિહારમાં હિન્દુ સવર્ણોની વસતી ૧૫.૫ ટકા છે. રાજકીય રીતે તે પણ મહત્વના છે. બિહારમાં ઓબીસીનું રાજકારણ શરૂ થયું, તેના પહેલાં સુધી હિન્દુ સવર્ણો જ સત્તાના કેન્દ્રમાં રહેતા હતા. આઝાદી પછી ઘણા લાંબા સમય સુધી તેઓ કોંગ્રેસની પડખે રહ્યા હતા. ત્યારબાદ લાલુના કાર્યકાળમાં ઓબીસીનું બળ વધ્યું અને કોંગ્રેસનું પતન થયું. ત્યારથી આ વર્ગ હાંસિયામાં ધકેલાઈ ગયો હતો. હાલના સમયમાં રાજપૂત, બ્રાહ્મણ, ભૂમિહાર, કાયસ્થ જેવા મતદારાઓ એનડીએની પડખે હોય છે. ઘણી બેઠકો ઉપર તેમની સંખ્યા કદાચ વત્તાઓછા પ્રમાણમાં હશે પણ બેઠકના સમીકરણમાં તેમનું મોટું મહત્ત્વ છે. બિહારમાં મુસ્લિમ વસતી ૧૭.૭ ટકા છે. તેઓ પણ ચૂંટણીને નિર્ણાયક તબક્કે લઈ જવાની ક્ષમતા ધરાવે છે. પારંપરિક રીતે આ સમુદાય મોટાભાગે લાલુના પક્ષને અને તેમના ગઠબંધનને જ પ્રાધાન્ય આપે છે. ગત વિધાનસભામાં ચિત્ર થોડું બદલાયું હતું. ખાસ કરીને સિમાંચલ વિસ્તારોમાં મુસ્લિમ સમુદાયો દ્વારા ઓવૈસીની પાર્ટીને વધારે મત આપવામાં આવ્યા હતા અને તેના કારણે ગઠબંધનને નુકસાન થયું હતું. ઓવૈસીએ અહીંયા પાંચ બેઠકો જીતી હતી. તેના કારણે જ ઓવૈસીનો પક્ષ કિંગમેકરની ભૂમિકામાં આવી ગયો હતો. આ વખતે આ સમુદાયના વોટ વહેંચાય નહીં, તેના માટે મહાગઠબંધન ખૂબ જ પ્રયાસ કરી રહ્યું છે. આ ઉપરાંત લવ-કુશ તરીકે જાણીતો સમુદાય એટલે કે કુર્મી-કુશવાહાની વસ્તી અનુક્રમે ૨.૮ ટકા અને ૪.૨ ટકા છે. આ સમુદાયો પણ ઓબીસીમાં જ આવે છે. એક સમયે આ સમુદાયો એટલા મજબૂત હતા કે, હિન્દુ સવર્ણોની સંખ્યા વધારે હતી, છતાં રાજકીય સ્પર્ધા પૂરી પાડતા હતા. લાલુના કાળમાં આ સમુદાયોને હાંસિયામાં ધકેલી દેવાયા હતા. તેથી તેઓ આરજેડીથી નારાજ છે. નીતીશ કુમારે કુર્મી સમુદાયના નેતા તરીકે આ સ્થિતિનો લાભ લીધો અને એક મજબૂત રાજકીય અને સામાજિક મંચ ઊભો કર્યો. આ સમીકરણ સાધીને તેઓ એક દાયકાથી વધારે સમયથી બિહારના સત્તાની ડોર પોતાના હાથમાં લઈને બેઠા હતા. ધાનુક જેવા નાના સમુદાયો પણ તેમને સમર્થન આપે છે. તેના કારણે નીતીશનો પક્ષ વધારે અને વધારે મજબૂત થતો જાય છે. હાલમાં ઉપમુખ્યમંત્રી સમ્રાટ ચૌધરી પણ કુશવાહા સમુદાયના જ છે જે આગામી ચૂંટણીમાં આ સમુદાયના વોટ ખેંચી લાવવામાં મદદ કરશે તેવી એનડીએ ગઠબંધનને આશા છે. જાણકારોના મતે પાસવાન અને દુસાધ જાતીઓ પણ દલિત સમુદાયમાં આવે છે. તેઓ ચિરાગ પાસવાનના સમર્થક છે. ૨૦૨૦ની વિધાનસભામાં ચિરાગની એલજેપી દ્વારા મજબૂત પ્રદર્શન કરવામાં આવ્યું હતું અને તેના કારણે નીતીશ કુમારની જેડીયુની બેઠકોનું ખૂબ જ ધોવાણ થયું હતું. જેડીયુના ફાળે ૪૩ બેઠકો જ આવી હતી. જે તેની પહેલાની ચૂંટણીમાં ૭૧ બેઠકો જીતી હતી. ગત વિધાનસભા ચૂંટણીએ ફરી એક વખત સ્પષ્ટ કરી દીધું હતુ કે, કોઈપણ ગઠબંધનની જીત કે હાર નક્કી કરવા માટે પાસવાન-દુસાધ વોટબેંક ખૂબ જ મહત્ત્વની બની જાય છે. રવિદાસ અને ચમાસ સમુદાયની વસતી બિહારમાં અંદાજે પાંચ ટકા જેવી છે. આ સમુદાયની નબળાઈ એ છે કે, તેમાં ક્યાંય સંપ જોવા મળતો નથી. આ સમુદાયમાં બધાને ભેગા રાખી શકે તેવો કોઈ મજબૂત નેતા કે કેન્દ્રીય વ્યક્તિ નથી. એટલે મતો વહેચાય જાય છે. જાણકારોના મતે બિહારના રાજકારણમાં મુસહર સમુદાય જે અનુસુચિત જાતીમાં આવે છે તેમાં મોટાભાગે ગરીબ અને વંચિત સમુદાય છે. બિહારમાં તેમની વસતી અંદાજે ૩.૧ ટકા જેટલી છે. તેમની વસતી જ ખૂબ જ નાની છે. આ સમુદાય પારંપરિક રીતે પોતાના સૌથી મોટા અને પ્રભાવશાળી નેતા જીતન રામ માંઝીને મુક્તમને સમર્થન આપતા હોય છે. માંઝીની પાર્ટી જેની સાથે પણ ગઠબંધનમાં જોડાય છે તેમને આ સમુદાય દ્વારા સમર્થન આપવામાં આવતું હોય છે. બીજી તરફ બિહારમાં વણિકોની વસતી પણ વધારે છે. તેઓ કુલ વસતીના ૧૩.૧ ટકા જેટલા છે. તેઓ મોટાભાગે બિઝનેસ સાથે જ જોડાયેલા છે. વણિકોમાં પણ તેલી (અંદાજે ૨.૮ ટકા), કાનૂ (૨.૨ ટકા), જેવી પેટા જાતી છે. તેઓ અત્યંત પછાત સમુદાયમાં સ્થાન ધરાવે છે. તેમની વચ્ચે રહેલા આ ભેદભાવને કારણે જ વણિક સમુદાય ક્યારેય ભેગો થઈને કે એકજૂથ થઈને મોટી વોટબેન્ક હોવા છતાં તે રીતે કામ કરી શકતો નથી.

અનુસંધાન પાના 18 પર

manoj1968@yahoo. ca






# પાદરા એપીએમસી ચૂંટણીના પડઘા : સાધી ગામે બે જૂથ વચ્ચે દિવાળીની રાત્રે અથડામણ

**વડોદરા**

સાધી ગામમાં રહેતા યોગેશ પરમારે ઉપેન્દ્ર ઉર્ફે રમેશભાઈ પટેલ, અભિષેક મયુર પટેલ, અક્ષય પટેલ સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે રાત્રે હું તેમજ મારા પિતરાઈ ભાઈઓ અને મિત્રો ગામના તળાવની પાસે ફટાકડા ફોડતા હતાં. આ વખતે તળાવ પાસે સરપંચ અંજનાબેનના પતિ ઉપેન્દ્ર ઉર્ફે નાનભાઈ નજીક આવ્યા હતા તેઓ નશો કરેલી હાલતમાં જણાતા હતાં. તેમણે આવીને અમને જણાવેલ કે તમારામાં તાકાત હોય તો મારા બુલેટ પર બોંબ ફોડી બતાવો તેમ કહી ઝપાઝપી કરી હતી. ઝઘડો થતાં તેની સાથેના કેટલાંક લોકો ઉપેન્દ્રને બુલેટ પર લઇ ગયા હતા અને થોડા સમય બાદ અન્ય લોકોએ ધમકી આપી હતી.

સામા પક્ષે અભિષેક મયુર પટેલે ગામમાં રહેતા નયનેશ ઉર્ફે નારણ પ્રફુલભાઈ પટેલ, સંજય અમરસંગ, કરણ સંજયભાઈ અને હેમંત અજીતભાઈ જાદવ સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે હું આણંદની કોલેજમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે નોકરી કરું છું. સોમવારે રાત્રે ફટાકડા લેવા હું પાદરા જતો હતો ત્યારે મિત્ર સપનનો ફોન આવેલ કે ઉપેન્દ્ર સાથે ઝઘડો થયો છે તું પરત આવી જા જેથી હું પરત આવ્યો ત્યારે રણછોડબાગ પાસે ટોળું ભેગું થયું હતું. આ વખતે ઉપરોક્ત આરોપીઓ ધમકીઓ આપી ઝપાઝપી કરતા હતાં. તા.૧૮ના રોજ પાદરા એપીએમસીની ચૂંટણીમાં મારા પિતા વિજેતા થયા હતા અને સામા પક્ષે ભાસ્કર પ્રફુલભાઈ પટેલના પત્ની હિનાબેન હારી ગયા હતા તે વખતે અમે ગામમાં વિજેતા સરઘસ કાઢ્યું તેની અદાવત રાખી વાતાવરણ બગાડયું હતું.

# વિરમગામના પૂર્વ ધારાસભ્ય વજુભાઈ ડોડીયાનું નિધન થતાં શોકનો માહોલ

**વિરમગામ**



વિરમગામ વિધાનસભા બેઠકના પૂર્વ ધારાસભ્ય અને સહકારી ક્ષેત્રના પીઢ અગ્રણી વજુભાઈ ડોડીયાનું 75 વર્ષની વયે ટૂંકી માંદગી બાદ ગત મોડી રાત્રે (20 ઓક્ટોબર) દુઃખદ અવસાન થયું છે. તેમના નિધનના સમાચાર મળતા જ સમગ્ર રાજકીય, સહકારી અને નાડોદા રાજપૂત સમાજમાં ઘેરા શોકની લાગણી ફેલાઈ ગઈ છે. ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ અને સહકારી આગેવાનો તેમના નિવાસસ્થાને પહોંચ્યા હતા. આજે તેમના નિવાસસ્થાન ખાતેથી અંતિમયાત્રા કાઢવામાં આવી હતી. વજુભાઈ ડોડીયા વર્ષ 2002 થી 2007 દરમિયાન ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્ય તરીકે વિરમગામ-સાણંદ વિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યું હતું. રાજકારણ ઉપરાંત તેઓ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સ્વયંસેવક, ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અગ્રણી અને શ્રી નાડોદા રાજપૂત સમાજના એક આદરણીય વડીલ બંધુ તરીકે પણ સક્રિય હતા. તેમની સાદગીપૂર્ણ છબી, નિષ્ઠા અને જનસંપર્કને કારણે તેઓ તેમના વિસ્તારમાં અત્યંત લોકપ્રિય હતા.

# સાબરકાંઠા જૂથ અથડામણ મામલે તાબડતોબ કાર્યવાહી : PI સસ્પેન્ડ

**સાબરકાંઠા**

પ્રાંતિજ તાલુકાના મજરા ગામમાં શુક્રવારે (18 ઓક્ટોબર) રાત્રે એક ધાર્મિક કાર્યક્રમને લઈને જૂની અદાવતમાં બે જૂથો વચ્ચે ઉગ્ર અથડામણ થતાં હિંસા ફાટી નીકળી હતી. નજીવી બાબતે શરૂ થયેલો આ વિવાદ જોતજોતામાં પથ્થરમારા અને હુમલામાં ફેરવાઈ ગયો હતો. આ હિંસક અથડામણમાં લગભગ 20 જેટલા ગ્રામજનોને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી, જેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈને પોલીસ રાત્રે જ ઘટનાસ્થળે પહોંચી હતી અને મામલો થાળે પાડ્યો હતો. જોકે, હવે આ મામલે હવે સ્થાનિક પોલીસ સામે કાર્યવાહી કરવામાં આવી છે અને પ્રાંતિજ પીઆઈને બેદરકારીના કારણે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

આ સમગ્ર ઘટનામાં મોટી જૂથ અથડામણ દરમિયાન ફરજ પરના પ્રાંતિજ પીઆઈ (પોલીસ ઇન્સ્પેક્ટર) રશ્મિન દેસાઈની ગંભીર બેદરકારી સામે આવી છે.

પરિણામે, જિલ્લા એસપી દ્વારા પીઆઈ રશ્મિન દેસાઈને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.

# વડોદરામાં હિટ એન્ડ રન : નશામાં ધૂત નબીરાએ ફૂટપાથ સૂતેલા પરિવારને કચડ્યો, બાળકનું મોત

## કારમાંથી દારૂની બોટલ મળતાં જ ચાલકની અટકાયત કરાઈ

**વડોદરા**

વડોદરામાં મંગળવારે (21 ઓક્ટોબર) એક હૃદયદ્રાવક ઘટના બની છે, જ્યાં નશામાં ધૂત એક કારચાલકે બેફામ ગતિએ કાર હંકારીને ફૂટપાથ પર સૂતેલા એક શ્રમજીવી પરિવારને કચડી નાખ્યો હતો. આ ગમખ્વાર અકસ્માતમાં 4 વર્ષના એક માસૂમ બાળકનું ઘટનાસ્થળે જ કરુણ મોત નિપજ્યું હતું અને અન્ય 4 શ્રમિકો ઈજાગ્રસ્ત થયા હતા. મળતી માહિતી મુજબ, શહેરના અવધૂત ફાટક નજીક વિશ્વામિત્રી રોડ પર મોડી રાત્રે બની હતી. નશામાં ધૂત કારચાલક નીતિન ઝાએ પોતાનો કાબૂ ગુમાવી કાર ફૂટપાથ પર ચડાવી દીધી હતી. તેણે ફૂટપાથ પર સૂતા શ્રમિક પરિવારને કચડી નાંખ્યા હતા. આ અકસ્માતમાં 4 વર્ષના માસૂમ બાળક ઉપર કારના પૈડાં ફરી વળતાં તેનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. મૃતક બાળકનું નામ નીતિન હોવાનું સામે આવ્યું છે. આ સિવાય સોનિયાબહેન અને આશાબહેન સહિતના અન્ય 4 લોકો ઈજાગ્રસ્ત થયા છે. અકસ્માત સર્જીને કારચાલક નીતિન ઝા કાર લઈને ભાગી છૂટ્યો હતો. જોકે, ત્યાં હાજર લોકોએ તેનો પીછો કરીને તેને અક્ષર ચોક પાસે ઝડપી પાડ્યો હતો અને તેને બરાબરનો મેથીપાક ચખાડ્યો હતો. આ દરમિયાન પોલીસ સ્થળ પર પહોંચી હતી અને કારની તપાસ કરતા તેમાંથી વિદેશી દારૂની બોટલો મળી આવી હતી, જે પોલીસે કબ્જે કરી છે. આ અંગે પોલીસને જાણ થતા પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને આરોપી નીતિન સામે ગુનો દાખલ કરી તેની અટકાયત કરી છે.

# કલોલ ખાતે સંતાન પ્રાપ્તિની લાલચમાં 6 માસના બાળકનું અપહરણ, કલાકોમાં ગુનાનો ભેદ ખુલ્યો

**કલોલ**

કલોલ નજીક છત્રાલ રોડ પર પાનોટ ગામની સીમમાં રહેતા એક પરિવારના માત્ર 6 માસના બાળક શાહરુખનું દિવાળીના તહેવાર દરમિયાન ખરીદી કરીને પરત ફરતી વખતે અપહરણ થયાની ચકચારી ઘટના સામે આવી હતી. જોકે ગાંધીનગર પોલીસે ગણતરીના કલાકોમાં અપહરણનો ભેદ ઉકેલી અજાણી મહિલાના ચુંગલમાંથી બાળકને હેમખેમ છોડાવ્યો હતો. કલાબહેન મીર તેમના પરિવાર સાથે કલોલ ફરવા ગયા હતા અને બપોરે આશરે 2.30 વાગ્યાના અરસામાં છત્રાલ બ્રિજ નજીક લસ્સીની લારી પાસે બેઠા હતા. કલાબહેન બામ લેવા મેડિકલ સ્ટોર તરફ ગયા હતા. આ દરમિયાન લીલા કલરની સાડી પહેરેલી એક અજાણી સ્ત્રી તેમના 6 માસના પુત્ર શાહરુખને લઈને છત્રાલ બ્રિજ તરફ જતી રહી હતી. કલાબહેન પરત આવતાં બાળક ન મળતાં અપહરણની જાણ થઈ હતી. ફરિયાદના આધારે કલોલ તાલુકા પોલીસ, LCB, SOG અને સાયબર સર્વેલન્સની ટીમો તાત્કાલિક કામે લાગી હતી. પોલીસે CCTV ફૂટેજ અને હ્યુમન ઇન્ટેલિજન્સના આધારે તપાસ શરુ કરી હતી. ફૂટેજમાં દેખાતી મહિલા અગાઉ છત્રાલની ગેલેક્સી સોસાયટીમાં રહેતી અને તેનું નામ મધીબહેન નાયક હોવાની માહિતી મળી હતી. પોલીસે 18 કલાકની જહેમત બાદ આરોપી મધીબહેન નાયક(ઉ.વ. 40)ને મેડા આદરજ ખાતેથી ઝડપી પાડી હતી અને અપહૃત બાળક શાહરુખનો હેમખેમ છુટકારો કરાવ્યો હતો. પોલીસ પૂછપરછમાં આરોપી મધીબહેન નાયકે કબૂલાત કરી કે, તેમને સંતાન ન હોવાથી સંતાન પ્રાપ્તિની લાલસામાં તેમણે આ કૃત્ય આચર્યું હતું. પોલીસે મધીબહેન નાયકને પકડી પાડી બાળકને તેના માતા-પિતા કલાબહેન મીરને સુરક્ષિત રીતે સોંપી દીધો હતો.

# પંચમહાલના વાંટાવછોડા ગામમાં પુત્રએ કુહાડીના ઘા ઝીંકી પિતાની હત્યા કરી

**પંચમહાલ**

શહેરા તાલુકાના વાંટાવછોડા ગામમાં નજીવી બાબતે પુત્રએ પોતાના પિતાની ઘાતકી હત્યા કરી હોવાની ચકચારજનક ઘટના સામે આવી છે. પગી ફળિયામાં બનેલી આ ઘટનામાં પિતાએ ગાળો બોલવાની ના પાડતા આવેશમાં આવેલા પુત્રએ કુહાડીના ઘા ઝીંકી પિતાનું ઢીમ ઢાળી દીધુ હતું. મૃતક પ્રતાપ પગી અને તેમના પુત્ર અરુ પગી વચ્ચે લાંબા સમયથી જમીન બાબતે ઝઘડો ચાલી રહ્યો હતો. રવિવારે (20મી ઓક્ટોબર) ફરી આ મામલે બંને વચ્ચે બોલાચાલી થઈ હતી. ઝપાઝપી દરમિયાન અરુ ગાળાગાળી કરી રહ્યો હતો, ત્યારે પિતા પ્રતાપે તેને ગાળો બોલવાની સખત ના પાડી હતી. આ બાબતથી ગુસ્સે ભરાયેલા પુત્ર અરુએ આવેશમાં આવી જઈને ઘરમાંથી કુહાડી લઈ આવ્યો હતો. તેણે પિતા પ્રતાપના કાનના નીચેના ભાગે પાછળથી કુહાડીનો ઘા ઝીંકી દીધો, જેના કારણે પ્રતાપ પગીનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. આ બનાવની જાણ થતાં જ શહેરા તાલુકા પોલીસ મથકના પીઆઈ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયા હતા. પોલીસે મૃતદેહનો કબજો મેળવીને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે. હત્યા બાદ ફરાર થયેલા આરોપી પુત્ર અરુ પગીની ધરપકડ કરીને પોલીસે વધુ તપાસ હાથધરી છે.

# થરાદ : નર્મદા કેનાલમાં ડૂબી જવાથી 2 બાળકનો મોત

**થરાદ**

થરાદમાં નર્મદા કેનાલમાં ડૂબી જવાથી બે બાળકોનો મોત નીપજ્યા હોવાનું સામે આવ્યું છે. પાણી પીવા જતાં બાળકો કેનાલના ઊંડા પાણીમાં ડૂબ્યા હતા. સમગ્ર ઘટનાને લઈને સ્થાનિકોએ જાણ કરતાં પોલીસની ટીમ ઘટનાસ્થળે આવી પહોંચી હતી. મૃતક બાળકોના મૃતદેહને પીએમ અર્થે હોસ્પિટલ મોકલવામાં આવ્યા હતા. મળતી માહિતી મુજબ, થરાદના આજાવાડા ગામ નજીક બે બાળકો નર્મદા કેનાલમાં પાણી પીવા કિનારે ગયા હતા. આ દરમિયાન પગ લપસતાં બાળકો કેનાલમાં ડૂબ્યા હતા. કેનાલમાં પાણીનો પ્રવાહ વધારે હોવાથી બાળકો પાણીમાં તણાયા હતા. ઘટનાને લઈને સ્થાનિકો અને પોલીસ દ્વારા શોધખોળ કરીને બંને બાળકોના મૃતદેહને કેનાલમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. બાળકોના મૃત્યુને લઈને પરિવારમાં શોકનો માહોલ છવાયો છે.

# ડાકોર મંદિરમાં ગોવર્ધન પૂજા સાથે 151 મણ અન્નકૂટ લૂંટાયો

## બૂંદી, ભાત સહિત છપ્પન ભોગની સામગ્રી અન્નકૂટમાં મૂકાઇ : અગાઉ આમંત્રણ આપ્યા બાદ આસપાસના ગામોથી આવેલા ક્ષત્રિયભાઈઓએ અન્નકૂટ લૂંટી પરંપરા જાળવી



### ડાકોરમાં ઠાકોરજી વેપારી બન્યા ભક્તોએ લાખોની બોણી લખાવી

ડાકોર : ડાકોરના ઠાકોરજીના ચોપડે એકવાર દિવાળી બોણી લખાય તે ભક્તના વેપાર- ધંધામાં વૃદ્ધિ થાય છે. તેવી માન્યતાને આધારે દિવાળીની બોણી લખાવવા માટે પડાપડી થઈ હતી. એક લાખથી વધુ ભક્તોએ દિવાળીના પર્વે ઠાકોરજીના દર્શન કર્યા હતા. યાત્રાધામ ડાકોર મંદિરમાં દિવાળીના પર્વે ઝરીભરેલા વસ્ત્રો, હીરા- માણેકની માળા સહિત અમૂલ્ય આભૂષણોના શ્રૃંગાર ઠાકોરજીને કરાયા હતા.

ડાકોર: ડાકોરમાં દિવાળીના બીજા દિવસે એટલે કે બેસતા વર્ષના દિવસે, ગોવર્ધન પૂજા બાદ રાજાધિરાજ શ્રીરણછોડરાયજીને પરંપરા મુજબ ૧૫૧ મણનો ભવ્ય અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. આ અનોખા ઉત્સવમાં વર્ષોની પ્રથા મુજબ આસપાસના ૭૫ ગામના ક્ષત્રિય સમાજના લોકોને આ પ્રસાદ લેવા માટે આમંત્રિત કરવામાં આવ્યા હતા, જેમણે મંદિરના દ્વાર ખૂલતાની સાથે જ માત્ર ૧૧ મિનિટમાં સમગ્ર અન્નકૂટના પ્રસાદને 'જય રણછોડ'ના નાદ સાથે લૂંટી લીધો હતો. અન્નકૂટમાં કેસર, ચોખા, બેસન, મોરસ સહિતની વિવિધ વાનગીઓ, શુદ્ધ ઘીની મીઠાઈઓ, બુંદી, ભાત, જલેબી અને સફરજન જેવાં ફળોનો મહાપ્રસાદનો સમાવેશ કરાયો હતો. ખાસ કરીને ટોચ પર સવા કિલોનો બુંદીનો લાડુ પધરાવીને સજાવટ કરવામાં આવી હતી.

# શ્રીકષ્ટભંજનદેવને 8 કિલો સોનાના સુવર્ણ વાઘા પહેરાવાયા

## નૂતન વર્ષે સાળંગપુરમાં દાદાના સિંહાસનને ફૂલનો શણગાર કરાયો : સેંકડો ભક્તોએ બનાવેલો અન્નકૂટ ધરાવાયો

**સાળંગપુર**

યાત્રાધામ સાળંગપુરધામ સ્થિત શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિરે દિવાળીના પાવન પર્વ અને વિક્રમ સંવત 2082ના નૂતન વર્ષના શુભારંભ નિમિત્તે દિવ્ય અને ભવ્ય ઉત્સવ ઉજવાયો હતો. પ. પૂ. શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી(અથાણાવાળા)ની પ્રેરણા અને કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શન હેઠળ મંદિરમાં મોટી સંખ્યામાં ભક્તો દાદાના દર્શન કરી નવા વર્ષનો પ્રારંભ કર્યો હતો.

નૂતન વર્ષ નિમિત્તે શ્રીકષ્ટભંજન દેવ હનુમાનજીને વિશેષ રૂપે શણગારવામાં આવ્યા હતા. દાદાને શુદ્ધ સોનામાંથી બનેલા 8 કિલો વજનના ભવ્ય સુવર્ણ વાઘા પહેરાવવામાં આવ્યા હતા, જેની અંદાજિત કિંમત 9 કરોડ રૂપિયાથી પણ વધુ છે. આ વાઘા તૈયાર કરવા માટે 2019માં 22 ડિઝાઈનર્સની ટીમ નિયુક્ત કરવામાં આવી હતી અને તેમાં અંજારના હિતેષભાઈ સોનીએ મુખ્ય કામગીરી કરી હતી. રાજકોટ અને જયપુરમાં પણ કારીગરી કરાઈ હતી. 100 જેટલા સોનીઓએ 1050



કલાકની મહેનત બાદ એક વર્ષમાં આ દિવ્ય વાઘા તૈયાર કર્યા હતા. આ ઉપરાંત, દાદાના સિંહાસનને પણ રંગબેરંગી ફૂલોનો મનમોહક શણગાર કરાયો હતો. સવારે કોઠારીશ્રી વિવેકસાગરદાસજી સ્વામી દ્વારા મંગળા આરતી કરવામાં આવી હતી, જ્યારે શણગાર આરતી પ. પૂ. શાસ્ત્રીશ્રી હરિપ્રકાશદાસ સ્વામી દ્વારા સંપન્ન કરાઈ હતી. આરતીનો લ્હાવો લેવા માટે આખું મંદિર પરિસર દાદાના ભક્તોથી હકડેઠઠ ભરાઈ ગયું હતું. નૂતન વર્ષ નિમિત્તે ઠાકોરજી અને દાદાને વિવિધ વાનગીઓ સાથે ભવ્ય છપ્પનભોગ અન્નકૂટ ધરાવાયો હતો, જેની આરતી પ. પૂ. શાસ્ત્રીશ્રી હરિપ્રકાશદાસ સ્વામી-અથાણાવાળા દ્વારા કરવામાં આવી હતી. શ્રી દરબારગઢમાં પણ અન્નકૂટ ધરાવાયો હતો. પ. પૂ. શાસ્ત્રીશ્રી હરિપ્રકાશદાસ સ્વામીએ જણાવ્યું હતું કે, દાદાના દરબારમાં 108 મીઠાઈ, 50થી વધુ ફરસાણ અને અનેક પ્રકારના શાકભાજી સાથે દાળભાતનો ભવ્યાતિભવ્ય અન્નકૂટ અર્પણ કરવામાં આવ્યો છે. આ પ્રસાદ દાદાને જમાડીને ભક્તોને વહેંચવામાં આવશે. તેમણે દાદાના ચરણોમાં પ્રાર્થના કરી હતી કે, ‘અમારું જૂનું વર્ષ ગમે તેવું ગયું હોય પણ આ નવું વર્ષ આપ સૌને ગમે એવું જાય.’ નૂતન વર્ષના પ્રારંભે લાખોની સંખ્યામાં ઉમટેલા ભક્તોએ દાદાના દિવ્ય દર્શન અને સોનાના વાઘાના શણગારના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

# જામનગરમાં ફટાકડા ફોડવા જેવી નજીવી બાબતે યુવકની હત્યા થઈ

### તકરાર બાદ પાડોશી દ્વારા જ છરી વડે હુમલો થયો હતો

**જામનગર**

જામનગરના અંધાશ્રમ આવાસ વિસ્તારમાં ફટાકડા ફોડવા જેવી નજીવી બાબતને લઈને પાડોશીએ જ પાડોશીની હત્યા કરી નાખતાં ખળભળાટ મચી ગયો છે. સામાન્ય બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતાં ગુસ્સે ભરાયેલા પાડોશીએ આવેશમાં આવીને યુવક પર છરીના આડેધડ ઘા ઝીંકી દીધા હતા, જેના કારણે યુવકનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર અંધાશ્રમ આવાસ વિસ્તારમાં રહેતા 40 વર્ષીય મુકેશ કાપરી નામના યુવકને ફટાકડા ફોડવા જેવી સામાન્ય બાબતે તેના પાડોશી સાથે બોલાચાલી થઈ હતી. આ બોલાચાલીએ જોતજોતામાં મોટું સ્વરૂપ ધારણ કરી લીધું હતું. ગુસ્સે ભરાયેલા પાડોશીએ આવેશમાં આવી જઈને મુકેશ કાપરી પર છરી વડે હુમલો કર્યો હતો અને ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. છરીના ઘા વાગવાથી મુકેશ કાપરી ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો અને તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. આ બનાવની જાણ થતાં જ પોલીસ કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો.

# જૂનાગઢમાં ફટાકડા ફોડવાની નજીવી બાબતે યુવકને મોતને ઘાટ ઉતારાયો, ત્રણની ધરપકડ

**જુનાગઢ**

દિવાળીની રાત્રે જૂનાગઢમાં અમૂલ એપાર્ટમેન્ટ નજીક દિવ્યેશ ચૂડાસમાની ફટાકડા ફોડવા બાબતે એપાર્ટમેન્ટમાં રહેતી વ્યક્તિઓ સાથે ઉગ્ર બોલાચાલી થઈ હતી. આ ઝઘડાએ જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું. ઉશ્કેરાયેલા એક મહિલા સહિત ત્રણથી વધુ હુમલાખોરોએ અચાનક દિવ્યેશ પર પાઈપ, ધોકા અને લાકડી જેવા ઘાતક હથિયારો વડે હુમલો કરી દીધો હતો.

આ જીવલેણ હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા 28 વર્ષીય દિવ્યેશ ચૂડાસમાનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. ઘટના બાદ વાતાવરણ તંગ બની ગયું હતું. ઘટનાની ગંભીરતા જોતા પોલીસ સહિત ઉચ્ચ અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. પોલીસે સ્થાનિકોની પૂછપરછ અને સીસીટીવી ફૂટેજના આધારે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી. ગણતરીના કલાકોમાં જ આ હત્યાના કેસમાં એક મહિલા સહિતના ત્રણ શકમંદોની ધરપકડ કરવામાં આવી છે. ત્રણેય શકમંદોને વધુ પૂછપરછ માટે સી-ડિવિઝન પોલીસ મથકે લઈ જવામાં આવ્યા છે. મૃતક દિવ્યેશ ચૂડાસમા અને તેની માતા બે એકલા રહેતા હતા, દિવ્યેશ ખાનગી નોકરી કરીને ગુજરાન ચલાવતો. દિવાળી રાત્રે પુત્ર ગુમાવતાં માતા પર દુખનું આભ તૂટી પડ્યું છે. કારણ કે થોડા દિવસ પહેલાં જ દિવ્યેશના ભાઈએ આત્મહત્યા કરી જીવન ટુંકાવ્યુ હતું, જ્યારે આ આઘાતમાં તેના પિતાનું પણ નિધન થયું હતું. હાલ માતા-પુત્ર એકલવાયું જીવન જીવી રહ્યા હતા. ત્યારે હવે દિવાળીની રાત્રે એકના એક પુત્રના અકાળે મોતે વૃદ્ધ માતા પર આભ ફાટી પડ્યા જેવો ઘેરો આઘાત પહોંચાડ્યો છે.

# અમરેલીમાં ગ્રામ પંચાયતની ચૂંટણીથી ચાલતો ડખો ઉગ્ર બનતાં જૂથ અથડામણ : 15 ઈજાગ્રસ્ત

### સ્થિતિ થાળે પાડવા ગામમાં પોલીસ કાફલો ખડકી દેવાયો

**અમરેલી**

અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના સલડી ગામમાંથી દિવાળીના દિવસે (20 ઓક્ટોબર) જૂથ અથડામણની ઘટના સામે આવી છે. જૂની ગ્રામ પંચાયતની ચૂંટણીના મનદુ:ખના કારણે બે જૂથો વચ્ચે ભયંકર અથડામણ થતાં ગામમાં તંગદિલીનો માહોલ સર્જાયો હતો. આ અથડામણમાં આહીર અને પટેલ સમાજના જૂથો સામસામે આવી ગયા હતા, જેમાં કુલ 14 જેટલા વ્યક્તિઓ ઈજાગ્રસ્ત થયા છે.

મળતી માહિતી મુજબ, અમરેલીના સલડી ગામમાં ગ્રામ પંચાયતની ચૂંટણીને લઈને લાંબા સમયથી ચાલી રહેલા મનદુ:ખે હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું. જેમાં બંને જૂથના મળીને 15 જેટલા લોકો ઈજાગ્રસ્ત થયા છે. તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે અમરેલી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. બંને પક્ષોએ સામસામે એકબીજા પર પાઈપ અને ધોકા વડે માર માર્યા હોવાના ગંભીર આરોપો લગાવ્યા છે. જૂથ અથડામણના બનાવ બાદ મોડી રાત્રે લીલીયા પોલીસ મથકે બંને પક્ષોના લોકોના ટોળાઓ ઉમટી પડ્યા હતા, જેના કારણે વાતાવરણ વધુ ગરમાયું હતું. ઘટનાની જાણ થતાં અમરેલી પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યો હતો. વરિષ્ઠ પોલીસ અધિકારીઓ દ્વારા બંને ટોળાને સમજાવીને પરિસ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો.

હાલમાં પોલીસે ગામમાં શાંતિ જાળવવા માટે ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દીધો છે. પોલીસે બંને પક્ષોની ફરિયાદો (પોલીસ ફરિયાદ) લેવાની અને કાયદાકીય કાર્યવાહી કરવાની તજવીજ શરૂ કરી દીધી છે.

# બગસરાના હામાપુર માર્ગ પર સિંહોનું આસન આધિપત્ય માટે બે સિંહ વચ્ચે ભારે ઘર્ષણ

**અમરેલી**

અમરેલી જિલ્લાના બગસરા નજીક આવેલા હામાપુર ગામના સ્ટેટ હાઈવે પર અડધો ડઝન સિંહોએ આસન જમાવતા વાહનચાલકો થંભી ગયા હતા. કુલ છ જેટલા સિંહો જાહેર માર્ગ પર જોવા મળ્યા હતા, જેમાંથી બે સિંહ બેલડી વચ્ચે આધિપત્ય જમાવવા માટે જોરદાર ઘર્ષણ થયું હતું.

બગસરાના હામાપુર માર્ગ પર કુલ 6 સિંહોનું ટોળું આવી ચડ્યું હતું. સિંહોએ સ્ટેટ હાઈવે પર લાંબો સમય સુધી અડીંગો જમાવ્યો હતો. આ દરમિયાન બે સિંહ બેલડી સામસામે આવી જતાં તેમની વચ્ચે પ્રદેશ પર આધિપત્ય સ્થાપવા માટે ઘર્ષણ થયું હતું. માર્ગ પરથી પસાર થઈ રહેલા એક વાહનચાલકે પોતાના મોબાઈલમાં સિંહોના આ ઘર્ષણનો સમગ્ર વીડિયો કેદ કરી લીધો હતો. આ વીડિયો હવે સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે. સિંહોના આ અસામાન્ય વર્તનને પગલે વન વિભાગને જાણ કરવામાં આવી હોવાનું પણ જાણવા મળ્યું છે. ગુજરાતના ગીર પંથકમાં સિંહોની વસ્તીમાં વધારો થતાં હવે તેઓ રહેણાંક વિસ્તારની નજીક અને જાહેર માર્ગો પર પણ અવારનવાર જોવા મળી રહ્યા છે.

# સલડી ગામે અથડામણ વેળા નશાની હાલતમાં પહોંચેલો પોલીસકર્મી સસ્પેન્ડ

**અમરેલી**


અમરેલી જિલ્લાના લીલીયા નજીક આવેલા સલડી ગામે જૂથ અથડામણ વખતે સલડી ગામે નશાની હાલતમાં એક પોલીસકર્મી પહોંચ્યો હોવાનું સામે આવ્યું છે.સિદ્ધરાજસિંહ જાડેજા નામનો પોલીસ કર્મી નશાની હાલતમાં સલડી ગામે પહોંચ્યો હતો. અથડામણની ઘટના વચ્ચે પોલીસકર્મી નશામાં હોવાની જાણ થતાં જ સ્થાનિકો લોકોએ વિરોધ કર્યો હતો. પીધેલો પોલીસ હોવાનું કહેતા જ પોલીસ કર્મી સિદ્ધરાજસિંહ જાડેજા સ્થળ પરથી ભાગી ગયો હતો. નશાની હાલતમાં પોલીસ કર્મી સલડી ગામમાંથી ભાગી રહ્યો હોવાનો વીડિયો સ્થાનિકોએ પોતાના મોબાઈલમાં કેદ કરી લીધો હતો, જે બાદમાં વાયરલ થયો હતો. જે બાદ જવાનને સસ્પેન્ડ કરાયો હતો.

# સાવરકુંડલામાં દિવાળીએ ‘ઈંગોરીયા યુદ્ધ’ની પરંપરા

### ઇંગોરીયા યુદ્ધ એ સાવરકુંડલાનો ઇતિહાસ અને શૌર્ય સાથે સંકળાયેલો છે. હર્બલ ફટાકડો ફળની જેમ હાથમાં પકડીને એકબીજા પર ફેંકવામાં આવતા યુદ્ધ જેવો માહોલ સર્જાયો છે

**અમરેલી**

સાવરકુંડલા શહેરમાં વર્ષોથી એક અનોખી અને રોમાંચક પરંપરા ચાલી આવી છે - ‘ઈંગોરીયા યુદ્ધ’ રમવાની. દિવાળીની રાત્રે અહીં જાણે રણમેદાનમાં યુદ્ધ ખેલાતું હોય તેવો માહોલ સર્જાય છે, આ વર્ષે પણ તે પરંપરા કાયમ રહી હતી. સંત અને શૂરાની ભૂમિ ગણાતા સાવરકુંડલામાં લગભગ 150 વર્ષથી આ ઈંગોરીયા યુદ્ધની રમત રમાઈ હતી. ઈંગોરીયા એક પ્રકારનો હર્બલ ફટાકડો છે, જે હાથમાં ફળની જેમ પકડીને એકબીજા પર ફેંકવામાં આવે છે. દીવાળીની રાત્રે દેવળા



ગેટથી લઈને નાવલી નદી સુધીનો વિસ્તાર આ ‘યુદ્ધ’નું મેદાન બની જાય છે. રાત્રીના અંધારામાં ખેલાતી આ અનોખી રમતનો આનંદ લેવા માટે બહારથી પણ મોટી સંખ્યામાં લોકો આવે છે. આ ઈંગોરીયા યુદ્ધ કોઈપણ જ્ઞાતિવાદ કે જાતિવાદ વિના હિન્દૂ-મુસ્લિમો હળી મળીને રમે છે. જે સાવરકુંડલાની કોમી એકતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે. ધારાસભ્ય મહેશ કસવાળાએ પણ આ યુદ્ધનો મુક્ત મને આનંદ માણ્યો હતો અને ઈંગોરીયા ફેંક્યા હતા. તેમણે જણાવ્યું હતું કે ઈંગોરીયા યુદ્ધ એ સાવરકુંડલાનો ઈતિહાસ અને શૌર્ય સાથે સંકળાયેલો છે.

વિદેશથી આવેલા લોકો પણ આ યુદ્ધના માહોલથી અભિભૂત થયા હતા. કેનેડાથી આવેલા એક વ્યક્તિએ જણાવ્યું કે ઈંગોરીયા યુદ્ધનો આનંદ જોઈને સાવરકુંડલા આવવાનો ફેરો વસુલ થઈ ગયો છે.

# કેવડિયા 5 કરોડ LED લાઇટ્સથી ઝગમગી ઉઠ્યું, પ્રવાસીઓ અભિભૂત

અલગ-અલગ થીમ આધારિત લાઇટિંગ




**કેવડિયા**

સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે આ વર્ષે દિવાળીના પાવન અવસરે 'પ્રકાશ પર્વ' ની ઉજવણીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે, જેના પગલે કેવડિયાનું એકતા નગર રોશનીથી ઝગમગી ઉઠ્યું છે. દિવાળી અને આગામી રાષ્ટ્રીય એકતા દિવસને ધ્યાનમાં રાખીને કેવડિયાને અદભૂત રીતે શણગારવામાં આવ્યું છે. આ ઉજવણીના ભાગરૂપે વેલી ઓફ ફ્લાવરથી મુખ્ય માર્ગ સુધીના 140 મીટર લંબાઈના વોકવેને 7 અલગ-અલગ થીમ આધારિત 'ગ્લો ટનલ' માં પરિવર્તિત કરવામાં આવ્યો છે. આ ટનલમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી, જંગલ સફારી, કેક્ટસ ગાર્ડન, બટરફ્લાય ગાર્ડન, ઉત્તર વાહિની નર્મદા પરિક્રમા, વિવિધ ધાર્મિક સ્થળો તેમજ અંતરિક્ષ જેવી થીમ પર લાઈટિંગ કરવામાં આવી છે. કુલ 7.6 કિલોમીટરના વિસ્તારમાં અદભૂત કલાત્મક થીમ આધારિત લાઈટિંગથી કેવડિયાને સજ્જ કરવામાં આવ્યું છે, જેમાં 5 કરોડ LED લાઈટ્સનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ દ્રશ્ય જોઈને પ્રવાસીઓ મોટી સંખ્યામાં ઉમટી રહ્યા છે. પ્રવાસીઓ આ લાઈટિંગ જોઈને અભિભૂત થઈ રહ્યા છે અને તેમને વિદેશમાં ફરતા હોવાનો અહેસાસ થઈ રહ્યો છે. પ્રવાસીઓની સુવિધા માટે તંત્ર દ્વારા તમામ વ્યવસ્થાઓ નિ:શુલ્ક કરવામાં આવી છે.

# ગડખોલ ગામે નવા વર્ષની પૂર્વ સંધ્યાએ ખૂની ખેલ, બનેવીએ કરી સાળાની હત્યા

**ભરૂચ**

ભરૂચ જિલ્લાના અંકલેશ્વર તાલુકાના ગડખોલ ગામમાં નવા વર્ષની પૂર્વ સંધ્યાએ એક ખૂની ખેલ ખેલાયો હોવાનું સામે આવ્યું છે. પારિવારિક તકરારમાં બનેવીએ પોતાના સાળાની છરીના ઘા ઝીંકીને ઘાતકી હત્યા કરી નાંખતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે. કૌટુંબિક ઝઘડાએ લોહિયાળ સ્વરૂપ ધારણ કરતાં આ ઘટના બની હતી. પ્રાપ્ત માહિતી અનુસાર, અંકલેશ્વરના ગડખોલ ગામે નવા વર્ષની પૂર્વ સંધ્યાએ બનેવી અને સાળા વચ્ચે પારિવારિક બાબતને લઈને ઉગ્ર બોલાચાલી થઈ હતી. આ તકરારે એટલું હિંસક સ્વરૂપ ધારણ કર્યું કે બનેવીએ આવેશમાં આવીને સાળા પર છરી વડે હુમલો કરી દીધો હતો અને ઉપરા-છાપરી ઘા ઝીંકીને તેની હત્યા કરી નાંખી હતી. ઘટનાની જાણ થતા જ પોલીસ કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે મૃતદેહનો કબજો મેળવી તેને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે.

# દિવાળીએ નર્મદામાં લોકો ઘાસના પૂળા જેવી દીવી સાથે ગામમાં ફરે છે



લોકોએ માતાજીને સુખ, શાંતિ, સમૃધ્ધિ અને આરોગ્યમય જીવન પ્રદાન કરવા માટે પ્રાર્થના કરી

**વડોદરા**

ભુછાડ ગામમાં આદિવાસી સમાજમાં પાંચ પેઢીથી પ્રકાશના પર્વ દિવાળીની અલગ જ રીતે ઉજવણી કરવાની પ્રથા છે.આ વર્ષે પણ દિવાળીની આદિવાસી સમાજે આગવા અંદાજમાં ઉજવણી કરીને આ પ્રથાને આગળ ધપાવી હતી. નાંદોદના પૂર્વ ધારાસભ્યે દર વર્ષની જેમ આ વર્ષે પણ આદિવાસી સમાજની પરંપરાઓને જીવંત રાખવાના પ્રયાસ રુપે ગ્રામજનો સાથે દિવાળી પર્વ મનાવ્યું હતું.પોતાના પૂર્વજોની જેમ આ આગેવાન પોતાના ઘરના ચૂલામાંથી ઘાસના પૂળાના આકારની દીવી પ્રગટાવીને ગામમાં નિકળ્યા હતા અને તેઓ જેમ જેમ આગળ વધતા હતા તેમ ગામના દરેક ઘરમાંથી લોકો પોતાના ઘરમાંથી આ જ રીતે દીવી પ્રગટાવીને તેમની પાછળ જોડાયા હતા. ગ્રામજનોએ ગામના છેવાડે આવેલા કુળદેવીના મંદિર પાસે તમામ દીવી ભેગી કરી હતી.એ પછી ફટાકડા ફોડીને લોકોએ માતાજીને સુખ, શાંતિ, સમૃધ્ધિ અને આરોગ્યમય જીવન પ્રદાન કરવા માટે પ્રાર્થના કરી હતી. એક સાથે તમામ દીવીઓ જ્યારે મંદિર પાસે મૂકવામાં આવી હતી ત્યારે દિવાળીના દિવસે હોળી પ્રગટી હોય તેવું દ્રશ્ય જોવા મળ્યું હતું.ગામા લોકો માને છે કે, દીવીઓના દહનથી કુરિવાજો, વ્યસનો અને નકારાત્મક ઉર્જા પણ ભસ્મીભૂત થઈ જાય છે.


Imperial PEST CONTROL



Serving Since 2006.

Residential • Commercial • Industrial

24 Hour Service • 7 Days a Week

All Pest Control:

Mouse & Rats, Cockroaches, Bedbugs, Silver Fish, Spiders & Fleas, Carpenter Ants. Total Interior & Exterior Pest Control

Removal:

Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon, Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets

Free Estimates & Written Guarantee

First Time Customer gets 10% Off on your first home service *Mention this offer while booking

Special Service For Bedbug Control

www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)

Call: Ramesh Kanani 416-837-1820



First Flight FFCL Couriers Inc.

દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ

તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ

1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10

ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)

જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ

Brampton (West)
519, Ray lawson boulevard , Unit-3, Brampton ON L6Y 0N2 Chandni Chowk Plaza, ATN Wireless Board Door Open Last Unit Ours
Phone 647-657-9631
------: MON-FRI : ------ 11.00 AM to 7.00 PM
: SAT-SUN : 1.00 PM to 6.00 PM

Scarborough
880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex,
Phone 647-657-9631 905-673-9631
------: MON-THU : ------ 2.00 PM to 7.00 PM
FRIDAY WEEKLY OFF
: SAT-SUN : 11.00 AM to 6.00 PM

we are back to Great Punjab
2980 DREW ROAD, UNIT 135 NEXT TO SWEET MASTER
--------: MON - FRI :-------- 10 AM TO 7 PM
--------: SAT-SUN :-------- 11AM TO 6PM

Bovaird
2260 BOVAIRD DR., EAST UNIT 121 " RAJDHANI RESTAURANT PLAZA, NEXT TO DENTAL CLINIC" BRAMPTON, ON L6R3J5
CONTACT : 647-657-9631 / 905-673-9631
MON - FRI - 12 PM TO 7 PM, SAT - SUN - 11 AM TO 6 PM
MONDAY WEEKLY OFF

૬૪૭-૬૫૭-૧૩૧૭ www.firstflightcanada.com



સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)
GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh


Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# ગુજરાતના નવનિયુક્ત પ્રધાન મંડળના સભ્યોને ખાતાની ફાળવણી

## હર્ષ સંઘવીને નાયબ મુખ્યપ્રધાન બનાવાયા, ઋષિકેશ પટેલને ઊર્જા અને પેટ્રોકેમિકલ વિભાગની જવાબદારી

ગાંધીનગર

ગુજરાતના નવનિયુક્ત પ્રધાન મંડળના સભ્યોને ખાતાની ફાળવણી કરવામાં આવી છે. જેમાં નાયબ મુખ્યપ્રધાન હર્ષ સંઘવીને બનાવી ગૃહ વિભાગ યથાવત રાખવામાં આવ્યું છે. ભુપેન્દ્ર પટેલ પાસે સામાન્ય વહીવટ, વહીવટી સુધારા અને તાલીમ, આયોજન, બિન-નિવાસી ગુજરાતીઓ વિભાગ, મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન, રસ્તાઓ અને મકાનો અને મૂડી પ્રોજેક્ટ્સ, નર્મદા, કલ્પસર, ખાણ અને ખનિજો, બંદરો, માહિતી અને પ્રસારણ, બધી નીતિઓ અને અન્ય પ્રધાનોને ફાળવવામાં ન આવેલા બધા વિષયો રહ્યા છે. રમેશ કટારાને કૃષિ, સહકાર અને પશુપાલન વિભાગ, નરેશ પટેલને આદિજાતી વિકાસ વિભાગ, કૌશિક વેકરિયાને ન્યાય અને કાયદોની જવાબદારી સોંપાઈ છે. ઋષિકેશ પટેલને ઊર્જા અને પેટ્રોકેમિકલ વિભાગની જવાબદારી સોંપાઈ છે. તે સિવાય ડૉ. પ્રદ્યુમન વાજાને સામાજિક ન્યાય અને સશક્તિકરણ, પ્રાથમિક, માધ્યમિક અને પુખ્ત શિક્ષણ, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ, રમણભાઈ સોલંકીને ખોરાક, નાગરિક પુરવઠો અને ગ્રાહક બાબતો, ઈશ્વરસિંહ ઠાકોરભાઈ પટેલને જળ સંસાધન, પાણી પુરવઠો (સ્વતંત્ર હવાલો), કાંતિલાલ અમૃતિયાને શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર, પ્રવિણકુમાર માળી જંગલો અને પર્યાવરણ, આબોહવા પરિવર્તન, પરિવહન, જયરામભાઈ ગામીતને રમતગમત અને યુવા સેવાઓ, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, સ્વૈચ્છિક સંગઠનોનું સંકલન, ઉદ્યોગો, મીઠા ઉદ્યોગો, સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો, છાપકામ અને લેખનસામગ્રી, પ્રવાસન અને યાત્રાધામ વિકાસ, નાગરિક ઉડ્ડયન, કમલેશભાઈ પટેલને નાણા, પોલીસ આવાસ, જેલ, સરહદ સુરક્ષા,પુનમચંદ બરંડાને આદિજાતિ વિકાસ, ખાદ્ય, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતો, રીવાબા જાડેજાને પ્રાથમિક, માધ્યમિક અને પુખ્ત શિક્ષણની જવાબદારી સોંપવામાં આવી છે. પ્રફુલ પાનસેરિયાને આરોગ્ય વિભાગ, ઈશ્વર પટેલને પાણી પુરવઠા અને જળ સંપત્તિ વિભાગ અને અર્જુન મોઢવાડિયાને વન અને પર્યાવરણ વિભાગ અપાયો છે. આ ઉપરાંત, ત્રીકમ છાંગાને ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણ વિભાગ, કાંતિ અમૃતિયાને શ્રમ તેમજ દર્શનાબેન વાઘેલાને શહેરી વિકાસ વિભાગની અને સ્વરૂપજી ઠાકોરને ખાદી ઉદ્યોગ વિભાગની જવાબદારી સોંપવામાં આવી છે. આ સાથે, કનુ દેસાઈ પાસે નાણા વિભાગ યથાવત રહ્યું છે, જ્યારે તેમને વધારામાં શહેરી વિકાસ વિભાગની જવાબદારી સોંપવામાં આવી છે. સંજયસિંહ મહિડાને મહેસુલ અને પંચાયત વિભાગ તેમજ પૂર્વ શિક્ષણ પ્રધાન રહેલા જીતુ વાઘાણીને કૃષિ પશુપાલન મત્સ્ય વિભાગ ફાળવવામાં આવ્યું છે. પુરષોત્તમ સોલંકીને મત્સ્યોધોગ વિભાગ, કુંવરજી બાવળીયાને શ્રમ રોજગાર અને ગ્રામ્ય વિકાસ, રમણ સોલંકીને અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ તેમજ મનિષા વકિલને મહિલા બાળ વિકાસ અને સામાજીક ન્યાય વિભાગની જવાબદારી સોંપવામાં આવી છે.

# અમદાવાદમાં પ્રેમ સંબંધનો કરુણ અંત સગીરાની હત્યા કરનારો પ્રેમી ઝડપાયો

### શરીર પર ઈજાના નિશાન, ગળું દબાવી હત્યાની શંકા

અમદાવાદ

અમદાવાદ શહેરના સરખેજ વિસ્તારમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જેમાં સગીર પ્રેમિકાની હત્યા કરવાના આરોપસર પોલીસે તેના પ્રેમી (અજય ઠાકોર) ની ધરપકડ કરી છે. મૃતક સગીરા વારંવાર લગ્ન માટે આરોપી પ્રેમીને દબાણ કરી રહી હતી. પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, આરોપી અજય ઠાકોરે તેની પ્રેમિકા સગીરા હોવાથી લગ્નનો ઇનકાર કર્યો હતો. આ બાબતે બંને વચ્ચે ઘણીવાર ઝઘડા થતા હતા. આખરે, પ્રેમ લગ્નની તકરારમાં પ્રેમીએ ઉશ્કેરાઈને સગીર પ્રેમિકા પર છરીના ઘા ઝીંકી તેની હત્યા કરી દીધી હતી.

અમદાવાદના સરખેજ વિસ્તારમાં આવેલી નરીમનપુરા કેનાલમાંથી ગત 14 ઓક્ટોબરે સાંજે એક 15 વર્ષીય સગીરાનો મૃતદેહ મળી આવ્યો હતો, જેના પગલે સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. પોલીસે સગીરાના બોયફ્રેન્ડ દ્વારા હત્યા કરી મૃતદેહને કેનાલમાં ફેંકી દેવામાં આવ્યો હોવાની આશંકા વ્યક્ત કરી હતી.

# ગુજરાતનાં ધારાસભ્યોને રૂ. 37ના ભાડામાં મળશે લક્ઝુરિયસ ફ્લેટ, 5 સ્ટાર હોટલ જેવી સુવિધાઓ

અમદાવાદ

ગાંધીનગરમાં ધારાસભ્યો માટે નવા આવાસ ખુલ્લા મૂકવા તૈયારીઓ કરાઈ છે. 220 કરોડના ખર્ચે મોર્ડન અને લક્ઝુરિયસ ફ્લેટ્ તૈયાર કરાયાં છે. સંભવિત 23 ઓક્ટોબરે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના હસ્તે મોર્ડન ફ્લેટ ખુલ્લા મૂકાય તેવી શક્યતા છે. દિવાળી બાદ ધારાસભ્યો નવા ફ્લેટમાં રહેવા જશે. આ જોતા ધારાસભ્યોની દિવાળી સુધરી છે. પાટનગર ગાંધીનગરમાં સદસ્ય આવાસ જર્જરીત બન્યાં છે જેના પગલે સેકટર 17 ખાતે ધારાસભ્યો માટે લક્ઝુરિયસ ફ્લેટ બનાવવામાં આવ્યા છે. અહીં 9 માળનાં 12 ટાવરનુ નિર્માણ કરાયુ છે જેમાં કુલ મળીને 216 ફ્લેટ તૈયાર કરાયાં છે. ધારાસભ્યો માટે આકાર પામેલાં 126 લક્ઝુરિયસ ફ્લેટમાં બે માસ્ટર રુમ, લિવિંગ રૂમ, બે બેડરૂમ, રસોડું, ડાઈનિંગ એરિયા, વેઈટીંગ એરિયા ઉપરાંત નાની ઓફિસની સુવિધા છે.



# અમદાવાદમાં દિવાળીના દિવસે જ પિતાએ પુત્રને ધારિયુ મારીને મોતને ઘાટ ઉતાર્યો

### કામધંધો ન કરતો હોવાથી અવારનવાર તકરાર કરતો હતો : પુત્રની હત્યા કર્યા બાદ પિતાએ ખુદ પુત્રવધુને ફોન કરીને ઘટના અંગે જાણ કરી: રાણીપ પોલીસે ગુનો નોંધ્યો

અમદાવાદ

રાણીપમાં પિતાએ આવેશમાં આવીને તેમના પુત્રના ગળા પર ધારિયાનો ઘા મારીને હત્યા કરી નાખી હતી. ૩૩ વર્ષીય જયેશ ગોહેલ તેની પત્ની લક્ષ્મી, પિતા ભાઈલાલભાઈ , માતા અને તેના પાંચ વર્ષના પુત્ર મયંક અને ત્રણ વર્ષની દીકરી રિદ્ધી સાથે રહેતો હતો. પરંતુ, છેલ્લાં ચાર વર્ષથી તે કોઇ ખાસ કામ ધંધો કરતો નહોતો અને દારૂ પીવાના આદત પડી ગઈ હતી. આ ઉપરાંત, નાની નાની બાબતોમાં ઘરમાં ઝઘડાની સાથે મારામારી પણ કરતો હતો. જેના કારણે લક્ષ્મી તેના સંતાનો સાથે બોટાદ સારંગપુર ખાતે તેના પિયરમાં જતી રહી હતી. દિવાળીના દિવસે બપોરે લક્ષ્મીને તેના સસરાએ ફોન કરીને કહ્યું હતું કે સવારે જયેશે પૈસા માંગતા તેમણે ના કહી હતી. જેથી જયેશે ગાળા ગાળી કરી હતી અને એક રૂમમાં જઈને સુઇ ગયો હતો.

ત્યારે કાયમની માથાકુટથી કંટાળી ગયેલા પિતા ભાઇલાલભાઇએ ધારિયુ લઈને સુઇ તેમના પુત્ર જયેશના ગળા પર મારી દીધું હતું. જેના કારણે સ્થળ પર જ તેનું કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. સસરાની વાત સાંભળતા લક્ષ્મી અવાક થઇ ગઇ હતી અને તેના ભાઇ સાથે રાણીપ આવી હતી. જ્યાં ઘરે આવીને તેના પતિની લાશ જોઇ હતી. આ બાબતે જાણ થતાં પોલીસ સ્ટાફ સ્થળ પર પહોચી ગયો હતો અને ભાઈલાલભાઈની ધરપકડ કરી હતી.

# એટ્રોસિટીમાં ફસાવી દઇશ, 'માપમાં રે, વાલોડ ભાજપ નેતાનું નિવેદન વાઈરલ

તાપી

વાલોડ ભાજપના લઘુમતી મોર્ચાના પ્રમુખ સલીમ મુલતાનીએ સોશિયલ મીડિયામાં પોસ્ટ મુકવા બાબતે તાલુકા ભાજપ પ્રમુખ અને આદિજાતિ મોરચાના પ્રમુખ વચ્ચે બોલાચાલી થઈ હોવાનો ઓડિયો સામે આવ્યો છે. જેમાં વાલોડ તાલુકા ભાજપ પ્રમુખ પરિમલ સોલંકી તેમજ જિલ્લા આદિજાતિ મોરચાના પ્રમુખ અમિત પટેલ દ્વારા સલીમ મુલતાનીને એટ્રોસિટીના કેસમાં ફસાવાની ધમકી આપી હોવા મામલે સલીમએ વાલોડ પીઆઈ અને તાપી જિલ્લા પ્રમુખ સહિત ભાજપના પ્રભારી-મંત્રીને લેખિતમાં અરજી કરી છે. ભાજપના લઘુમતી મોર્ચાના પ્રમુખ સલીમ મુલતાની, પરિમલ સોલંકી અને અમિત પટેલ ત્રણેયનો વાતચીતનો ઓડિયો વાઈરલ થયો છે. ઓડિયોમાં સલીમને પરિમલ કહે છે કે, 'તમે ગ્રુપ પાર્ટી વિરોધ કેમ મુકો છો, આ બધુ મુકવાનું બંધ કરો...' જ્યારે ઓડિયોમાં અમિત ધમકાવતા સ્વરે કહે છે કે, 'તમે ભાજપમાં છો કે બીજી પાર્ટીમાં. ભાઈ તમને ખ્યાલ નથી આવતો, બધુ પાર્ટી વિરોધી મુકો છો તો તમે શુ સમજો છો. તને ખબર નથી પડતી, એટ્રોસિટીમાં ફસાવી દઈશ તો લોહી પણ નીકળશે નહીં. અમારા ભાજપના ધારાસભ્યની વિરુદ્ધમાં મુકે એટલે તું શું કેવા માગે છે. માપમાં રેજે..

## અમદાવાદ ISROમાં આગ લાગતા દોડધામ, મહત્વનો ડેટા ખાક થયાની આશંકા

અમદાવાદ

ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ISRO)ના અમદાવાદ સ્થિત કેમ્પસમાં આજે એક મોટી ઘટના બની હતી. કેમ્પસના IT સર્વર બિલ્ડિંગમાં આગ લાગતા અફરાતફરી મચી ગઈ હતી. સદભાગ્યે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. ISRO પરિસરના એક્ઝિટ ગેટ નજીક આવેલા આ બિલ્ડિંગના ઉપલા માળે આગની શરૂઆત થઈ હોવાનું પ્રાથમિક રીતે જાણવા મળ્યું છે. ઘટનાની જાણ થતાં જ શહેરના ફાયર વિભાગે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી. આગને કાબૂમાં લેવા માટે ચાર ફાયર ટેન્કર ઘટના સ્થળે દોડી ગયા હતા.

# અમદાવાદના સેટેલાઈટ વિસ્તારમાં પત્નીએ સૂતેલા પતિના અંગત ભાગ પર એસિડ રેડ્યું

### અનૈતિક સંબંધોની આશંકાએ કર્યો હુમલો : પત્નીની ધરપકડ

અમદાવાદ : અમદાવાદના સેટેલાઈટ વિસ્તારમાં દિવાળીના દિવસે (20 ઓક્ટોબર) સંબંધોને શર્મસાર કરતી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. જ્યાં પત્નીએ પોતાના પતિ પર જ એસિડથી હુમલો કર્યો છે. પતિના અન્ય સ્ત્રી સાથેના આડાસંબંધોની આશંકાએ રોષે ભરાયેલી પત્નીએ આ ખતરનાક કૃત્યને અંજામ આપ્યો હતો. મળતી માહિતી મુજબ, સેટેલાઈટ વિસ્તારમાં રહેતા આ દંપતીના બે વર્ષ પહેલા પ્રેમલગ્ન થયા હતા. જોકે, છેલ્લા કેટલાક સમયથી પત્નીને તેના પતિના ચારિત્ર્ય પર શંકા હતી. તેને આશંકા હતી કે પતિના અન્ય સ્ત્રી સાથે અનૈતિક સંબંધો છે. આ જ વાતથી રોષે ભરાઈને પત્નીએ પોતાના પતિ દિવાળીની રાત્રે જ્યારે પતિ સૂતો હતો, ત્યારે પહેલા તેના પર ગરમ પાણી નાખ્યું અને ત્યારબાદ એસિડનો હુમલો કરી દીધો. એસિડ એટેકના કારણે યુવક ગંભીર રીતે દાઝી ગયો હતો. તેને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે, જ્યાં તેની હાલત નાજુક હોવાનું જાણવા મળી રહ્યું છે. આ ઘટના અંગે ઇજાગ્રસ્ત પતિએ પત્ની વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે. સેટેલાઈટ પોલીસે ફરિયાદના આધારે ગુનો દાખલ કરીને હુમલો કરનાર પત્નીની ધરપકડ સહિતની વધુ કાયદાકીય તપાસ હાથ ધરી છે.

## દલિત સમાજના અગ્રણી અને પૂર્વ કેન્દ્રીય મંત્રી ડૉ. યોગેન્દ્ર મકવાણાનું નિધન

અમદાવાદ


ગુજરાતના રાજકારણમાં દલિત સમુદાયના એક અગ્રણી ચહેરા અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા (તથા પૂર્વ કેન્દ્રીય મંત્રી) ડૉ. યોગેન્દ્ર માકવાણાનું 92 વર્ષની જૈફ વયે નિધન થયું છે. 22 ઓક્ટોબર 1933 માં આણંદ જિલ્લાના સોજિત્રા ગામે તેમનો જન્મ થયો હતો. આજે જન્મ દિવસના એક દિવસ પહેલાં જ તેમણે વિદાય લેતાં શોક મોજું ફરી વળ્યું છે. તેમના નિધનથી ગુજરાતના રાજકારણમાં એક યુગનો અંત આવ્યો છે. ડૉ. યોગેન્દ્ર મકવાણા લાંબા સમય સુધી ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ સાથે જોડાયેલા રહ્યા હતા અને કેન્દ્ર સરકારમાં મંત્રી તરીકે પણ સેવા આપી હતી. ડૉ. યોગેન્દ્ર માકવાણાની રાજકીય કારકિર્દીનો મોટો ભાગ રાજ્યસભામાં રહ્યો હતો. તેઓ 1973 થી 1988 સુધી રાજ્યસભાના સભ્ય તરીકે રહ્યા હતા, જ્યાં તેમણે 15 વર્ષ સુધી ગુજરાત અને દલિત સમાજના હિતોનું પ્રતિનિધિત્વ કર્યું હતું. આ દરમિયાન તેમણે કેન્દ્રીય મંત્રી તરીકે પણ મહત્ત્વની ભૂમિકાઓ ભજવી હતી.

# દીપિકા અને રણવીર સિંહે દિવાળી પર ફેન્સને આપી સરપ્રાઇઝ, દીકરી દુઆ સાથેની પહેલી તસવીર કરી શેર



મુંબઈ : બોલિવૂડની લોકપ્રિય જોડી દીપિકા પાદુકોણ અને અભિનેતા રણવીર સિંહે આ દિવાળીએ તેમના ફેન્સને એક ખાસ અને અણમોલ ભેટ આપી છે. કપલે પહેલીવાર તેમની દીકરી દુઆ પાદુકોણ સિંહનો ચહેરો સોશિયલ મીડિયા પર જાહેર કર્યો છે. દિવાળીના શુભ અવસર પર, દીપિકા અને રણવીરે તેમના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર એક સુંદર ફેમિલી ફોટો શેર કર્યો હતો. આ તસવીરમાં આ કપલ તેમની નાનકડી દુઆ સાથે જોવા મળે છે. ફોટામાં દુઆ હસતી જોવા મળી રહી છે અને તેના ચહેરાની માસૂમિયત અને સુંદરતાએ સૌનું દિલ જીતી લીધું છે. જેવી દુઆની તસવીર સામે આવી, સોશિયલ મીડિયા પર જાણે ખુશીની લહેર દોડી ગઈ હતી. ચાહકો અને બોલિવૂડ સેલેબ્સ સતત કોમેન્ટ સેક્શનમાં પ્રેમ વરસાવી રહ્યા છે. અભિનેત્રી અનન્યા પાંડેએ લખ્યું, “ઓ માય ગોડ.” હંસિકા મોટવાણીએ કોમેન્ટ કરી, “કેટલી ક્યુટ છે.”

# પરિણીતીને ત્યાં પુત્રજન્મ, સમગ્ર બોલીવૂડે અભિનંદન પાઠવ્યાં



મુંબઈ: એક્ટ્રેસ પરિણિતી ચોપરા એક પુત્ર સંતાનની માતા બની છે. તેણે અને રાઘવ ચઢ્ઢાએ સોશિયલ મીડિયા પર એક સંયુક્ત પોસ્ટ દ્વારા આ ખુશખબર ચાહકોને આપી હતી. તે પછી બોલીવૂડ સેલિબ્રિટીઓ સહિત હજારો ચાહકોએ તેમના પર અભિનંદનનો વરસાદ વરસાવ્યો હતો. પરિણિતી તથા રાઘવ ચઢ્ઢાએ સંયુક્ત પોસ્ટમાં જણાવ્યું હતું કે પહેલાં અમે બે જ હતાં, હવે અમારી આખી દુનિયા છે. ક્રિતી, સેનન, અનન્યા પાંડે સહિત અનેક બોલીવૂડ સેલિબ્રિટીઓએ આ પોસ્ટને વધાવી અભિનંદન પાઠવ્યાં હતાં. ઉલ્લેખનીય છે કે પરિણીતી અને રાઘવ ચઢ્ઢાએ સપ્ટેમ્બર ૨૦૨૩માં ઉદયપુરમાં લગ્ન કર્યાં હતાં. ગયા ઓગસ્ટ માસમાં પરિણિતીએ પ્રેગનન્સીની સત્તાવાર જાહેરાત કરી હતી.

# પતિ સાથે વિદેશમાં સ્થાયી થઈ ગઈ તાપસી

મુંબઈ : તાપસી પન્નૂ બોલિવૂડની ટેલેન્ટેડ અને પોપ્યુલર એક્ટ્રેસમાંથી એક છે. તે અવારનવાર પોતાના પ્રોફેશનલ તેમજ અંગત જીવનને લઈને ચર્ચામાં રહે છે. ગયા વર્ષે તેણે પોતાના લોન્ગ ટાઈમ બોયફ્રેન્ડ મૈથિયાસ સાથે લગ્ન કરીને ફેન્સને ચોંકાવી દીદા હતા. હવે તેણે પોતાના લગ્નજીવન વિશે વાત કરી છે. એક્ટ્રેસે જણાવ્યું કે, લગ્ન બાદ તે સાસુ-સસરા સાથે રહે છે. એક ઈન્ટરવ્યુમાં તેણે જણાવ્યું કે, હું, મૈથિયાસ અને તેના માતા-પિતા અમે ડેનમાર્કમાં સાથે રહીએ છીએ. ડેનિસ લોકો માટે આ થોડી અજીબ વાત છે પરંતુ, ભારતીયો માટે આ ખૂબ જ સામાન્ય છે. મૈથિયાસના માતા-પિતા અમારી સાથે જ રહે છે. તેમના માટે ગ્રાઉન્ડ ફ્લોર પર અલગ ભાગ બનાવેલો છે. જ્યાં તેમનો બેડરૂમ, લિવિંગ રૂમ, ડાઈનિંગ અને લાઉન્જ એરિયા છે. આ ઘરમાં સૌથી મોટી ભારતીય વસ્તુ છે, જે હું લઈને આવી છું. તેમને આ વિશે સમજાવવામાં સમય લાગ્યો. કારણ કે, ત્યાં ઘરના વડીલ સાથે રહેવું સામાન્ય નથી.


એક્ટ્રેસે વધુમાં જણાવ્યું કે, હું અને મારો પતિ હંમેશા ટ્રાવેલ કરતા રહીએ છીએ. તેથી અમને લાગ્યું કે, ઘરમાં કોઈનું હોવું સારૂ રહેશે. સાચું કહું તો આ ખૂબ જ સુંદર અનુભૂતિ છે. ઘર જેવું લાગે છે.



# શાહરુખ ખાને દિવાળીએ કર્યું લક્ષ્મી પૂજન

મુંબઈ : દિવાળીના તહેવારમાં દરેક લોકો ઉજવણી કરતાં જોવા મળી રહ્યા છે. સામાન્ય લોકોથી લઈને બોલિવુડના મોટા સ્ટાર્સ સુધી દરેક લોકો ખૂબ જ ઉત્સાહથી દિવાળીની ઉજવણી કરે છે. બોલીવુડ કિંગ શાહરૂખ ખાને પણ દિવાળીની ઉજવણી કરી હતી. શાહરૂખ સામાન્ય રીતે પાર્ટીઓનું આયોજન કરે છે અને ભવ્ય ઉજવણી કરે છે. જોકે, આ વખતે શાહરૂખે ખૂબ જ સાદાઈથી દિવાળીની ઉજવણી કરી હતી. જેની એક તસવીર શાહરૂખે પોતે સોશિયલ મીડિયા પર શેર કરી છે. શાહરૂખે તેના ઘરની એક તસવીર હાલમાં સોશિયલ મીડિયા પર એક તસવીર શેર કરી છે. આ તસવીર દિવાળી પૂજા દરમિયાન લેવામાં આવી છે. જોકે, શાહરૂખે પાછળથી તસવીર ક્લિક કરી હતી. અને તેની પત્ની ગૌરી ખાન પૂજા કરતી જોવા મળી રહી હતી. જેમાં તસવીર શેર કરતા શાહરૂખે એક મેસેજ પણ લખ્યો: ‘તમને બધાને દિવાળીની શુભકામનાઓ! દેવી લક્ષ્મી તમને સમૃદ્ધિ અને ખુશીઓ આપે. બધા માટે પ્રેમ, પ્રકાશ અને શાંતિની






પ્રાર્થના કરુ છું.’ લોકો શાહરૂખની પોસ્ટ પર ઉત્સાહથી પ્રતિક્રિયા આપી રહ્યા છે. કેટલાકે તેમના આ અંદાજને ખૂબ જ પસંદ કર્યો હતો. જ્યારે અન્ય મિશ્ર પ્રતિક્રિયાઓ આપી રહ્યા છે. જોકે, શાહરૂખના ચાહકો બધા ધર્મોમાં તેમની શ્રદ્ધા અને પૂજા પ્રત્યેની તેમની નિષ્ઠાની પ્રશંસા કરે છે. શાહરુખે આ વખતે દિવાળી પાર્ટીનું આયોજન નહોતું કર્યું. દર દિવાળીએ શાહરુખના ઘરે પાર્ટીનું આયોજન કરવામાં આવે છે, રિપોર્ટ મુજબ શાહરુખ આ વખતે તેના ઘરે મન્નતમાં નથી. તે તેના પરિવાર સાથે ભાડાના ઘરમાં રહેવા ગયો છે.

# જાણીતા હાસ્ય કલાકાર અસરાનીનું 84 વર્ષની વયે નિધન

બોલિવૂડ એક્ટર અને કોમેડિયન ગોવર્ધન અસરાનીનું આજે(20 ઓક્ટોબર) નિધન થયું. આ પીઢ અભિનેતા લાંબા સમયથી બીમાર હતા અને આજે બપોરે 4 વાગ્યે તેમણે અંતિમ શ્વાસ લીધા. અસરાનીના ભત્રીજાએ પુષ્ટિ કરી છે.

અસરાનીએ ‘ગુડ્ડી’, ‘અભિમાન’, ‘શોલે’, ‘ચુપકે ચુપકે’, ‘જો જીતે વહી સિકંદર’, ‘હેરા ફેરી’ અને ‘બોલ બચ્ચન’ જેવી ઘણી પ્રચલિત અને સફળ ફિલ્મોમાં અસરાણીએ અભિનય કરી પોતાની અનોખી છાપ છોડી છે. તેમની કુદરતી કોમિક શૈલી અને યાદગાર પાત્રો તેમને હંમેશાં હાસ્ય ફિલ્મોના સુપરસ્ટાર તરીકે યાદ રાખે છે.



અસરાની એ એક જાણીતા હિંદી અને ગુજરાતી ચલચિત્ર અભિનેતા હતા. તેમનો જન્મ 1 જાન્યુઆરી 1941ના રોજ થયો હતો. એમની પત્ની પણ એક અભિનેત્રી છે જેનું નામ મંજુ બંસલ છે. એમના પુત્રનું નામ નવીન અસરાની છે જે અમદાવાદમાં ડેન્ટીસ્ટ તરીકે પ્રેક્ટિસ કરે છે. તેઓ મુખ્ય નાયક તરીકે, હાસ્ય કલાકાર તરીકે, સહાયક અભિનેતા અને ચરિત્ર અભિનેતા તરીકે 350 થી વધુ ગુજરાતી તથા હિંદી ફિલ્મોમાં અભિનય કરી ચૂક્યા છે.

અસરાની એવા કલાકારોમાંના એક હતા જેમના અભિનયથી દરેકના ચહેરા પર ખુશી અને સંતોષ છવાઈ જતો હતો. અભિનેતાઓ અને રાજકારણીઓ તેમના નિધન પર શોક વ્યક્ત કરી રહ્યા છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સ્વર્ગસ્થ અભિનેતાના અમૂલ્ય યોગદાનને યાદ કર્યું. પીએમ મોદીએ ટ્વિટ કરતા કહ્યું કે ગોવર્ધન અસરાનીજીના નિધનથી ખૂબ દુઃખ થયું છે. એક પ્રતિભાશાળી મનોરંજક અને ખરેખર બહુમુખી પ્રતિભા ધરાવતા કલાકાર, તેમણે પેઢી દર પેઢી પ્રેક્ષકોનું મનોરંજન કર્યું હતું. તેઓ તેમના અવિસ્મરણીય અભિનયથી અસંખ્ય જીવનમાં આનંદ અને હાસ્ય લાવ્યા હતા. ભારતીય સિનેમામાં તેમનું યોગદાન હંમેશા યાદ રહેશે. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે સોમવારે તેમના નિધન પછી તેમને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ આપી. તેમણે તેમના X એકાઉન્ટ પર ટ્વિટ કરીને લખ્યું કે તેમની અપ્રતિમ બહુમુખી પ્રતિભા અને રમૂજની અનોખી ભાવનાએ લાખો લોકોને આનંદ અને હાસ્યથી ભરી દીધા. શોલેમાં આઇકોનિક જેલરથી લઈને ‘ચુપકે ચુપકે’, ‘ગોલમાલ’, ‘આપ કી કસમ’, ‘અભિમાન’, ‘બાતોં બાતોં મેં’, ‘છોટી સી બાત’, ‘ધમાલ’ અને બીજી ઘણી ફિલ્મોમાં યાદગાર ભૂમિકાઓ સુધી, તેમના અભિનયએ ભારતીય પર અમર્યાદિત છાપ છોડી દીધી છે.







Rameshbhai Vyas
Director & Publisher
SWADESH

સ્વદેશ
Leading Gujarati Newspaper

સ્વદેશમાં જાહેર ખબર પ્રસિદ્ધ કરાવવા માટે સંપર્ક કરો

પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(માર્કેટીંગ ડાયરેક્ટર)
+1 437-421-2992
Email :- info@swadesh.news



Paresh Peshva
Marketing Director
SWADESH


## ગુજરાતમાં ભાજપની નજર હવે ઓબીસી મતબેંક પર

# ઓબીસીના 8ને પ્રધાનપદ, સવર્ણની અવગણના

**પ્રાસંગિક**
**ધવલ શુક્લ**

ગુજરાતમાં દિવાળી પહેલાં જ ભાજપે નવા પ્રધાનમંડળની રચના કરી નાખી. ભાજપ નો-રિપીટ થિયરી અપનાવીને બધા પ્રધાનોને રવાના કરી દેશે એવી વાતો ચાલી હતી. પણ આ વખતે ભાજપે એવો પ્રયોગ કરવાનું ટાળ્યું છે. જૂના પ્રધાનમંડળમાંથી જગદીશ વિશ્વકર્મા પ્રદેશ પ્રમુખ બન્યા, એટલે વિદાય થવાના જ હતા. પણ તેમના સિવાય બીજા નવને પ્રધાનમંડળમાંથી રવાના કરાયા છે. હવે ભુપેન્દ્ર પટેલના મંત્રી મંડળમાં નવા 16 ચહેરા અને ચાર જૂના જોગીઓને સમાવાયા છે. એટલે મુખ્યમંત્રી સાથે 26 સભ્યોનું પ્રધાનમંડળ ગુજરાતમાં હવે નિર્ણયો કરશે. જે મંત્રીઓને રિપીટ કરાયા છે તેમાં હર્ષ સંઘવી, કનુભાઈ દેસાઈ, ઋષિકેશ પટેલ, કુંવરજી બાવળિયા, પરસોત્તમ સોલંકી, પ્રફુલ્લ પાનેસેરિયાનો સમાવેશ થાય છે.

હર્ષ સંઘવીને નાયબ મુખ્યમંત્રીપદ અપાયું છે. એ વિદાય થયેલા પ્રદેશ પ્રમુખ અને હાલમાં કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલનો નવી સરકારમાં પ્રભાવને પ્રસ્થાપિત કરે છે. હર્ષ સંઘવી પાટીલના ખાસ માણસ છે અને તેમને નાયબ મુખ્યમંત્રીપદ આપીને ગુજરાત સરકારમાં હજુય પાટીલનો પડ્યો બોલ ઝીલાશે એવો સ્પષ્ટ સંકેત આપી દેવાયો છે. હર્ષ સંઘવીને પહેલાં રાજ્ય કક્ષાના ગૃહ મંત્રી અને હવે નાયબ મુખ્યમંત્રી બનાવડાવીને પાટીલે સાબિત કર્યું છે કે, ભાજપ હાઈકમાન્ડ એટલે કે નરેન્દ્ર મોદી તેમની વાત સાંભળે છે. પાટીલે પ્રદેશ પ્રમુખ તરીકે નોંધપાત્ર કામગીરી કરી છે. ભાજપને 2022ની વિધાનસભા ચૂંટણીમાં 182માંથી વિક્રમસર્જક 156 બેઠકો જીતાડીને તેણે રેકોર્ડ બનાવ્યો છે. તેના સિરપાવરૂપે પાટીલને કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારમાં કેબિનેટ કક્ષાના મંત્રી બનાવાયા હતા. અને હમણાં બિહારમાં ભાજપ-જેડીયુને જીતાડવા માટે સહપ્રભારી પણ બનાવાયા છે. પાટીલ હવે સીધેસીધા ગુજરાતના રાજકારણમાં નથી, પણ સંઘવીને નાયબ મુખ્યમંત્રી બનાવાતા પાટીલ સાવ આઉટ થયા નથી તેમ ચોક્કસ માની શકાય છે.

નવા મંત્રીમંડળમાં જીતુ વાઘાણીનો ખાસ ઉલ્લેખ કરવો જોઈએ. કેમ કે વાઘાણી ફેકાઈ ગયા પછી પાછા આવ્યા છે. આનંદીબેન પટેલને રવાના કરીને વિજય રૂપાણીને મુખ્યમંત્રી બનાવાયા, ત્યારે રૂપાણીના સ્થાને જીતુ વાઘાણીને પ્રદેશ પ્રમુખ બનાવી ભાજપે પાટીદારોને સાચવ્યા



હતા. પાટીદાર આંદોલન વખતે વાઘાણી પ્રદેશ પ્રમુખ હતા. એ કપરા કાળમાં વાઘાણી અને રૂપાણીની જોડીએ ગમે તે રીતે ભાજપની નૈયાને પાર પાડી છતાં 2019માં ત્રણ વર્ષ પૂરાં થતાં વાઘાણીને પ્રદેશ પ્રમુખપદેથી રવાના કરીને સી.આર. પાટીલને પ્રમુખ બનાવાયા હતા. વાઘાણીની હાલત એ રીતે અપમાનજનક હતી કે, કોઈ હોદ્દા વિના સાવ નવરા કરી દેવાયા હતા. ત્રણ વર્ષ નવરા બેસી રહ્યા પછી 2022માં રૂપાણીને બદલીને ભૂપેન્દ્ર પટેલને મુખ્યમંત્રી બનાવાયા, ત્યારે વાઘાણીનાં નસીબ પાછાં ચમક્યાં. વાઘાણીને નવા મંત્રીમંડળમાં કેબિનેટ રેન્ક આપીને શિક્ષણ મંત્રી બનાવી દેવાયા, પણ 2022ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપ 156 બેઠકની વિક્રમસર્જક બહુમતીથી જીત્યો પછી વાઘાણીનું પત્તું પાછું કપાઈ ગયું હતુ. જો કે, 2025માં વાઘાણીને ફરી કૃષિ મંત્રી બનાવાયા છે, આથી વાઘાણીને અમિત શાહ તરફની વફાદારી ફળી હોવાનું કહેવાય છે. જો કે, વાઘાણીને ફરી મંત્રી મંડળમાં સમાવાયા તે પાછળ સૌરાષ્ટ્રમાં ગોપાલ ઈટાલિયાનો વધતો જતો પ્રભાવ પણ જવાબદાર છે.

વિસાવદર વિધાનસભા બેઠકની પેટાચૂંટણીમાં આમ આદમી પાર્ટીના ગોપાલ ઈટાલિયાએ ભવ્ય વિજય મેળવીને ભાજપને આંચકો આપ્યો છે. આ બેઠક જીતવા ભાજપે એડીચોટીનું જોર લગાવ્યું, પણ મેળ ના પડ્યો. જે બાદ ગોપાલ અને આપના કાર્યકરો ગામડે ગામડે ફરી રહ્યા છે. ગોપાલ પાટીદાર સમાજમાંથી આવે છે. અને હાલ યુવા ચહેરો હોવાથી સમાજ તેની તરફ ઢળી જાય તેવી શક્યતા છે. હાલમાં જ હળવદ ગામે ખેડૂતો પર ગુજારેલા અત્યાચારના મુદ્દાને પણ આમ આદમી પાર્ટી જોરશોરથી ચગાવી રહી છે. જેને કારણે ભાજપને ભય પેંઠો છે. આમ તો 2022ની ચૂંટણીમાં આ બેઠક આમ આદમી પાર્ટીએ જ જીતી હતી પણ આપના ધારાસભ્ય ભૂપત લાખાણી ભાજપમાં ભળી જતાં ભાજપને આ બેઠક જીતવાનો ભરોસો હતો. પણ ગોપાલ ઈટાલિયાએ ભાજપની આશા પર પાણી ફેરવી દીધુ. વિસાવદરમાં જીત્યા પછી ઈટાલિયાએ સૌરાષ્ટ્રમાં ઉપરાછાપરી સભાઓ કરવા માંડી છે. આમ આદમી પાર્ટીના કાર્યકરોને દોડતા કરી દીધા છે અને યુવા નેતાઓમાં વિશ્વાસ પેદા કર્યો છે કે, ઈટાલિયાની જેમ પોતે પણ જીતી શકે છે. તેના કારણે સૌરાષ્ટ્રમાં આમ આદમી પાર્ટીએ જનઆંદોલનો કરવા માંડ્યાં છે. બોટાદમાં આપના નેતાઓએ કડદાના મામલે કરેલા બખેડાએ ભાજપને ચોંકાવી દીધો છે. ખેડૂતોમાં આ આંદોલન વ્યાપક ના બને એટલે ભાજપે ડેમેજ કંટ્રોલ કરવા માંડ્યું છે. તેના ભાગરૂપે જીતુ વાઘાણીને યાદ કરાયા છે. આપના ધારાસભ્ય ચૈતર વસાવાએ ભરૂચમાં ભાજપના કેમ્પમાં ભારે ઉત્પાત મચાવ્યો છે અને તેના કારણે ભરૂચમાંથી ઈશ્વરસિંહ પટેલને ભાજપે ફરી યાદ કરવા પડ્યા છે. ભાજપે નવા મંત્રીમંડળમાં સૌરાષ્ટ્રને વધારે મહત્ત્વ આપ્યું, તેનું કારણ પણ આપનો ડર છે. ભૂપેન્દ્ર પટેલના જૂના મંત્રીમંડળમાં સૌરાષ્ટ્ર-કચ્છના પાંચ મંત્રી હતા. આ વખતે આ આંકડો લગભગ ડબલ કરીને નવ કરી દીધો છે. ગોપાલ ઈટાલિયા સામે સીધાં શિંગડાં ભેરવનારા મોરબીના કાંતિ અમૃતિયા અને અમરેલીના કૌશિક વેકરીયાને પણ મંત્રી પદુ આપીને

સૌરાષ્ટ્રના પાટીદારોને આપ તરફ વળતા રોકવા માટે ભાજપે પ્રયાસો શરૂ કરી દીધા છે. આપની અસર ખાળવા માટે સૌરાષ્ટ્રમાંથી પાટીદાર આગેવાન જયેશ રાદડિયાને પણ પ્રધાન બનાવાશે એવું લાગતું હતું. પણ ભાજપે રાદડિયાને કોરાણે મૂક્યા છે. રાદડિયાએ ઈફકોની ચૂંટણીમાં દિલીપ સંઘાણી સાથે મળીને ભાજપનો ખેલ પાડી દીધો હતો. ભાજપે અમિત શાહના ખાસ મનાતા બિપિન પટેલ ઉર્ફે બિપિન ગોતાને ઈફકોની ચૂંટણીમાં મેદાનમાં ઉતાર્યા પણ રાદડિયાએ બિપિન ગોતાને પછડાટ ખવડાવી હતી. સી.આર. પાટીલે પ્રમુખપદેથી વિદાય થતી વખતે આ વાતનો વસવસો વ્યક્ત કર્યો હતો. રાદડિયાને વિસાવદરમાં જવાબદારી આપી છતાં તેઓ ગોપાલ ઈટાલિયાના વિજયરથને પણ રોકી શક્યા નહીં. આખરે તેને નવા મંત્રી મંડળમાં સ્થાન અપાયું નથી તેમ મનાય છએ. ગુજરાતના નવા મંત્રીમંડળમાં બે-ત્રણ બાબતો ઊડીને આંખે વળગે એવી છે. પહેલી વાત એ કે, પાટીદારો સિવાયના સવર્ણોને અવગણાયા છે. કનુભાઈ દેસાઈને જાળવી રખાયા છે, પણ નવા મંત્રીઓમાં કોઈ બ્રાહ્મણ કે વણિક નથી. હર્ષ સંઘવી જૈન છે પણ જૈન લઘુમતી સમુદાય છે. જ્યારે કનુભાઈ દેસાઈ અનાવિલ છે. ક્ષત્રિયોમાંથી માત્ર રીવાબા જાડેજાનો સમાવેશ કરાયો છે. બીજી તરફ અન્ય પછાત વર્ગ (ઓબીસી)માંથી આઠ ધારાસભ્યોને પ્રધાન બનાવાયા છે. મુખ્યમંત્રીને બાદ કરો તો પાટીદાર પ્રધાનોની સંખ્યા સાત થાય છે, એ જોતાં એક સમયે સવર્ણોનો પક્ષ ગણાતો ભાજપ હવે સવર્ણોને બાજુ પર મૂકીને ઓબીસી મતદારોને રીઝવવા તરફ વળી રહ્યો છે એ સ્પષ્ટ છે. 2027ની વિધાનસભાની ચૂંટણીને બે વર્ષની વાર છે તેના પરથી સ્પષ્ટ છે કે, ભાજપ હવે પછીની ચૂંટણીમાં ઓબીસી મતબેંક પર ધ્યાન કેન્દ્રિત કરશે. જગદીશ વિશ્વકર્મા રાજ્ય ભાજપના અધ્યક્ષ બનાવવામાં આવ્યા. વિશ્વકર્મા પોતે પણ ઓબીસીમાંથી જ આવે છે. તાજેતરમાં ગુજરાત સરકારનું પ્રધાન મંડળ બદલવામાં આવ્યું. હવે લાભ પાંચમ બાદ ગુજરાત ભાજપના સંગઠનમાં મોટા ફેરફાર કરવામાં આવે તેવી શક્યતા છે. ગુજરાત ભાજપ સંગઠનમાં અનુભવી નેતાઓની સાથે યુવા નેતાઓને મહત્વની સંગઠનમાં જવાબદારીઓ સોંપવામાં આવી શકે છે. જો કે ભાજપે હજુ સુધી કોઈ સત્તાવાર જાહેરાત કરી નથી.

**સૌરાષ્ટ્રમાં ગોપાલ ઈટાલિયાનો વધતો જતો પ્રભાવ અને કડદા પ્રથા સામે બોટાદમાં શરૂ થયેલા ખેડૂત આંદોલનને કારણે ભાજપને ભય પેંઠો છે, જેથી નો રિપીટની થીયરી પડતી મુકવી પડી, એટલું જ નહીં પણ વાઘાણીને ફરી મંત્રી બનાવવાની નોબત આવી છે**

# બ્રામ્પ્ટનમાં નવલ બજાજના પેલેસમાં અદમ્ય ઉત્સાહ સાથે દિવાળીની ઉજવણી

## નિવાસ સ્થાનને લાઇટો અને કલાકૃતિ ફુલહારથી સજાવવામાં આવ્યું, ધાર્મિક પરંપરા મુજબ પૂજા અર્ચના કરાઇ, દીપ પ્રગટાવાયા








**બ્રામ્પ્ટન :** અંધકાર પર પ્રકાશ, અનિષ્ટ પર સજ્જનોના વિજય તેમજ નિરાશા વચ્ચે આશાના સંદેશ સાથે બ્રામ્પટન કેનેડામાં નેવલ બજાજ પ્લેસ ખાતે દિવાળીની ઉજવણી કરાઈ હતી. ચાલુ અઠવાડિયે વિશ્વભરના હિન્દુઓ, શીખો, બૌદ્ધો અને જૈનો દ્વારા તેમના સૌથી મોટ ઉત્સવ દિવાળીની પાંચ દિવસ સુધી ઉજવણી કરી હતી. ૧૪ વર્ષ વનવાસ ભોગવ્યા પછી ભગવાન રામે ૧૦ માથાવાળા રાક્ષસ રાજા રાવણને હરાવીને અયોધ્યામાં ફરી આગમન કર્યું, ત્યારે પ્રજા દ્વારા દીપ પ્રગટાવીને ઉજવણી કરાઈ હતી. દિવાળીનો આ પર્વ રામ ભગવાનના જીવનના આ ઘટનાક્રમ સાથે પણ સંકળાયેલો છે. જ્યાં રહેવાસીઓ માટીના દીવાઓની હરોળ પ્રગટાવી અનિષ્ટ પર સારાના વિજયનું પ્રતીક ગણ્યું હતુ. છે.

આ ઉફરાંત શીખ, બૌદ્ધ અને જૈનો દ્વારા પણ વિવિધ કારણોસર દિવાળી ઉજવવામાં આવે છે. શીખો માટે, તે ગુરુ હરગોવિંદની જેલમાંથી મુક્તિની યાદ અપાવતો દિવસ છે. જ્યારે રાજકુમાર મહાવીર, જેને વર્ધમાન તરીકે પણ ઓળખવામાં આવે છે, તેમણે આ દિવસે મોક્ષ -જીવન અને મૃત્યુના ચક્રમાંથી મુક્તિ - પ્રાપ્ત કરી હતી. બ્રામ્પ્ટનમાં નવલ બજાજના નિવાસ સ્થાનને આ વર્ષે પણ લાઈટો અને કલાકૃતિ ફુલહારથી સજાવવામાં આવ્યું હતુ. દિપાવલી નિમિત્તે ધાર્મિક પરંપરા મુજબ પુજા અર્ચના કરાઈ હતી. સાંજે દીવાઓ પ્રગટાવવા સાથે રંગબેરંગી રોશનીની પેલેસ ઝગમગી ઉઠ્યો હતો. નવલ બજાજ, રાશિ બજાજ સહિતના પરિવારે દિવાળીની ઉત્સાહભેર ઉજવણી કરી પરંપરાને જાળવી હતી.









SPECIAL SALE ALL LADIES MEN'S SWEATER

FROM OCTOBER 24, FRIDAY TO NOVEMBER 02 SUNDAY.

સેલનો સમય: સવારે ૧૧.૦૦ થી સાંજે ૭.૩૦

U.K. SWEATER HOUSE

હવે યુકેના સ્વેટર યુકેથી શું કામ મંગાવીએ ? યુકે સ્વેટર હાઉસમાંથી જ યુકેના સ્વેટર મેળવીએ




ધમાકા સેલ... ધમાકા સેલ... ધમાકા સેલ...

યુ.કે. સ્વેટર લેવા માટે જે ભાઈબહેનો ઘણા સમયથી યુ.કે. સ્વેટરના સ્ટોર પર જતા હતા પરંતુ તેમને સ્વેટર મળતું ન હતું અને તેમને નિરાશા થતી હતી. પરંતુ આ વર્ષે તહેવારોની સીઝનમાં સ્વેટર અને કૂર્તિનો સેલ લાગી ગયો છે. ૨૪ ઓક્ટોબરથી ૨ નવેમ્બર સુધી ચાલનારા યુ.કે. સ્વેટરના સેલને બિલકુલ પણ તમે મિસ ન કરતા આ સ્વેટરના શિપમેન્ટમાં અલગ અલગ પ્રકારના વુમન સ્વેટર અને કૂર્તિ મળશે.

જલ્દી કરો આ ઓફર બીજીવાર નહીં મળે

ALL ON REGULAR PRICE

Buy 2 save 5 dollars and buy 3 save 10 dollars.

Slected coti 30 each and 4 for 100

Slected cardigan 40-45-50-60

Visit The Store This Weekend .

સેલનો લાભ ઉઠાવવા શો-રૂમની મુલાકાત લો

જો તમે ગુજરાત જતા હો તો તમારા સ્વજનો માટે સ્વેટર લેતા જાઓ.
યુકેથી કેનેડા આવતા સ્વજનો જે રીતે યુકે સ્વેટર્સની માંગ કરે છે
તે જ રીતે ગુજરાતના તમારા સગાવહાલાઓ પણ યુકે સ્વેટર્સની માગ કરે છે

NO EXCHANGE
NO REFUND
FINAL SALE



Karol Bagh Plaza, 1098, Peter Robertson Blvd., #18,
Brampton, Ontario (Torbram & Peter Robertson)

FROM EAST - TAKE 401 W AND 410 N TO BOVAIRD Dr. E AND TURN LEFT ON TORBRAM RD. RIGHT ONTO PETER ROBERTSON Blvd.

Tel: 905-789-8514

# પ્રકાશનો પર્વ, વિવિધતામાં એકતાનો સંદેશ : PM

## માર્ક કાર્નેએ દિવાળીની ઉજવણીમાં ભાગ લઈ હિંદુ સમુદાયને શૂભેચ્છા પાઠવી : GTAમાં

કેનેડિયન પીએમ માર્ક કાર્નેએ દિવાળીની ઉજવણીમાં ભાગ લઈ હિંદુ સમુદાયને શૂભેચ્છા પાઠવી હતી. જ્યારે ટ્રિલિયમ દિવાળી ગાલા 2025માં સરકારી ગુના ઘટાડવાના પ્રયાસોની ચર્ચા કરી હતી.

કેનેડિયન વડા પ્રધાન માર્ક કાર્નેએ ગ્રેટર ટોરોન્ટો એરિયા (GTA)માં એક કાર્યક્રમ દરમિયાન દિવાળીની ઉજવણીમાં અંધકાર પર પ્રકાશના વિજયના કેન્દ્રિય મહત્વનો ઉલ્લેખ કર્યો હતો, શુક્રવારે સાંજે ટ્રિલિયમ દિવાળી ગાલા 2025માં સભાને સંબોધતા કાર્નેએ કહ્યું કે, કેનેડામાં દરેક વ્યક્તિ પોતાની કારમાં કામ પર જવા, મંદિરમાં જવા, ઘરે આવવા, રાત્રે શાંતિથી સૂવા સક્ષમ હોવા જોઈએ. ટ્રિલિયમ હેલ્થ પાર્ટનર્સ ફાઉન્ડેશન દ્વારા આયોજિત ગાલાનો હેતુ “કેનેડાના સૌથી મોટા આરોગ્ય માળખાગત નવીકરણ પ્રોજેક્ટ” તરીકે વર્ણવેલ ભંડોળ એકત્ર કરવાનો હતો. કાર્નેએ જણાવ્યું હતું કે આ ઉત્સવમાં સમુદાય અને ઉદારતાની ઉજવણી “દિવાળીના કેન્દ્રસ્થાને રહેલા મૂલ્યોને પ્રતિબિંબિત કરે છે, આ એક તહેવાર જે “અંધકાર પર પ્રકાશનો વિજય, આશાના નવીકરણ અને સદગુણોની શોધનું પ્રતિનિધિત્વ કરે છે. તેમણે જણાવ્યું હતું કે, પ્રકાશનો આ તહેવાર આપણા દેશમાં ફેલાયેલો છે, આપણી ભૂમિની વિવિધતા અને તે વિવિધતામાં કેનેડાની એકતા બંનેની ઉજવણી કરે છે.

GTAએ એવા ક્ષેત્રોમાંનો એક છે જ્યાં તાજેતરના સમયમાં ગુનાઓમાં વધારો થયો છે, ઘર આક્રમણથી લઈને કારજેકિંગ અને ગેરવસૂલી સુધીની બદીઓ છે. કાર્નેએ આ પડકારોનો સામનો કરવા માટે તેમની સરકારે લીધેલા પગલાં અંગે ચર્ચા કરી હતી. તેમણે નોંધ્યું હતું કે, તેમાં લોરેન્સ બિશ્નોઈ ગેંગને આતંકવાદી સંસ્થા તરીકે સૂચિબદ્ધ કરવાનો સમાવેશ થાય છે. વધુમાં, તેમણે આગામી કાયદા તરફ ધ્યાન દોર્યું જે કેનેડાના ક્રિમિનલ કોડમાં સુધારો કરીને મોટા ગુનાઓ માટે રિવર્સ-ઓનસ જામીન રજૂ કરશે, જે સતત સજાની મંજૂરી આપશે, સંગઠિત છૂટક ચોરી માટે કડક સજા લાદશે અને સંખ્યાબંધ જાતીય ગુનાઓ માટે શરતી સજાઓ મર્યાદિત કરશે.



### મિસીસાગા અને હિન્દુ ચેમ્બર ઓફ કોમર્સના કાર્યક્રમ માટે વડાપ્રધાને શુભેચ્છા સંદેશ પાઠવ્યા

કાર્નેએ તાજેતરના દિવસોમાં મિસિસાગાના સેલિબ્રેશન સ્ક્વેર ખાતે દિવાળી રઝમાટાઝ ઇવેન્ટ અને કેનેડિયન હિન્દુ ચેમ્બર ઓફ કોમર્સના ધનતેરસ ગાલા સહિત અનેક કાર્યક્રમોમાં દિવાળી નિમિત્તે શુભેચ્છા સંદેશા મોકલ્યા હતા. આ વર્ષે માર્ચમાં કેનેડાના વડા પ્રધાન બન્યા પછી તેઓ પહેલી વાર દિવાળીના કાર્યક્રમમાં હાજરી આપી રહ્યા હતા.

# ઓટ્ટાવામાં યુ.એસ. અને ચાઈનીઝ એલ્યુમિનિયમ અને સ્ટીલ આયાતોને પ્રતિશોધક ટેરિફમાંથી મુક્તિ

## કેનેડિયન ઉત્પાદકો બજારમાંથી અન્યાયી સ્ટીલને બદલવા સક્ષમ હોવાનો દાવો કરાયો

**ઓટ્ટાવા**

ચાઈનીઝ અને યુ.એસ. સ્ટીલ અને એલ્યુમિનિયમ આયાતોને પ્રતિશોધક ટેરિફમાંથી મુક્તિ આપ્યા પછી લિબરલ સરકાર દબાણનો સામનો કરી રહી છે. એક નવા ઓર્ડર-ઈન-કાઉન્સિલ દર્શાવે છે કે, ઓટ્ટાવાએ હવે ડઝનબંધ કેનેડિયન કંપનીઓને રાહત આપી છે. જેથી તેમને ચોક્કસ ઉત્પાદનો ઉપર પ્રતિશોધક ટેરિફની કિંમત ચૂકવવાની જરૂર ન પડે. બીજી તરફ કેનેડિયન સ્ટીલ ઉત્પાદકો એસોસિએશન વળતો પ્રહાર કરી રહ્યું છે.

સીઈઓ અને પ્રમુખ કેથરિન કોબડેને જણાવ્યું હતુ કે, અમે નિરાશ છીએ કે, યુ.એસ. ઉત્પાદકોને બીજા બે મહિના માટે ટેરિફમાં વ્યાપક અપવાદ આપવામાં આવ્યો હતો, જ્યારે અમે તેમના બજારમાં પ્રવેશના અભાવથી પીડાઈ રહ્યા છીએ. કોબડેન કહે છે કે તે હજુ પણ આ નિર્ણયનું મૂલ્યાંકન કરી રહી છે, કેનેડાએ ચાઈનીઝ સ્ટીલના આયાતકારોને શ્રેણીબદ્ધ નવી મુક્તિઓ આપી હોય તેવું લાગે છે. કેનેડિયન ઉત્પાદકો બજારમાંથી આ અન્યાયી સ્ટીલને બદલવા સક્ષમ છે. જ્યારે વ્હાઈટ હાઉસે નવી જીતનો દાવો કર્યો, ત્યારે ઓન્ટેરિયોના પ્રીમિયર ડગ ફોર્ડે વડા પ્રધાન માર્ક કાર્નેને ટ્રમ્પ સામે કડક પ્રહાર કરવા કહ્યું હતુ. સ્ટેલાન્ટિસે જાહેરાત કરી કે તે તેના કેનેડિયન જીપ ઉત્પાદનને બ્રેમ્પટન, ઓન્ટેરિયો યુ.એસ. ખસેડી રહ્યું છે.

કાર્નેએ ગુરુવારે જવાબ આપ્યો કે ટ્રમ્પ વહીવટીતંત્ર સાથે વાટાઘાટો દરમિયાન તેમણે હમણાં બદલો લેવાની શક્યતાને નકારી કાઢી હતી. કેનેડા એલ્યુમિનિયમ, સ્ટીલ અને ઊર્જા સહિતના ક્ષેત્રો માટે થોડી રાહત મેળવવા માટે સોદાઓ સુધી પહોંચવાનો પ્રયાસ કરી રહ્યું છે, એમ વડા પ્રધાને જણાવ્યું હતું.

# કેનેડામાં પ્રોસેસિંગ ટૂલમાં અપડેટ થતાં PR અને નાગરિકતા અરજી કરનારાઓને રાહત

## અરજદારને સમયે સમયે તેની સ્થિતિની જાણકારી મળી શકશે

**ઓન્ટેરિયો**

ઈમિગ્રેશન, રેફ્યુજીસ એન્ડ સિટીઝનશિપ કેનેડાના ઓનલાઈન પ્રોસેસિંગ ટૂલમાં અપડેટ થયા પછી કેનેડિયન કાયમી નિવાસ (PR)અને નાગરિકતા માટેના અરજદારો હવે તેમની અરજીઓને વધુ ચોક્કસ રીતે ટ્રેક કરી શકે છે. અગાઉ, અરજદારો ફક્ત વિવિધ પ્રકારની અરજીઓ માટે સરેરાશ પ્રક્રિયા સમય જોઈ શકતા હતા, જેમાં અરજી ક્યારે સબમિટ કરવામાં આવી હતી, તે ધ્યાનમાં લેવામાં આવતું ન હતું. નવા સાધનનો હેતુ કેનેડામાં PR અથવા નાગરિકતા મેળવવા માંગતા લોકો માટે વધુ પારદર્શિતા અને સ્પષ્ટતા પ્રદાન કરવાનો છે. હવે અરજદારોને બે મુખ્ય પ્રશ્નો પૂછે છે, શું તેઓએ પહેલાથી જ અરજી કરી છે અને અરજીની તારીખ. જે અરજદારોએ તેમની અરજીઓ સબમિટ કરી છે, તેમના માટે નિર્ણય સુધી બાકી રહેલો અંદાજિત સમય અને કતારમાં આગળ અરજદારોની સંખ્યા અને નિર્ણયની રાહ જોતા લોકોની કુલ સંખ્યા દર્શાવે છે. આ ઉપરાંત નવા અરજદારો માટે તે વર્તમાન પ્રક્રિયા સમય અને બાકી રહેલી અરજીઓની કુલ સંખ્યા દર્શાવે છે. આ અપડેટ હાલમાં એક્સપ્રેસ એન્ટ્રી, કેનેડિયન એક્સપિરિયન્સ ક્લાસ, ફેડરલ સ્કીલ્ડ વર્કર, પ્રોવિન્શિયલ નોમિની, સ્વ-રોજગાર વ્યક્તિઓ, ક્વિબેક બિઝનેસ ક્લાસ અને સ્ટાર્ટ-અપ વિઝા પ્રોગ્રામ્સ સહિત આર્થિક ઈમિગ્રેશન પ્રોગ્રામ્સ પર લાગુ પડે છે.

# એજેક્સમાં પમ્પ કાર્નિવલની ઉજવણી રાજયોગ ફાઉન્ડેશને ભાગીદારી નોંધાવી



લાઇવ સ્ટેજ પરફોર્મન્સ, રમતો, ઇન્ટરેક્ટિવ અનુભવો, સમુદાયના પ્રદર્શનોમાં નાગરિકોએ ઉત્સાહભેર ભાગ લીધો

**એજેક્સ**

ટાઉન ઓફ એજેક્સ અને ટીડી બેન્ક ગ્રુપ દ્વારા ૧૮ ઓક્ટોબર ૨૦૨૫ના દિવસે નયનરમ્ય ગ્રીનવુડ કન્ઝર્વેશન એરિયા, ૨૨૯૦ ગ્રીનવુડ રોડ, ખાતે સવારે ૧૧થી સાંજે ૫ વાગ્યા સુધી લોકપ્રિય કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો. આ મેળામાં લાઈવ સ્ટેજ પરફોર્મન્સ, બાળકોની રમતો અને પ્રવૃત્તિઓ, ઈન્ટરેક્ટિવ અનુભવો, સમુદાયના પ્રદર્શનો અને પ્રદર્શકો, સંવેદનાત્મક ક્ષેત્ર અને કુખ્યાત ભૂતિયા ઘર સહિત સમગ્ર પરિવાર માટે વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ હતી. કોમ્યુનિટી ડિસ્પ્લે અને એક્ઝિબિટર બૂથ પર ટ્રિક-ઓર-ટ્રીટ અને પમ્પકિન પેચ પર મફત કોળું ઉપાડવાની તક હતી. બાળકોને વિવિધ પોશાક પહેરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ લોકમેળામાં ટાઉન ઓફ એજેક્સ દ્વારા વિવિધ ત્રણ સ્થળોથી વિના મુલ્યે શટલ બસની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ મેળામાં આશરે ૧૮,૦૦૦ વ્યક્તિઓએ અને ૬૭ સમુદાય જૂથ, બૂથ, વ્યવસાયકર, વિક્રેતાઓ વગેરેએ ભાગ લીધો હતો, જેમાં રાજયોગ ફાઉન્ડેશને ચિત્રમાં દર્શાવ્યા મુજબ એક સમુદાય જૂથ તરીકે સક્રિય ભાગીદારી નોંધાવી હતી. રાજયોગ મેડિટેશન એક સૌમ્ય અને પ્રાચીન કર્મયોગની કળા છે કે જે આપણી શક્તિ (આત્મા)નું જોડાણ સર્વોચ્ચ શક્તિ (પરમાત્મા) સાથે કરીને આપણા વિચારો અને કર્મને શક્તિશાળી બનાવે છે. લોકોને રાજયોગના નિયમિત અભ્યાસ દ્વારા થતા ફાયદાઓ વિષે ભાઈબહેનોએ ચિત્રો, ફ્લાયર, પેમ્ફલેટ સાથે પોતાના અનુભવ દ્વારા સમજ આપી હતી. મેળાના અંતે રાજયોગ મેડિટેશનને વિના મુલ્યે બૂથની ફાળવણી કરવા બદલ ટાઉન ઓફ એજેક્સનો આભાર માનવામાં આવ્યો હતો.

# ગ્રાહકોના પ્રતિસાદને પગલે લોકપ્રિય કેનેડિયન જ્વેલરી બ્રાન્ડ્સે પણ દાગીનાના ભાવ વધાર્યા

## કિંમતોને ધ્યાનમાં રાખીને દાગીનાની ડિઝાઇન કરવા મેજુરીનો સધિયારો

**ઓન્ટેરિયો**

યુએસ ડોલરના ઘટાડા અને વૈશ્વિક અર્થતંત્ર પર અનિશ્ચિતતાનો ભાર હોવાથી વધુ રોકાણકારો તેમના પૈસા રોકવા માટે સલામત સ્થળ શોધી રહ્યા છે. તેથી તેઓ મોટી સંખ્યામાં સોનું ખરીદી રહ્યા છે, જેના કારણે ઘરેણાં ઉત્પાદકો માટે બજાર ભાવમાં વધારો થઈ રહ્યો છે. કેટલીક પ્રોડક્ટ્સ છે જેના પર આપણે પહેલાથી જ ભાવ વધારવો પડ્યો છે. વાનકુવર સ્થિત જ્વેલરી ડિઝાઈનર મેલાની ઓલ્ડેનો ઓનલાઈન વ્યવસાય સ્ટર્લિંગ સિલ્વર બેઝ સાથે ગોલ્ડ-પ્લેટેડ જ્વેલરીનું કામ છે. તેમણે કહ્યું કે, વર્ષોની ધીમે ધીમે વૃદ્ધિ પછી તાજેતરના અઠવાડિયામાં સોનાના ભાવ પ્રતિ ટ્રોય ઔંસ $ 4,300 US(કિંમતી ધાતુઓનું વજન કરતી વખતે વપરાતું માપ) સુધી વધી ગયા છે. આ સાથે જ ચાંદીના ભાવ પણ વધી રહ્યા છે. આ સંયોજન તેના વ્યવસાય માટે ટકાઉ નથી.

અમે બંને મુખ્ય સામગ્રીનો ઉપયોગ કરીએ છીએ, તેના ભાવમાં ભારે વધારો થઈ રહ્યો છે, અને મને લાગે છે કે તે જ્વેલરી ડિઝાઈનર્સ અને પછી ગ્રાહકને ગંભીર અસર કરી રહ્યું છે. અન્ય એક જાણીતી કેનેડિયન જ્વેલરી બ્રાન્ડે તાજેતરમાં સોનાના ઊંચા ખર્ચને ધ્યાનમાં રાખીને તેના ભાવમાં વધારો કર્યો છે.



ટોરોન્ટો જ્વેલરી રિટેલર મેજુરી, જે પ્રમાણમાં સુલભ ભાવે વીંટી, કાનની બુટ્ટી અને ગળાનો હાર વેચવા માટે લોકપ્રિય બની હતી, તેણે ગયા મહિને તેના ગ્રાહકોને વધારાની જાણ કરવા માટે ઈમેઈલ કર્યો હતો. મેજુરીના સહ-સ્થાપક અને સીઈઓ નૌરા સક્કીઝાએ ઈમેઈલમાં લખ્યું હતું કે, સોના અને ચાંદીના ભાવમાં ઉછાળાથી અમારા ખર્ચમાં વધારો થયો છે. કંપની અમારી સપ્લાય ચેઈનને સુવ્યવસ્થિત કરશે, સોર્સિંગને મજબૂત બનાવશે અને કિંમતોને ધ્યાનમાં રાખીને ડિઝાઈન કરશે.

કંપનીએ 29 સપ્ટેમ્બરના રોજ કિંમતોમાં વધારો કર્યો હતો, જેમાં તેના ઘણા બેસ્ટસેલર્સનો પણ સમાવેશ થાય છે. 3 ઓગસ્ટ અને 17 ઓક્ટોબર વચ્ચેના ભાવોની સરખામણી, જે વેબેક મશીનમાંથી લેવામાં આવી છે, તે તફાવત દર્શાવે છે. દરમિયાન, વિશ્લેષકોના મતે, સિગ્નેટ, પેન્ડોરા અને ટિફની એન્ડ કંપની જેવા મોટા અમેરિકન જ્વેલરી રિટેલર્સ વર્ષના અંત સુધીમાં તેમના ભાવમાં વધારો કરે અથવા તેમની ઉત્પાદન વ્યૂહરચના બદલી નાખે તેવી અપેક્ષા છે.



તુલા : (ર.ત.)

**શનિનું ફળ :** વર્ષારંભથી શનિ મીન રાશિમાં આપની રાશિથી છઠ્ઠા ભુવનમાં ભ્રમણ કરશે. વર્ષારંભથી ૨૮ નવેમ્બર દરમિયાન વક્ર ગતિમાં રહે છે. વર્ષારંભથી તા. ૧ જૂન દરમિયાન સાધારણ સ્થિતિ રહેશે. ત્યારબાદ વર્ષાન્ત સુધી અનુકૂળતાઓ જોવાશે. જે આર્થિક લાભની તક પ્રાપ્ત કરાવી શકશે. કૌટુંબિકો તરફથી લાગણીભર્યો સહકાર રહે. હરિફો, વિરોધીઓ પ્રતિસ્પર્ધીઓ નિર્બળ બને. વ્યવસાય વ્યાપાર ધંધામાં નવીન તક સાંપડી શકે. નોકરીમાં સાનુકૂળતા રહે. નવીન સંપતિ, મકાન વસાવવાની ઈચ્છાઓ પરિપૂર્ણ થઈ શકે. આરોગ્ય પણ સાથ સહકાર લક્ષી રહી એકંદર સાનુકૂળ સમય રહેવા પામશે.

**ગુરુનું ફળ :** ગુરુ તા.૧૧ નવેમ્બરથી તા. ૧૭ જૂન દરમિયાન મિથુન રાશિમાં નવમાં ભુવને ભ્રમણ કરશે. વર્ષારંભથી આપની કિર્તી પ્રતિષ્ઠા જાળવી શકશે. નાણાકીય તક આવતી જોવાશે. વ્યાપાર ધંધામાં લાભની તક પ્રાપ્ત કરાવી શકશે. જૂનથી ગુરુ દસમો કર્મ ભુવનમાં આવતાં વ્યાપાર-ધંધા- વ્યવસાયમાં કોઈ અવરોધો લાવશે. પરિશ્રમ રાખવો પડશે. નોકરીમાં ફેરફારીના સંજોગો જોવાશે. આપના આરોગ્યમાં જન્મગ્રહો નિર્દોષ કરતા હોય તો કોઇ ફરિયાદ રહી શકે. તબીબી ચિકિત્સા હિતાવહ રહે. કાર્યક્ષેત્રમાં ઉપરી સત્તાધીશ થકી કોઈ ફરિયાદ રહેશે. ખર્ચના પ્રસંગો ઉદ્ભવમાં રહી શકે. માનસિક વ્યગ્રતા રહે. વર્ષના મધ્યથી કેટલીક અશાંતિ પરિશ્રમ લાવી શકશે.

**રાહુનું ફળ :** વર્ષ દરમિયાન રાહુ કુંભ રાશિમાં રહેશે. વર્ષારંભથી પારિવારિક, સંતાન વિદ્યાભ્યાસ વિષયે ફરિયાદો રખાવી શકે. આપના આરોગ્યને નિર્બળ રાખી શકે. ડિસેમ્બરથી વર્ષાન્ત સુધીના સમયગાળો માનસિક આપત્તિ ભય ચિંતાઓ રખાવી શકે. આપના જન્મગ્રહો નિર્બળ હોય તો દર્દ રોગની ફરિયાદ ઉદ્ભવી શકે. વાહન વિષયે પણ ખર્ચ પીડા રખાવી શકે. પરિવારના સુખ વિષય આપની ચિંતા વધી શકે. કિંમતી ચીજવસ્તુ કે નાણાં ગુમાવવાનું ચોરી કે ખોવાઈ જવાનું બની શકે.

**માનસિક સુખાકારી :** વર્ષ દરમિયાન માનસિક સુખાકારી અનુકૂળતાવાળી રહી શકશે. વર્ષારંભથી કાર્યક્ષેત્રમાં વ્યસ્તતામાં પ્રવૃત્ત રહેવું પડશે. પારિવારિક બાબતો ધંધો વ્યવસાયની જવાબદારીઓ સમય માગી લેશે. વર્ષ મધ્યથી વર્ષાન્ત સમય ગાળામાં કેટલીક બાબતોનો ઉપદ્રવ આપની પ્રવૃત્તિ અને કાર્યને પ્રભાવિત કરી અવરોધવા પ્રયત્નશીલ જણાશે. જે અશાંતિ ચિંતા રખાવી શકે. ખર્ચની સંભાવનાઓ રખાવી શકે.

**આર્થિક સ્થિતિ :** વર્ષ આરંભથી આપની આર્થિક સ્થિતિ જળવાઈને પ્રગતિશીલ જોવાશે. જોકે વર્ષ મધ્યથી આકસ્મિક ખર્ચના સંજોગો નવી જવાબદારીયોનો ઉદભવ અને પરિવારિક પ્રસંગો ખર્ચ કરાવશે. માર્ચથી જૂન માસ દરમિયાન આવકો અને વ્યાપાર-વધશે. મિલકતોના વેચાણથી નફાકારકતા વધશે. નોકરી વ્યવસાયમાં આવક વધવાના સંજોગો ઉભા થશે.

**નોકરી - વ્યવસાય-વ્યાપાર :** નવી નોકરીની ઈચ્છાઓ સંતોષી શકાશે. બદલી બદલી- પગાર વધવાના સંજોગો થશે. વ્યવસાય વિષયે નવાકામો મળતાં આવક વધવા પામે. જોકે વર્ષ મધ્યથી કાર્ય પ્રવૃત્તિમાં સહકાર્યકરોનો અસહયોગ નિર્બળતા રાખી શકે. આ સમયમાં વ્યાપાર પ્રગતિ આવશે. આવકો વધશે. ભાગીદારીમાં સાવચેતી રાખી સંબંધો જાળવશો.

**જમીન મકાન સંપત્તિ :** જમીન સ્થાવર મિલક્ત વિષયના પ્રશ્નોમાં સરળતા થશે. જમીન- મકાન- ફ્લેટ ખરીદવાના સંજોગો અને નાણાંની વ્યવસ્થા થઇ જશે. ખેતી હેતુની જમીન હોય તો આ સમય અનુકૂળતા રખાવશે. મિલકત મકાન વેચવા માટેનો સમય યોગ્ય રહી નફાકારક જોવાશે. વિવાદોમાં રહેલી મિલકતો અંગે સમાધાન શક્ય બને. દુકાન- ઓફિસ વસાવવા સહયોગ પ્રાપ્ત થશે.

**લગ્ન દાંપત્ય જીવન :** વર્ષ દરમિયાન લગ્નની ઈચ્છા રાખનાર યુવક યુવતીઓના વિવાહ લગ્ન સરળતાથી થવા સંભવી શકશે. પ્રેમ સંબંધો અને સ્વૈચ્છાથી લગ્ન બાબતોમાં પરિવારનો સહયોગ રહી શકે. પુર્નલગ્ન ઈચ્છતા પાત્રોને યોગ્ય પાત્ર મળશે. દાંપત્ય જીવનમાં જીવનસાથી સાથેના સંબંધોમાં પ્રેમ - સ્નેહ જળવાઇ રહી અનુકૂળતાઓ રહેશે. એકંદરે સમય અપેક્ષાઓ સંતોષી શકશે.

**શત્રુ કોર્ટ કચેરી :** કરવેરા-દંડની ભરપાઈ થઇ શકશે. સરકારી અમલદારોથી સહકાર રહે. કોર્ટ કે કાનૂની - માર્ગમાં રહેલા વિવાદોમાં નિરાકરણ સંભવી શકશે. જોકે ખર્ચ વધશે.કોર્ટ કેસોમાં સમાધાનની ઈચ્છા હોય તો શક્ય બનશે. અપેક્ષાને સંતોષી શકશે.

**આરોગ્ય પ્રવાસ :** જૂના દર્દ રોગોની ચિકિત્સા સારવારમાં નિયમિતતા જાળવી રાખશો. ચામડીના દર્દો કફને લગતી ફરિયાદ અને પડવા વાગવાના સંજોગો છે. જે સાવધાનીથી નિવારી શકાશે. પ્રવાસ યાત્રા વિષયે જૂન માસ બાદનો સમય તક રાખશે. પરદેશ મુસાફરી પણ થઇ શકશે. એકંદર અનુકૂળતાભર્યો સમય રહે છે.

**સંતાન વિદ્યાભ્યાસ :** સંતાનની ઈચ્છા હોય તો અનુકૂળતા રહેશે. પુત્રી સંતાનની અપેક્ષાઓ સંતોષી શકાય. સંતાનોના આરોગ્ય સચવાઈ રહેશે. વિદ્યાભ્યાસમાં તકેદારી રાખવી. નિયમિત અભ્યાસની યોજના રાખશે. ઉચ્ચઅભ્યાસ પરદેશ અભ્યાસની સંતાનોની ઈચ્છા સંતોષવા અનુકૂળતાઓ થઈ જશે.

**મહિલા વર્ગ :** મહિલા વર્ગને આ વર્ષ પ્રગતિશીલ રાખવા પ્રયત્નશીલતા સતત જોવાશે. નોકરી, વ્યવસાય, વ્યાપાર ઈચ્છુક મહિલાઓને વ્યાપાર અને વ્યવસાયની તક સાંપડશે. નોકરીમાં આવક અને સુવિધા તથા બદલી કે બઢતીની સંભવના વધુ છે. પરિવારમાં હર્ષના પ્રસંગો ઉદભવી શકશે. સહયોગ સહકાર મળી શકશે. એકંદરે અનુકૂળતા અને પ્રગતિશીલ સમય રહેશે.



વૃશ્ચિક : (ન.ય.)

**શનિનું ફળ :** વર્ષ દરમિયાન શિન આપની રાશિથી પાંચમા ભૂવનમાં મીન રાશિમાં રહે છે. જે પાંચમી ડિસેમ્બર સુધી વક્ર ગતિમાં રહીને માર્ગી થતાં પ્રતિકૂળતાવાળો રહેશે. સંતાનોના વિદ્યાભ્યાસ- આરોગ્યની બાબતોમાં અવરોધ જણાશે. માનસિક ચિંતા રહે. અનિર્ણાયકતા ભય થકી બેચેની અનુભવાય, કાર્યક્ષેત્રમાં ભય, વ્યર્થ, પરિશ્રમ અને ખર્ચની ઘટનાના પ્રસંગો ઉદભવે. અકસ્માત, પડવા કે વાગવાના પ્રસંગો કાર્યક્ષેત્રમાં અવરોધ લાવી શકે. આર્થિક નુકસાન સહન કરવાનું પણ બની શકે. વાદવિવાદથી કાર્યક્ષેત્ર પ્રભાવિત થવા સંભવે.ઝઘડો કલેશ થકી આરોગ્ય પ્રભાવિત થઈ શકે. ૩ ફેબ્રુ.થી ૧૦મી એપ્રિલ રાહતનો સમય છે. શેરસટ્ટા વાયદા વ્યાપારમાં નુકસાની આવે.

**ગુરુનું ફળ :** વર્ષ દરમિયાન ગુરુ આપની રાશિથી ગુરુ કર્ક રાશિમાં નવમા ભૂવનમાં ભ્રમણ કરશે. ૧૧ નવેમ્બરથી ૧લી જૂન દરમિયાન વક્ર ગતિથી મિથુન રાશિમાં ભ્રમણ કરશે. જે આપની સુવિધામાં અવરોધ થશે. સંપતિના પ્રશ્નો, આરોગ્યની ફરિયાદ રખાવી શકશે. જૂનથી અનુકૂળતા સભર પ્રભાવ રાખી નાણાકીય જરૂરિયાતો સંતોષવા પ્રયત્નશીલ જોવાશે. વેપાર, ધંધા ખેતીક્ષેત્રે અનુકૂળતાથી લાભની તકો મળે. પિતા પરિવાર થકી સહકાર સહયોગની તક મળશે. શેર, વાયદા, વેપારમાં સાવચેતી પૂર્વકની પ્રવૃત્તિ લાભદાયી બને. ધાર્મિક પ્રસંગોમાં સહયોગ તેમજ પ્રતિષ્ઠા માન પ્રાપ્ત કરવાના સંજોગો ઉદ્ભવી શકે. વિદ્યાભ્યાસમાં પ્રગતિ અર્થે સહયોગ સાંપડે. માંગલિક પ્રસંગો ઉજવી શકાય. એકંદરે ગુરુનું ભ્રમણ સમયે સમયે સહયોગ-અનુકૂળતાઓ રખાવી શકશે.

**રાહુનું ફળ :** વર્ષ દરમિયાન રાહુ આપની રાશિથી ત્રીજા ભૂવનમાં ભ્રમણ કરશે. વર્ષારંભથી કુંભ રાશિમાં રહેશે. ભ્રાતૃવર્ગનો સહયોગ સહકાર મળે. અવરોધોને પ્રયત્નપૂર્વક નિવારી શકાય. કાર્ય પ્રવૃત્તિ પ્રયાસો પ્રગતિશીલ બની લાભદાયી બને. પ્રતિસ્પર્ધીઓ હરીફો-હિતશત્રુઓ તરફથી પણ લાભની તકો મળે. નાણાં સંચયો વધારવાનું સામર્થ્ય જણાય. આત્મવિશ્વાસ હિંમત પણ કાર્યક્ષેત્રને અગ્રિમ રાખવા મદદરૂપ બનશે.

**માનસિક સુખાકારી :** માનસિક સુખાકારી સાધારણ અનુકૂળતાઓ રખાવે. વ્યાપાર, પરિવાર, નાણાં, કાર્યભારને લગતી ચિંતાનું ભારણ રહે. વર્ષારંભથી ડિસેમ્બર તેમજ જૂન માસથી વર્ષાન્ત સુધી રાહત રહેતા કાર્યપ્રવૃત્તિમાં અગ્રિમ રહો. આપના પરિવારમાં કોઈ પ્રસંગલક્ષી ચિંતા ઓગસ્ટમાં જોવાય. નાણાકીય લાભ-કાર્યક્ષેત્ર જળવાઈ રહેતાં માનસિક અનુકૂળતા રહે.

**આર્થિક સ્થિતિ :** આ વર્ષમાં આર્થિક ક્ષેત્રે એકંદરે સંતોષકારક સ્થિતિ રહેવા પામશે. જોકે ખર્ચ જવાબદારીને પહોંચી વળવા પ્રયત્નશીલ રહી પુરુષાર્થ કરવા પડશે. નાણાકીય તક ઉદભવમાં થઈ લાભપ્રદ રહેતાં સંતોષજનક સમય રહેશે. કોઇ પ્રસંગ કે ઘટનામાં આકસ્મિક ખર્ચ રહેશે. સંતાનો કે પારિવારિક ખર્ચ રહે. વ્યાપાર, વ્યવસાયની આવક વધતા અનુકૂળતાઓ રહી શકશે.

**નોકરી - વ્યવસાય - વ્યપાર :** નોકરિયાત વર્ગને આ વર્ષમાં અનુકૂળતા જોવાશે. નવી નોકરીની ઈચ્છા અપેક્ષા મુજબ સંતોષી શકાય. બઢતી- બદલી- પ્રમોશનની બાબતો સફળતા જનક રહેશે. વ્યવસાય વિષયક બાબતોમાં કાર્યક્ષેત્રનો વિકાસ થશે. આવકો વધી શકશે. કોઈ નવી બાબત પ્રોત્સાહક થશે. વ્યાપાર-ધંધામાં ખરીદ-વેચાણ વધવા તરફી પ્રવૃત્તિમાં જોવાશે. જૂના માલની કિંમતથી નફાનું પ્રમાણ વધતું જોવાશે.

**જમીન - મકાન - સંપત્તિ :** જમીન વિષયક બાબતોમાં ખેતીલાયક જમીનના ખરીદ કે વેચાણમાં ફાયદો મળે. વ્યાપાર-ધંધા-વિષયક દુકાન- ઓફિસ ખરીદી શકાશે. નાણાકીય જોગવાઈ લોન ઉછીનાં મળી રહેવાની સંભવના. મકાન ફલેટ ખરીદીના સંજોગો ઉપસ્થિત થશે. જૂની મિલકત વેચવા નફાની મનોવૃત્તિ સંતોષી શકાય. કોર્ટમાર્ગે વિવાદો સમાધાનથી હલ કરી શકાશે.

**લગ્ન દાંપત્ય જીવન :** દાંપત્ય જીવનની સુખાકારી વિષયે આ સમય સાનુકૂળ રહેશે. પતિ-પત્નીના સંબંધો લાગણીથી મજબૂત બનશે. લગ્ન વિવાહની ઈચ્છા રાખનાર યુવક-યુવતીઓને અનુકૂળતા રહે. પ્રેમ સંબંધો પણ સરળતાથી લગ્નમાં પરિણમી શકશે. પુર્નલગ્નની ઈચ્છા પુરી શકશે. કોર્ટ કાનૂન કે વાદવિવાદમાં રહેલ લગ્નેતર સંબંધોમાં પ્રયત્નપૂર્વક હલ આવે.

**શત્રુ કોર્ટ કચેરી :** હરીફ કે હિત શત્રુઓની કનડગત કે અવરોધોનો હલ મળવા પામશો. વિરોધીઓ થકી લાભની તક મળે. કોર્ટ-કચેરીને લગતા પ્રશ્નોમાં સરળતા પ્રાપ્ત થશે. અધિકારી વર્ગ સહકાર આપવાની મનોવૃત્તિ રાખશે. વિવાદિ બાબતોમાં ન્યાયાલય બહાર બાંધછોડ પૂર્વક સમાધાનકારી વલણથી લાભ રહે.

**આરોગ્ય પ્રવાસ :** આરોગ્ય વિષયે જૂના રોગમાં ચિકિત્સાની નિયમિતતા રાખવી. આરોગ્ય સાચવી રાખવા પ્રયત્નશીલ રહેતાં સમય નિરોગિતા રાખશે. પ્રવાસ - મુસાફરી- યાત્રા વિષયે સમય અનુકૂળતા રાખશે. વર્ષ મધ્યમાં ધાર્મિક યાત્રા પરિવાર સાથે કરવાની તક મળે. ધાર્મિક પ્રવાસનો લહાવો લઈ શકાય.

**સંતાન વિદ્યાભ્યાસ :** સંતાનો વિષયની ચિંતા બાબતે વર્ષમાં સંતાનોની જરૂરિયાત સંતોષી શકાશે. તેઓના પ્રશ્નો હલ થવા સંભવશે. નાણાંની જરૂરિયાત ભરપાઈ થઈ રહેશે. પરદેશગમન ઉચ્ચ અભ્યાસની તકો સંતાનોની પ્રાપ્ત થવાના યોગ છે. જોકે પરિશ્રમ પુરુષાર્થની જરૂરિયાત રહેશે.

**મહિલા વર્ગ :** આ વર્ષમાં મહિલાઓનો કાર્યક્ષેત્રમાં સવલતો-સગવડો- સુવિધાઓ પ્રાપ્ત થવા પામશે. નોકરી-વ્યવસાય-ધંધા ક્ષેત્રે પ્રવૃત્ત મહિલાઓને પ્રગતિની તક મળવાની શક્યતા. નાણાકીય જરૂરિયાત વિષયે સહયોગ સાંપડશે. એકંદર સમય અનુકૂળતાઓ રહેવા પામશે.



ધન : (ભ.ફ.ઢ.ધ.)

**શનિનું ફળ :** આ વર્ષમાં શનિ શરૂઆતથી વક્ર ગતિમાં અને ૨૮મી નવેમ્બરથી માર્ગી ગતિમાં રાશિથી ચોથા ભૂવનમાં મીન રાશિમાં ભ્રમણ કરશે. ચોથો શનિ અર્ધાષ્ટમ શનિ કહેવાય છે. જે કેટલેક અંશે પ્રતિકૂળ ફળ પ્રાપ્ત કરાવે છે. આ સમય શનિની નાની પનોતિનો પણ કહેવાય છે. સરકારી બાબતોમાં માનસિક શાંતિ ભંગ ન થાય તેની સાવચેતી રાખવી. વ્યર્થ, વણમાગ્યા ખર્ચ આવી શકે. રહેઠાણની જગ્યા નિવાસસ્થાન થકી કોઇ ફરિયાદ રહે. નિવાસ અન્યત્ર રાખવાનું બની શકે. આપના મકાન મિલકત દાંપત્યજીવનમાં પણ અણબનાવ ઘટી શકે. પરિવારમાં કલેશ ઝઘડો ઘર્ષણ થકી આરોગ્ય, બગડવાની ફરિયાદ જોવાય. જીવનસાથીના આરોગ્ય નિર્બળ રહી શકે. નકારાત્મક વિચારોથી માનસિક ભય અનુભવાય.

**ગુરુનું ફળ :** વિક્રમના આ વર્ષમાં ગુરુ કર્ક રાશિમાં આપની રાશિથી આઠમા ભૂવનમાં ભ્રમણ કરશે. જે ૧૧મી નવેમ્બરથી એક જૂન સુધી મિથુન રાશિમાં રહેશે. વર્ષારંભથી આપને આપના દાંપત્યજીવનમાં આનંદ રહે. નાણાકીય લાભ થાય. સુવિધાઓ વધવા સાથે નાણાકીય બચતો વધારી શકાય. વર્ષ મધ્યમથી ગુરુ આપના આઠમા ભૂવનમાં આવીને આપને કેટલિક બાબતોએ ફરિયાદ રખાવશે. મિલકત મકાનની ખરીદીમાં નાણાભીડ રહી શકે. વ્યાપાર- વ્યવસાયમાં આવકો વધવાની અપેક્ષાઓ સંતોષી શકાશે નહીં. આરોગ્યની નિર્બળતા અગત્યના કાર્યથી અળગા રખાવી શકે. મુસાફરીમાં ચીજવસ્તુ ગુમાવવાનું થાય, નોકરીમાં સંબંધોમાં નિર્બળતા રહી માનસિક ઉદાસીન રહી શકે.

**રાહુનું ફળ :** રાહુ આ વર્ષમાં વર્ષારંભથી કુંભ રાશિમાં - રહેશે. આપને આપના પ્રયાસોથી લાભની તકો મળતી જોવાય. જોકે આપની કમાણી અનિયમિતતા થકી ખર્ચાઇ જવાના સંજોગો છે. કોઇ ઘટના ખર્ચનું ભારણ વધારી શકે. જે નાણાભીડ રાખે. આપના ખોરાકમાં કોઇ વિષમય પદાર્થ આવી જતાં અચાનક આરોગ્ય નિર્બળ થશે. સંબંધોમાં આપનું વર્તન અણબનાવ રખાવી શકે. કૌટુંબિક બાબતોમાં વિવાદ ઘર્ષણ રહી શકે.

**માનસિક સુખાકારી :** આપની માનસિક સુખાકારી વિષયે આ સમય માનસિક વ્યથા રખાવી શકશે. અચાનક ઉદભવતી ઘટના આપની અનિશ્ચિતતા વધારી શકે. જવાબદારીઓ અદા કરવા આપને પ્રવૃત્તિશીલ રહેવાની જરૂર. વ્યાપાર- ધંધા માલ આવકો વધશે. જેની વ્યવસ્થા પરિશ્રમ માગશે. નાણાકીય યોજના નિયંત્રિત રાખવી પડશે. જેને કારણે અનિશ્ચિતતા વર્તાશે.

**આર્થિક સ્થિતિ :** વર્ષ દરમિયાન આપની આર્થિક સ્થિતિ એકંદરે મિશ્ર અનુકળતા અપાવશે. સમયે સમયે નાણાંની જરૂરિયાત સમયે પ્રાસંગિક નાણાભીડ રહે. આવક અનિયમિત રહેશે. કોઇ અપેક્ષિત આવકો અટવાઈ જવાથી નાણાભીડ રહી શકશે. કોઇ અચાનક ઘટના નાણાં ખર્ચ વધારી શકે. વર્ષાઆરંભમાં કોઈ નાણાકીય તક ઉદભવે. પ્રાસંગિક અને સમય સમયે ખર્ચ નાણાં જરૂરિયાત રાખશે. એકંદરે આર્થિક સ્થિતિ મિશ્ર અનિયમિત જોવાશે.

**નોકરી વ્યવસાય વ્યાપાર :** નોકરી વિષયે આ સમય પુરુષાર્થનું ફળ પ્રાપ્ત કરાવશે. પરિશ્રમ-પ્રયત્નથી નોકરી મળે. બઢતી બદલીમાં પણ પ્રયાસ જરૂરી બનશે. વ્યવસાયમાં પરિશ્રમથી કાર્યક્ષેત્રમાં સફળતા જોવાય. નવા કામો મળે. ધંધા વ્યાપારમાં માલનો બોજો વધી જવા ન પામે તે સાવચેતી રાખવી પડશે. ઉપાડમાં અછત રહી શકે. નાણાભીડથી નફાની તક ગુમાવવાનું થાય. જો કે, સાવચેતી થકી અનુકૂળતા રહી શકે.

**જમીન મકાન સંપત્તિ :** જમીન સ્થાવર મિલકત વિષયે આ સમય અંશત : અનુકૂળતા રખાવી શકે. સ્થાવર મિલકત ખરીદવાની ઈચ્છા હોય તો ખરીદી શકાય. જોકે અવરોધોને દૂર કરવામાં સમય બગડી શકશે. જૂની મિલકત વેચવામાં નફો મળે પણ ધારેલી રકમ નહીં મળે. સંપતિના વિવાદમાં સમય જશે.

**લગ્ન દાંપત્ય જીવન :** લગ્ન અને દાંપત્યજીવન માટે સમય અનુકૂળતા રખાવશે. વિવાહ લગ્ન ઈચ્છતા યુવાનો લગ્ન સંબંધોમાં બંધાઈ જશે. પ્રેમ લગ્નમાં પરિવારની દરમિયાનગિરી રાખશો. અન્યથા પાછળથી પસ્તાવું પડે. પુર્નલગ્ન પ્રયત્ન રાખતાં થઇ શકે છે. દાંપત્યજીવનમાં જીવનસાથી સાથે સ્નેહ લાગણીઓ જળવાઈ રહી શકશે. વિવાદથી દૂર રહેવાની મનોવૃત્તિ રાખી ફરજને પ્રધાન્ય આપવાથી સાનુકૂળતાઓ રહેલી જોવાશે.

**શત્રુ કોર્ટ કચેરી :** સામાજિક ક્ષેત્રમાં વ્યાપાર વ્યવસાય વર્તુળના પ્રતિસ્પર્ધીઓ, હરીફો કે હિતશત્રુઓની પ્રવૃત્તિ કનડગત રાખશે. પ્રવૃત્તિમાં અવરોધ રહી શકશે. કોર્ટ - ન્યાય માર્ગમાં રહેલી બાબતો સમય માંગી લેશે. સરકારી બાબતો કરવેરા વિગેરેમાં અનુકૂળતાઓ રહેવા પામીને અન્યમાં સમય લંબાતો જોવાશે.

**આરોગ્ય પ્રવાસ :** આરોગ્ય વિષયે આપે સાવધાની રાખવી પડશે. કોઈ અગાઉથી થયેલો રોગ કે પીડાની ચિકિત્સા સારવાર રાખશો. નહીંતર તે પુનઃ ઉદભવી શકે, ધાર્મિક યાત્રા પ્રવાસ શક્ય બનશે. મનોરંજનાર્થ મુસાફરી પ્રવાસમાં અવરોધની શક્યતા છે. યાત્રા-પ્રવાસ અર્થે એકંદર મિશ્ર પ્રભાવ જોવાશે.

**સંતાન વિદ્યાભ્યાસ :** સંતાનો વિષયક પ્રશ્નો સમય, સંતાનોની જરૂરિયાતો, અભ્યાસ, મનોરંજન રમતગમત પ્રવાસ માટે અનુકૂળતા રહેશે. વિદ્યાભ્યાસની તક રખાવશે. આરોગ્ય જાળવી શકાશે. સંતાનોની પ્રગતિ માટે સમય અનુકૂળતાઓ રાખશે.

**મહિલા વર્ગ :** મહિલાઓ માટે આ વર્ષનો સમય એકંદરે અનુકૂળતાવાળો રહેશે. આપની કાર્યક્ષેત્રમાં પ્રગતિ રખાવશે. અન્યથી સહયોગ સહકાર પ્રાપ્ત થશે. સંતાનો થકી હર્ષ આનંદની તક મળશે. નોકરી- વ્યવસાય- ધંધામાં પ્રગતિકારક સમય અનુકૂળતાઓ રખાવી શકશે.



મકર : (ખ.જ.)

**શનિનું ફળ :** વિક્રમના આ વર્ષમાં શનિ આપની રાશિથી ત્રીજા ભૂવનમાં મકર રાશિમાં રહેશે. ૨૮ નવેમ્બર સુધી વક્ર ગતિમાં રહી માર્ગી થાય છે. ત્રીજો શનિ શુભ ફળો આપનાર કહેવાયો છે. પનોતીમાંથી મુક્ત થયાનું અનુભવાશે. આરોગ્યની ફરિયાદોનો ચિકિત્સા થકી હલ આવશે. કાર્ય પ્રવૃત્તિ ક્ષેત્રમાં પ્રગતિ રાખી અવરોધોનું નિવારણ કરશે. નોકરીમાં સંતોષ અને ઉત્સાહની મનોવૃત્તિ રાખી શકશે. સામાજિક ક્ષેત્રમાં સહકાર સહયોગ રહેશે. માન- પ્રતિષ્ઠા જળવાઇને વધી શકે. જીવન જરૂરિયાતની સુવિધા પ્રાપ્ત થશે. આ સમયે આવકોની તક રાખી નાણાકીય સ્થિતિ મજબૂત રાખવા પ્રયત્નશીલ જોવાશે.

**ગુરુનું ફળ :** વિક્રમના આ વર્ષમાં ગુરુ આપની રાશિથી સાતમા ભુવનમાં કર્ક રાશિમાં ભ્રમણ કરે છે. ૧૧ નવેમ્બરથી ૧લી જૂન દરમિયાન વક્રગતિમાં થઇને મિથુન રાશિમાં રહે છે. વર્ષારંભથી કાર્યક્ષેત્રમાં અંશતઃ અવરોધો રહી શકે. જીવનસાથીની ફરિયાદ, હિતશત્રુઓની કનડગત રહી શકે. જોકે જૂન માસથી તેના નિવારણનો માર્ગ મળી શકશે. આરોગ્ય સમસ્યાનું નિવારણ મળે. વ્યાપાર વ્યવસાયમાં નાણાકીય આવકોનું આગમન થતું અનુભવાશે. કાર્યક્ષેત્રમાં પ્રયાસો વેગવંતા થશે. જીવનસાથી થકી પણ કોઈ લાભની તક મળી શકશે. ભાગીદારો-સહકાર્યકરોમાં સહયોગ રહેશે. સરકારી બાબતો અનુકૂળતા રહેશે. બચત- સંચયો વધે. એકંદરે અનુકૂળતા રહેતાં પ્રગતિશીલ રહેવાશે.

**રાહુનું ફળ :** રાહુ વર્ષારંભથી કુંભ રાશિમાં આવતાં આપને કૌટુંબિક ફરિયાદો- વ્યર્થ ખર્ચ- માનસિક અનિર્ણાયકતામાંથી આ સમય બહાર લાવવા પ્રયત્નશીલ રહેશે. પાચનતંત્રની ફરિયાદ રહી શકે. માનસિક દ્વિધા જણાશે. અતિ વિશ્વાસ કોઇ ભૂલભરેલ નિર્ણય ન લેવડાવે તેનું ધ્યાન રાખજો. લોભ લાલચથી દૂર રહેવું હિતાવહ છે. આપના વર્તનથી કોઇને અપમાનિત થવાનું ન થાય તે સાવધાની રાખશો. કાર્યક્ષેત્રમાં પુરુષાર્થથી પ્રગતિશીલ રહેવાશે.

**માનસિક સુખાકારી :** આ વર્ષના ગ્રહયોગોના પ્રભાવ થકી આપની માનસિક સુખાકારી અનુકૂળતાઓનો અનુભવ કરી શકાશે. પરિવારમાં હર્ષ આનંદના પ્રસંગનો ઉદભવ થશે. કોઈ માંગલિક પ્રસંગમાં આપની ભૂમિકાથી સન્માનિત થવાની લાગણી અનુભવાશે. કાર્યક્ષેત્રમાં પ્રોત્સાહિત પ્રવૃત્તિ થકી અગ્રિમ થવાનો આશાવાદ ઉદભવે. એકંદરે, અનુકૂળતા થકી પ્રગતિ સુવિધા રહેશે.

**આર્થિક સ્થિતિ :** વર્ષારંભથી ડિસેમ્બર માસ દરમિયાન અંશતઃ અવરોધમાં રહેલી આવકો દેખાશે. માર્ચથી જૂન દરમિયાન નાણાકીય પ્રવૃત્તિ વધતા આવક વધશે. વ્યાપાર- વ્યવસાયમાં પ્રવૃત્તિ પ્રગતિકારક થતી જોવાશે. વર્ષ મધ્યથી વર્ષાન્ત નાણાકીય અનુકૂળતાઓ થકી નાણાં સંચયો વધી શકે. કોઈ મિલકત પારિવારિક પ્રસંગમાં ખર્ચ થઈ શકે. રોકાણો થકી વ્યાપાર- ધંધા પ્રવૃત્તિ વિકાસલક્ષી બનાવી શકાશે. એકંદરે નાણાકીય સ્થિતિ અનુકૂળ રહેતાં સુવિધા પ્રસન્નતા કાર્યક્ષેત્રમાં વૃદ્ધિ થતી જોવાશે.

**નોકરી - વ્યવસાય -વ્યાપાર :** નોકરી વિષયે આ સમય આપને સાનુકૂળતાઓમાં રાખશે. નવી નોકરીની ઈચ્છા હશે, તો અપેક્ષાનુસાર બદલી કે ફેરફારો સંભવ છે. આ સમયમાં અપેક્ષાઓ સંતોષાઈ શકે. વ્યવસાય વિષયમાં પ્રવૃત્તિ અને કાર્યક્ષેત્ર વધવા પામે. આવક વધવા સાથે પ્રગતિ જણાશે, વ્યાપાર ધંધામાં પણ વિકાસ તરફી મનોવૃત્તિ રાખીને વ્યાપાર પ્રવૃત્તિ કરી શકાશે. વર્ષ મધ્યથી નફાકારકતા પ્રગતિશીલતા જોવાશે.

**જમીન - મકાન - સંપત્તિ :** જમીન સ્થાવર મિલકત સંબંધી બાબતોમાં પણ અનુકૂળ સંજોગોનો ઉદભવ સંતોષ આપશે. આપને જમીન- મકાન કે વ્યાપારાર્થે દુકાન- ગોડાઉન- ઓફિસ ખરીદવાની યોજના હશે તો તે ખરીદી શકાશે. જૂની મિલકત વેચીને નફો મેળવી શકાશે. અતિવિશ્વાસ તેમજ અન્યની દોરવણીથી દોરવાઈ ન જવાય તેની સાવચેતી રાખીને કાર્યપ્રવૃત્તિ રાખી શકાય.

**લગ્ન દાંપત્ય જીવન :** દાંપત્યજીવનની સુખાકારી વિષયે આ વર્ષમાં સાનુકૂળતાભર્યો સમય રહેશે. જીવનસાથી સાથે સ્નેહ, પ્રેમ લાગણી સચવાઈ રહેશે. સંતાનની ઈચ્છા રાખનાર દંપતીને સંતાન જન્મ પ્રાપ્તિ રહેશે. યુવક યુવતીઓની ઈચ્છા મુજબ વિવાહ લગ્ન સંભવી શકશે. પુર્નલગ્નની ઈચ્છાઓ સંતોષી શકાશે. પ્રેમ લગ્ન સ્વપસંદગીના લગ્ન સંબંધોને અનુકૂળતા રહી શકે છે.

**શત્રુ કોર્ટ કચેરી :** વર્ષ દરમિયાન સામાજિક વ્યાપાર વ્યવસાય કે કાર્યપ્રવૃત્તિ ક્ષેત્રના પ્રતિસ્પર્ધીઓ હરીફો કે હિતશત્રુઓ પ્રવૃત્તિ રાખતા દેખાશે. તેમ છતાં આપની કુશળ મજબૂત યોજનાઓને કારણે અવરોધોનું શમન થઈ જશે. સરકારી કાર્યો કે કોર્ટ કાનૂની વિવાદી બાબતોમાં નિવારણ મળતાં બાબતો હલ થયેલો જોવાશે. એકંદરે પ્રયત્નો થકી હલ મળી રહેશે.

**આરોગ્ય પ્રવાસ :** આરોગ્યની કાળજી લેવાનું ભૂલશો નહીં. પરિવારમાં વડીલોના આરોગ્યની નિયમિત તપાસ ચિકિત્સા રાખશો. વર્ષારંભથી મધ્ય સમય જૂના રોગ દર્દ પુનઃ ઉદભવી શકે. એકંદરે આરોગ્યને પ્રયત્ન થકી જાળવી શકાશે. પ્રવાસ, યાત્રા, મનોરંજન, મોજશોખના પર્યટન વિગેરે માટે અનુકૂળતા રહેશે.

**સંતાન વિદ્યાભ્યાસ :** આપના સંતાનો વિષયે આ સમયમાં તેમના આરોગ્ય બાબતે કાળજી લેવી પડશે. વિદ્યાભ્યાસ બાબતે સાવધાની રાખવી પડશે. સંતાનો અન્યત્ર દોરવાઈ ન જાય તે ધ્યાન રાખવું પડશે. તેઓના ઉચ્ચ અભ્યાસની ઈચ્છા સંતોષી શકાશે. એકંદરે, અનુકૂળતાઓ રહેલી જોવાશે.

**મહિલા વર્ગ :** મહિલા વર્ગને આ વર્ષ પ્રગતિકારક રહેવા પામશે. આપની નોકરી- વ્યવસાય- વ્યાપારના કાર્યક્ષેત્રમાં પ્રવૃત્તિ અને કાર્ય પ્રગતિશીલતા પૂર્વક વધેલી જોવાશે. આપનો સંતોષ હર્ષ આનંદ ધીમી ગતિથી વિકાસ સાધી રહેલો અનુભવાશે.



કુંભ : (ગ.શ.સ.)

**શનિનું ફળ :** વિક્રમના આ વર્ષમાં શનિ આપની રાશિથી બીજા સ્થાને મીન રાશિમાં ભ્રમણ કરશે. જે ૨૮ નવેમ્બર સુધી વક્રગતિમાં રહેવા પામશે. આ સમયમાં આપને શનિની મોટી સાડાસાત વર્ષની પનોતિ બીજા તબક્કામાં ચાલે છે. જે રૂપાને પાયે છે. આપને સામાન્ય પ્રતિકૂળતાઓનો સમય રહી શકે. માનસિક ભારણ રહે. ચિંતા- વ્યથા સતત જોવાશે. નાણાંનો વ્યય થવા કે ખર્ચ વધવા તરફી જોવાય, નાણાકીય સ્થિતિ કેટલેક અંશે નિબંધી જોવાય. દાંપત્ય જીવનમાં પરિવારમાં કે સંતાનો વિષયે ફરિયાદ રહી શકે. આપના સેવકો- કર્મચારીઓ પણ કોઈ ફરિયાદ રાખી શકે. સામાજિક ક્ષેત્રે કોઈ ઘટતી માનસિક સ્થિતિ ઉપર પ્રભાવિત થઈ શકે. અંધ શ્રદ્ધા- મેલી વિદ્યાથી પણ દૂર રહેવું. ડિસેમ્બર ચોમાસામાં અંશતઃ અનુકૂળતાઓ રહી શકે.

**ગુરુનું ફળ :** વર્ષ દરમિયાન ગુરુ કર્ક રાશિમાં આપની રાશિથી છઠ્ઠા ભૂવનમાં રહે છે. ઉજી ડિસે.થી મે દરમિયાન તે મિથુન રાશિમાં રહેવા પામે છે. વર્ષ આરંભથી વર્ષ મધ્ય સુધીના સમયમાં આપને કૌટુંબિકજીવનમાં કાર્યક્ષેત્રમાં કેટલેક અંશે લાભપ્રદ સંજોગો થશે. નાણાકીય બાબતોમાં અનુકૂળતા રહે. જૂન માસથી આવકોમાં વિલંબ થવાનું પરિબળ છે. વાયદા વેપાર કે અતિવિશ્વાસુ થકી થયેલા નિર્ણયોથી નુકસાન સંભવ છે. નિવાસ સ્થળ, વિષયે કોઈ પ્રશ્ન ઉદભવતાં અશાંત મનોવૃત્તિ થાય. આરોગ્ય વિષયે કાળજી લેવાનું ચૂકશો નહીં. અગાઉના સમયમાં થયેલ ભૂલો કે નિર્ણયોનાં પરિણામ થકી સહન કરવું પડશે. માનસિક કલેશ વાદવિવાદ નિરાશાના સંજોગો ટૂંક સમય માટે ઉદભવે અને શમી જતાં જણાશે. સરકારી બાબતોમાં સાવધાનીપૂર્વકની પ્રવૃત્તિ રાખવા. એકંદરે આ સમય મિશ્ર અનુકૂળતા અને સંજોગોનાં રહેતાં માનસિક વ્યથા રહેલી જોવાશે.

**રાહુનું ફળ :** રાહુ વર્ષારંભથી આપની રાશિમાં રહેતો હોવાથી નાણાકીય ખર્ચના સંજોગો રખાવી શકશે. પત્નીના આરોગ્યની ફરિયાદ સંભવ.કરવેરા- લોન-દેવું ભરપાઈ કરવા નાણાંનો અભાવ જોવાય. મિલકત સંપત્તિ વિષયક બાબતોમાં નિરાશા અસંતોષ રહી શકે. ભ્રાતૃવર્ગ કે સહયોગીયોથી અણબનાવની ઘટના રહેવા પામે. આપનો આત્મવિશ્વાસ અને હિંમત નિર્બળ બનતા અનુભવાય. આપની પ્રવૃત્તિ કે પ્રયાસોની વિરુદ્ધ પરિણામ મળવાની શકયતા છે. એકંદરે આ સમય મિશ્ર પ્રતિસાદ રાખી શકશે.

**માનસિક સુખાકારી :** વર્ષ દરમિયાન આપની માનસિક સુખાકારી મિશ્ર રહેશે. સમયે સમયે દ્વિધા– બેચેની- કાર્યમાં પાછીપાની કરવી પડે. નોકરીમાં ઉપરી અધિકારીથી સંબંધો વણસી શકે. વ્યાપાર-ધંધામાં જવાબદારીની પૂર્તતા કરવા નિર્બળતા રહે. આરોગ્યની બાબતો પણ સમય માગશે. સંબંધીઓ- સામાજિક ક્ષેત્રે તેમની અપેક્ષા અપૂર્ણ રહેતાં અણબનાવમાં પરિણમશે. એકંદરે મિશ્ર સુખાકારીનો સમય બેચેની રાખશે.

**આર્થિક વિકાસ :** આર્થિક નાણાકીય બાબતો અંગે આ સમય પુરુષાર્થ માંગશે. આપને સતત પ્રવૃત્તિ રહી નાણાં વ્યવહારને જાળવવા પડશે. વ્યવહારો અટકી કે બંધ થઈ જવાની ભીતિ રહેશે. ખર્ચના સંજોગો વખતો વખત હાજરી પુરાવતા રહેશે. કોઈ કોઈ ઘટનાઓ થકી કોઈ કોઈ નાણાં આવકો - રુંધાઈ જઈ શકે છે. જે આવકોનો માર્ગ સંકડાઇ જશે. કોઈકોઈ પ્રાસંગિક ખર્ચ નકારી ન શકાય તેવા હશે. જે ખર્ચની ચિંતા રખાવી શકે.

**નોકરી - વ્યવસાય - વ્યાપાર :** નોકરી વિષયના પ્રશ્નો બાબતે આ સમયમાં નવી નોકરીની ઈચ્છા રાખનારને કેટલેક અંશે પરિશ્રમ રાખવો પડશે. જૂની જગ્યા છોડી કે બદલવા માટે અતિવિશ્વાસ ન રહે. નવી જગ્યાએ અસંતોષની સંભાવના રહે છે. વ્યવસાયમાં પણ પરિશ્રમથી પ્રવૃત્તિને સાચવી શકાશે. નાણાં આવકો રુંધાઈ જતાં આર્થિક ભીડ વર્તાશે. વ્યાપાર-ધંધામાં પણ નાણાકીય વ્યવહારોમાં સાવધાની પૂર્વકની પ્રવૃત્તિ રાખવી પડે. નુકસાનીનો ભય રહી શકે. એકંદરે, અનુકૂળતાની ગેરહાજરી જોવાશે.

**જમીન મકાન સંપતિ :** વર્ષ મધ્યમાં દુકાન-મકાન-ફ્લેટ વિગેરે ખરીદવાની ઈચ્છા હોય તો ખરીદી શકાશે. જોકે પરિશ્રમ અને મહેનત કરવી પડે. વર્ષાન્તમાં પ્રતિકૂળતાઓ સચવાતી જણાશે.

**શત્રુ કોર્ટ કચેરી :** આપના વ્યાપાર, ધંધા, વ્યવસાય કે સામાજિક ક્ષેત્રના હરીફો કે હિતશત્રુઓની પ્રવૃત્તિઓ રહેલી જોવાશે. આપને અવરોધ અથવા વિઘ્નોને અવગણીને અગ્રિમ પ્રયત્નશીલ રહેવું પડશે. સરકારી કાર્યોમાં નિયમિતતા સાચવશો. કોર્ટમાં રહેલી બાબતોમાં સમય અને ખર્ચ વધવાની સંભાવનાઓ જોવાશે. એકંદર અનુકૂળતાઓ અલ્પ માત્રામાં હોઈ, પુરુષાર્થ કરવો પડે.

**આરોગ્ય પ્રવાસ :** આ સમયમાં આપનું તેમજ આપના પરિવારના સભ્યોનું આરોગ્ય સાચવી શકાશે. સમયે સમયે આરોગ્ય સામાન્ય નિર્બળ બનવાના સંજોગો જોવાશે. જોકે કાળજી અને સાવચેતી આરોગ્ય જાળવી રાખવા પામશે. પ્રવાસ- યાત્રા- વિષયે મિશ્ર સમય જોવાશે. મનોરંજન મોજશોખની મુસાફરી પ્રવાસ નિવારવાનું રાખશો. અન્ય અનુકૂળતાઓ રહે છે.

**સંતાન વિદ્યાભ્યાસ :** સંતાનો વિષયક બાબતોમાં એકંદર સંતાનોની જરૂરિયાતો સંતોષી શકાશે. સંતાનોની કાર્યકુશળતા- આવડત, કુશગ્રતા થકી આપને આનંદ મળે. વિદ્યાભ્યાસની તકો ઉદભવી શકે. ઉચ્ચ અભ્યાસ પ્રાપ્ત કરવાની વ્યવસ્થા થેશે. પરદેશગમનમાં તકેદારી રાખીને આગળ થવું. એકંદરે અનુકૂળ સમય છે.

**મહિલા વર્ગ :** આ વર્ષ મહિલા વર્ગ માટે મિશ્ર પ્રતિસાદ રાખશે. અપેક્ષા, મનોરથોની પૂર્તતા માટે પરિશ્રમ-પ્રયત્નો રાખવા પડશે. અન્યથી સહયોગ સાંપડી શકશે. નવી નોકરી- વ્યવસાય-વ્યાપારમાં સાવધાની રાખવાથી નુકસાની કે પરેશાનીથી બચી શકાશે. એકંદરે, વર્ષ દરમિયાન મિશ્ર પ્રતિસાદ મળતો રહેશે.



મીન : (દ.ચ.ઝ.થ.)

**શનિનું ફળ :** વિક્રમના આ વર્ષમાં શનિ આપની રાશિમાં ભ્રમણ કરશે. ૨૮ નવેમ્બર સુધી વક્ર ગતિમાં રહે છે. આપને શનિની મોટી પનોતી વ્યતિત થઈ રહી છે. આ વર્ષમાં મધ્ય તબક્કો જે સુવર્ણના પાયે ચાલે છે. આ સમય માનસિક ચિંતા રખાવી શકશે. જન્મગ્રહો નિર્દોષ કરતા હોય તો રોગ- પીડાથી કાળજી રાખવી. જૂના દર્દ રોગની તબીબી સારવાર નિયમિતતાપૂર્વક રાખશો. આપની પ્રવૃત્તિ અને કાર્યક્ષેત્રમાં વિઘ્ન ઉદભવવાના સંજોગો રહી શકે, જેથી થકી ખર્ચ અને નાણાભીડ સંભવી શકે. મિત્રો અને સહયોગી વર્ગ પણ અન્યત્ર રોકાયેલો હોઈ, સહયોગથી દૂર રહેશે. સંતાનો, વડીલો કે પરિવારના સભ્યોની આરોગ્ય કે અન્ય ફરિયાદ ચિંતાનું કારણ બની શકશે. આ સમય આપને પરિશ્રમ અને પ્રયત્નો થકી પુરુષાર્થ રાખવો પડશે. જે થકી કાર્યભારમાં નિયમિતતા સાચવી શકશો.

**ગુરુનું ફળ :** વિક્રમના આ વર્ષ દરમિયાન ગુરુ આપની રાશિથી પાંચમા ભૂવનમાં ભ્રમણ કરે છે. ઉજી ડિસેમ્બરથી ૩૧મી મે સુધી તે મિથુન રાશિમાં રહેશે. આપને વર્ષારંભથી મે દરમિયાન અંશતઃ પ્રતિકૂળતા રહેતા નાણાકીય બાબતો, પારિવારિક પ્રશ્નો અને કાર્યક્ષેત્રમાં અવરોધ અશાંતિ ચિંતા રખાવશે. જૂનથી ગુરુ કર્ક રાશિમાં આવતાં કેટલેક અંશે રાહતના સંજોગો જણાશે. અટકી ગયેલા નાણાં કે આવક ધીમા પ્રવાહે મળશે. કાર્યક્ષેત્રમાં અવરોધો દૂર થશે. પારિવારિક બાબતો હલ થઈને કોઈ મંગલ પ્રસંગ કે ધાર્મિક ઉત્સવનું આયોજન થશે. નવી ઓળખાણ લાભ પ્રાપ્ત કરાવવશે. દાંપત્યજીવનમાં ઉત્સાહ હર્ષ જાળવી શકાશે. અગાઉના સમયમાં નુકસાની કે અટવાયેલા નાણાં પ્રાપ્ત થવાના સંજોગો છે.

**રાહુનું ફળ :** વર્ષ દરમિયાન રાહુ શરૂઆતથી કુંભરાશિમાં રહેશે. જે આપને અનુકૂળતાઓ રાખી રાહતનો સમય રખાવી શકશે. કાર્યક્ષેત્રમાં કોઈ અચાનક લાભની તક પ્રાપ્ત થઈ શકે. જે થકી આપની જવાબદારીઓમાં નુકસાની ભરપાઈ થશે. કોઈ સંજોગો થકી આપના ઉત્સાહમાં વધારો થાય. કાર્યપ્રવૃત્તિ વેગવંતી બને અને પરિવારમાં સહયોગના ભાવના રહેશે.

**માનસિક સુખાકારી :** આ વર્ષ દરમિયાન આપને આવતા કાર્યક્ષેત્રમાં પ્રવૃત્ત અને કાર્યરત રહેવા ઉત્સાહદાયક સંજોગો- તકો, કારણો ઉદભવમાં રહેતા જોવાશે. જે માનસિક ચિંતા- વ્યથામાં રાહત અપાવશે. આરોગ્યની ચિકિત્સા થકી સારવાર રાહત થશે. પારિવારિક સહયોગ પણ ઉત્સાહમાં ટેકો રાખતાં વર્ષ દરમિયાન માનસિક સુખાકારી અનુકૂળતાઓમાં જળવાઈ રહેલી જોવાશે.

**આર્થિક સ્થિતિ :** શરૂઆતથી નાણાં વિષયે અંશતઃ પ્રતિકૂળતાના સંજોગો છે. નાણાભીડ- આવકમાં વિઘ્ન- ખર્ચનું ભારણ રહેલું જોવાશે. ૫ ડિસેમ્બરથી કોઈ સંજોગો નાણાંની તક લાવતા જોવાશે. વ્યાપાર-ધંધામાં આવક વધી શકે. અટવાઈ ગયેલ રકમો ભરપાઈ થવા પામશે. નોકરીમાં સારા સમાચારથી ઉત્સાહ વધવા પામશે. વ્યવસાયમાં મોટા કામો મળવા સંભવી શકે. જૂન માસ બાદનો સમય નાણાકીય આવકોમાં નિયમિતતા રાખવાનું વલણ રાખશે. જે થકી આયોજનમાં પ્રસંગ- ખર્ચ બચતના કાર્યો સરળતા રહેશે.

**નોકરી - વ્યસાય -વ્યાપાર :** નવી નોકરીની ઈચ્છા રાખનાર જાતકો પ્રયત્નથી સફળતા મેળવી શકશે. બદલી- બઢતીની બાબતો અનુકૂળતા છે. વ્યવસાય વિષયે ઉત્સાહ પૂરો પાડવા સંજોગોનું નિર્માણ થશે. જે થકી આવક-નાણાં મેળવી શકાશે. વ્યપાર ધંધામાં વ્યવહારો વધશે. આમ છતાં સાવધાની સાથે પ્રવૃત્તિ આવશ્યક છે. આવક વધતી જણાશે. અનુકૂળતા સાથે સમય ઉત્સાહજનક રહેશે.

**જમીન- મકાન સંપતિ :** જમીન, સ્થાવર મિલકતના પ્રશ્નોમાં નવી જમીન ખરીદવાના સંજોગો રહી શકે. જોકે સાવધાની અનિવાર્ય બનશે. ખેતીની જમીન વેચવા સાથે નફાની ઈચ્છા હોય, અનુકૂળતા રહી શકશે. મકાન- ફ્લેટ ખરીદવાની ઈચ્છા હોય તો પ્રયત્નથી તે ખરીદ થઈ શકે. નાણાં લોન મળી શકશે. પારિવારિક મિલકતની વહેંચણી નીવેડો પ્રયાસપૂર્વક અપેક્ષાનુસાર લાવી શકાય. કાનૂની બાબતોમાં સરળતા રહેશે. એકંદર સંજોગો મિશ્ર રહેવા પામશે.

**લગ્ન દાંપત્ય જીવન :** દાંપત્ય જીવનની બાબતોમાં ઉત્સાહ આનંદ સચવાઈ રહેશે. પારિવારિક ભાવનાથી પ્રેમ સ્નેહ લાગણીઓ જળવાઈ રહે. લગ્નવાંચ્છુ યુવક યુવતીઓના વિવાહ લગ્નના સંજોગો થઈ શકશે. સ્વઈચ્છાથી વિવાહ લગ્નની ઈચ્છા હવે વડીલોની સંમતિથી થઈ શકશે. પુર્નલગ્નમાં યોગ્ય સાથી મળી શકશે. વાદવિવાદમાં રહેલા લગ્નેત્તર સંબંધોમાં પ્રયત્ન અને વડીલોની દરમિયાનગીરી અનુકૂળતા લાવી શકાશે.

**શત્રુ કોર્ટ કચેરી :** સામાજિક કે કાર્યક્ષેત્રના હરીફો હિતશત્રુઓ આ સમયમાં સરળતા રાખશે તેથી આપને રાહત થશે. જોકે આપને તે બાબતે યોગ્ય વર્તન રાખવું પડશે. કોર્ટ કચેરીને લગતી બાબતોને પ્રયત્ન થકી સૂલટાવીને સરળ બનાવી શકશે. નિરાકરણ માટે સમાધાનની મનોવૃત્તિ રાખવી, બાંધછોડ કરવાથી ફાયદો શક્ય છે.

**આરોગ્ય પ્રવાસ :** જૂના દર્દ રોગની તબીબી ચિકિત્સા નિયમિત રાખવી હિતાવહ રહેશે. આરોગ્ય જાળવી શકાય. મનોરંજક મુસાફરી પ્રવાસ થઈ શકે, ખર્ચ રહેશે. ધાર્મિક યાત્રાના સંજોગો ઉદભવી શકશે. એકંદર સમય અનુકૂળતા જાળવી રાખશે.

**સંતાન વિદ્યાભ્યાસ :** સંતાનોની જરૂરિયાતો સંતોષી શકાય. વિદ્યાભ્યાના સંજોગો માટે પ્રયત્નો જરૂરી. ઉચ્ચ અભ્યાસની તક મળશે. વિદ્યાભ્યાસ વિષયે પ્રોત્સાહક સંજોગો ઉદભવે.

**મહિલા વર્ગ :** મહિલાઓને અપેક્ષા મુજબની તક પ્રાપ્ત થવાની સંભાવના છે. પ્રગતિ વિકાસ શક્ય બનશે. પરિવારના સભ્યોનો સહકાર કે સહયોગ મેળવી શકાશે. જીવનસાથીનો સ્નેહ લાગણી સાથ નિભાવી રાખશે. નાણાંની પ્રાપ્તિ થકી સબળ બની જશે. આ સમયગાળામાં એકંદરે, અનુકૂળતાઓ જળવાઈ રહેશે.

# બિહાર ચૂંટણી : તેજસ્વી યાદવને CM પદના ઉમેદવાર, મહાગઠબંધનમાં સહમતી

## બિહાર ચૂંટણી: એનડીએના તમામ સહયોગી ચૂંટણી પ્રચાર માટે મેદાને : પ્રશાંત કિશોર દ્વારા જોરશોરથી જન સ્વરાજનો પ્રચાર

**પટના**

બિહાર વિધાનસભા ચૂંટણી પહેલા મહાગઠબંધનમાં મુખ્યમંત્રી ઉમેદવારને લઈને સહમતી થઈ ગઈ છે. રાષ્ટ્રીય જનતા દળના નેતા તેજસ્વી યાદવને મુખ્યમંત્રીનો ચહેરો બનાવવામાં આવશે. કોંગ્રેસ અને લેફ્ટ પાર્ટીઓએ પણ તેજસ્વીને ઉમેદવાર બનાવવા સમર્થન આપ્યું છે. એવામાં હવે મહાગઠબંધન દ્વારા પત્રકાર પરિષદ યોજી તેજસ્વીના નામની સત્તાવાર જાહેરાત કરવામાં આવશે. નોંધનીય છે કે બિહાર વિધાનસભા ચૂંટણીમાં મહાગઠબંધનમાંથી RJD જ સૌથી વધુ બેઠકો પર ચૂંટણી લડી રહ્યું છે. બીજી તરફ NDA તરફથી મુખ્યમંત્રી



કોણ બનશે તેની કોઈ સત્તાવાર પુષ્ટિ થઈ નથી. ભારતીય જનતા પાર્ટીના નેતા કહે છે કે નીતિશ કુમારના નેતૃત્વમાં ચૂંટણી લડાશે જ્યારે જનતા દળ યુનાઈટેડના નેતાઓ કહી રહ્યા છે કે NDA ચૂંટણી જીતશે તો નીતિશ કુમાર જ મુખ્યમંત્રી બનશે. આ ઉપરાંત પ્રશાંત કિશોર પણ જોરશોરથી પ્રચાર કરી રહ્યા છે.

### RJD ઉમેદવારની ધરપકડથી રાજકારણ ગરમાયું, ઝારખંડમાં પોલીસ કાર્યવાહીથી ખેંચતાણ

સાસારામથી રાષ્ટ્રીય જનતા દળ (RJD)ના ઉમેદવાર સત્યેન્દ્ર સાહની નામાંકન પત્ર ભર્યાના તુરંત બાદ ધરપકડ કરવામાં આવી છે. RJDએ આ ધરપકડને રાજકીય ષડયંત્ર ગણાવ્યું છે, RJDના ઉમેદવાર સત્યેન્દ્ર સાહ 20 ઓક્ટોબરના રોજ સાસારામ વિધાનસભા બેઠક પરથી ઉમેદવારી પત્ર ભરવા પહોંચ્યા હતા. જેવી જ તેમની નામાંકન પ્રક્રિયા પૂરી થઈ, ઝારખંડ પોલીસની એક ટીમે 20 વર્ષ જૂના એક કેસમાં બિનજામીનપાત્ર વોરંટના આધારે તેમની ધરપકડ કરી લીધી. પોલીસ રેકોર્ડ મુજબ, સાહ વિરુદ્ધ લૂંટ, ધાડ અને આર્મ્સ એક્ટના ઉલ્લંઘન જેવા ગંભીર કેસો નોંધાયેલા છે.

### બિહારમાં મહાગઠબંધનને મોટો ઝટકો, ચૂંટણી પહેલા જ મહિલા ઉમેદવારનું નોમિનેશન રદ

ચૂંટણી પંચે કૈમૂર જિલ્લાની મોહનિયા વિધાનસભા બેઠક પરથી રાષ્ટ્રીય જનતા દળ (RJD)ના ઉમેદવાર શ્વેતા સુમનનું નામાંકન પત્ર રદ કરી દીધું છે. ચૂંટણી પંચે શ્વેતા સુમનને ઉત્તર પ્રદેશના મૂળ નિવાસી ગણીને તેમનું નામાંકન અમાન્ય ઠેરવ્યું છે. આ મામલે ભારતીય જનતા પાર્ટીએ ચૂંટણી પંચમાં ફરિયાદ કરી હતી કે શ્વેતા સુમન બિહારના મૂળ નિવાસી નથી, પરંતુ ઉત્તર પ્રદેશના ચંદૌલી જિલ્લાના રહેવાસી છે. ભાજપનો આરોપ હતો કે બિહારની આરક્ષિત બેઠક પરથી ચૂંટણી લડવા માટે રાજ્યના મૂળ નિવાસી હોવું ફરજિયાત છે. ચૂંટણી પંચે ભાજપની ફરિયાદ પર કાર્યવાહી કરતા શ્વેતા સુમનના દસ્તાવેજોની તપાસ કરી હતી.

# બિહારમાં ચૂંટણી પહેલાં મોટો કાંડ કરવાની તૈયારીમાં હતી સિગ્મા ગેંગ, દિલ્હીમાં ચારનું એન્કાઉન્ટર

## પોલીસ અને આરોપીઓ વચ્ચે જોરદાર ગોળીબાર થતાં ચારેયને ગોળી વાગી

**નવીદિલ્હી**

દિલ્હીના રોહિણી વિસ્તારમાં બુધવારે (23 ઓક્ટોબર) મોડી રાત્રે એક એન્કાઉન્ટર કરવામાં આવ્યું છે, જેમાં બિહારમાંથી વોન્ટેડ ચાર કુખ્યાત બદમાશોને પોલીસે ઠાર મારી દીધા છે. આ ઓપરેશન દિલ્હી પોલીસની ક્રાઇમ બ્રાન્ચ અને બિહાર પોલીસની સંયુક્ત ટીમે સફળતાપૂર્વક પાર પાડ્યું હતું. આ આરોપીઓ બિહાર વિધાનસભાની ચૂંટણી પહેલા રાજ્યમાં આતંક મચાવવાની યોજના બનાવી રહ્યા હતા.

આ એન્કાઉન્ટર 22 અને 23 ઓક્ટોબરની મધ્યરાત્રિએ લગભગ 2:20 વાગ્યે થયો હતો. આ અથડામણ બહાદુર શાહ માર્ગ પર ડૉ. આંબેડકર ચોકથી લઈને પંસાલી ચોક સુધી ચાલી હતી. પોલીસ અને આરોપીઓ વચ્ચે જોરદાર ગોળીબાર થયો હતો, જેમાં ચારેય આરોપીઓને ગોળી વાગી હતી. તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે રોહિણી સ્થિત ડૉ. BSA હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તેમનું મૃત્યુ નિપજ્યું હતું. એન્કાઉન્ટરમાં માર્યા ગયેલા આરોપીની ઓળખ 25 વર્ષીય રંજન પાઠક, 25 વર્ષીય બિમલેશ મહતો ઉર્ફે બિમલેશ સાહની, 33 વર્ષીય મનીષ પાઠક અને 21 વર્ષીય અમન ઠાકુરનો સમાવેશ થાય છે. રંજન, બિમલેશ અને મનીષ ત્રણેય બિહારના સીતામઢી જિલ્લાના રહેવાસી હતા, જ્યારે અમન ઠાકુર દિલ્હીના કરવાલ નગરના શેરપુર ગામનો હતો.

# MPમાં દારૂડિયા સ્કૂલ વાન ડ્રાઈવરે 2 કાર, 20 બાઈકોને અડફેટે લીધા

## ગુસ્સે ભરાયેલી ભીડે ડ્રાઈવરને માર માર્યો

**ભોપાલ**

મધ્યપ્રદેશના છતરપુરના સિટી કોતવાલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં મંગળવારે મોડી રાત્રે હોસ્પિટલ પરિસરમાં મોટી દુર્ઘટના બની છે. નશામાં ધૂત સ્કૂલ વાનના ડ્રાઈવરે હોસ્પિટલ પરિસરમાં પાર્ક કરેલી બે કાર અને લગભગ 20 બાઈકને અડફેટે લીધી છે. અકસ્માતમાં અનેક લોકોને ઈજા થઈ હોવાની વિગતો આવી છે. આ ઘટનાનો CCTV વીડિયો પણ સામે આવ્યો છે.

ઘટનાને નજરે જોનારાઓએ કહ્યું કે, વાને હોસ્પિટલ પરિસરમાં ઊભેલી એક સ્કૂટીને પણ ટક્કર મારી હતી, જેમાં એક મહિલા અને એક બાળકીને ઈજાઓ થઈ છે. જ્યારે હોસ્પિટલના ગાર્ડ અરવિંદ સિંહે વાનના ડ્રાઈવરને અટકાવવાનો પ્રયાસ કર્યો, ત્યારે આરોપીએ ગાર્ડ પર પણ વાહન ચડાવવાનો પ્રયાસ કર્યો હતો. જોકે ગાર્ડ કોઈક રીતે પોતાનો બચાવ કરવામાં સફળ રહ્યો હતો. ઘટના બાદ ગુસ્સે ભરાયેલા લોકોએ ડ્રાઈવરને પકડીને જોરદાર ધોલાઈ કરી હતી.

# ખજુરાહોમાં બનશે દેશનું સૌથી મોટું એરબેઝ : સરકારની જાહેરાત

## રક્ષામંત્રાલયને 1000 એકર જમીન ફાળવવામાં આવી

**ભોપાલ**

મધ્યપ્રદેશના વિશ્વ પ્રસિદ્ધ પર્યટન સ્થળ ખજુરાહોને ટૂંક સમયમાં દેશના સૌથી મોટા એરબેઝની ભેટ મળવા જઈ રહી છે. આ એરબેઝ ભારતીય વાયુસેના (IAF)ના ફાઈટર જેટ અને અન્ય સૈન્ય વિમાનો માટે એક મહત્વપૂર્ણ વ્યૂહાત્મક કેન્દ્ર તરીકે કાર્ય કરશે. આ એરબેઝના નિર્માણ માટે ખજુરાહો એરપોર્ટની નજીક લગભગ 1000 એકર જમીન પસંદ કરવામાં આવી છે. જો તમામ સંમતિઓ મળી જશે, તો આવતા વર્ષથી જમીન સંપાદનની કાર્યવાહી શરૂ થઈ શકે છે. ખજુરાહોના સાંસદ અને ભાજપના નેતા વિષ્ણુ દત્ત શર્મા (વી. ડી. શર્મા)એ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, ખજુરાહો એરપોર્ટના બહેતર ઉપયોગ માટે તેઓ સતત રક્ષા મંત્રીના સંપર્કમાં હતા. તેમની કોશિશોના પરિણામે, તાજેતરમાં દેશના ચાર એરપોર્ટ (પ્રયાગરાજ, ઝાંસી અને ગ્વાલિયર સહિત)નો સર્વે કરવામાં આવ્યો હતો, જેમાં ખજુરાહો એરપોર્ટને એરબેઝ બનાવવા માટે સૌથી સુરક્ષિત અને સુવિધાજનક સ્થળ તરીકે પસંદ કરવામાં આવ્યું છે.

# ઓડિશામાં ભાજપ નેતાની હત્યા મામલે પૂર્વ ધારાસભ્યની ધરપકડ, CM દ્વારા આશ્વાસન

## વિક્રમ સહિત 9 લોકોની ધરપકડ, બે હુમલાખોરોએ પીતાબશ પર આડેધડ ગોળીબાર કર્યો હતો

**બેરહામપુર**

ભાજપના નેતા અને વકીલ પીતાબશ પાંડાના હત્યાના કેસમાં ઓડિશાના બેરહામપુરના પૂર્વ ધારાસભ્ય અને બીજૂ જનતા દળના ગંજામ જિલ્લાના અધ્યક્ષ વિક્રમ પાંડાની ધરપકડ કરવામાં આવી છે. ઓડિશા પોલીસે 22 ઓક્ટોબરે પાંડાની ધરપકડ કરી હોવાની પુષ્ટી કરી છે. તેની ધરપકડ થતાં સમર્થકો નારાજ થયા છે અને ભારે વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે.

વાસ્તવમાં છ ઓક્ટોબરની મોડી રાત્રે બે હુમલાખોરોએ પીતાબસની ગોળી મારીને હત્યા કરી હતી. બેરહામપુર સ્થિત તેમના ઘર પાસે જ તેમના પર આ હુમલો થયો હતો. પીતાબશ ઓડિશાના બાર કાઉન્સિલના સભ્ય હતા. તેમની હત્યા થયા બાદ લોકોએ કાયદો-વ્યવસ્થા પર સવાલો ઉઠાવ્યા હતા. ઓડિશા પોલીસે હત્યાની તપાસ કરતા વિક્રમ પાંડાએ ષડયંત્ર રચ્યું હોવાનું સામે આવ્યું હતું. પોલીસે કહ્યું કે, વિક્રમે 21 ઓક્ટોબરની રાત્રે પોતાના નિવાસસ્થાન પર ગુનાહિત ષડયંત્ર રચ્યું હતું, પોલીસે વિક્રમ ઉપરાંત બેરહામપુરના પૂર્વ મેયર શિબા શંકર દાસ, એક પૂર્વ કોર્પોરેટર અને 9 અન્ય લોકોની પણ ધરપકડ કરી હતી અને પછી તમામ આરોપીઓને બેરહામપુરની કોર્ટમાં લવાયા હતા.

હત્યામાં સામેલ હુમલાખોરો સહિત ચાર આરોપીઓ હજુ પણ ફરાર છે. પોલીસે આશંકા છે કે, ખાનગી દુશ્મની, રાજકીય કારણો અને વેપાર સંબંધીત વિવાદના કારણે પીતાબશની હત્યા કરવામાં આવી છે.

# જે PM મોદી છુપાવે, તે ટ્રમ્પ જાહેર કરી નાંખે છે : ઓઈલ મુદ્દે કોંગ્રેસનો કટાક્ષ

**નવીદિલ્હી**

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે દિવાળીની શુભકામનાઓ પાઠવવા વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે ટેલિફોનિક વાતચીત કરી છે. જે બાદ ટ્રમ્પે ફરી એવો દાવો કર્યો છે કે, ભારત હવે રશિયાથી ક્રૂડ ઓઈલ નહીં ખરીદે. આ મુદ્દે અગાઉ ભારતે ચોખવટ કરવી પડી હતી. એવામાં ભારતમાં પણ રાજકારણ ગરમાયું છે, કોંગ્રેસે આ મુદ્દે તીખી પ્રતિક્રિયા આપી છે. કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે કહ્યું કે, ટ્રમ્પ અને પીએમ મોદી વચ્ચે માત્ર દિવાળીની શુભકામનાઓ જ નહીં ઓઈલ આયાત મુદ્દે પણ ચર્ચા થઈ. જોકે આ વાત વડાપ્રધાન મોદી જાહેર નથી કરી રહ્યા. જે પી.એમ મોદી છુપાવે છે, તે ટ્રમ્પ જાહેર કરી નાંખે છે. ડોનાલ્ડ ટ્રમ્પે પણ વ્હાઈટ હાઉસમાં દિવાળીની ઉજવણી કરી છે. અમેરિકામાં વસતાં ભારતીયોને સંબોધિત કરતાં ટ્રમ્પે કહ્યું હતું કે, મારા તરફથી ભારતીયોને દિવાળીની શુભકામનાઓ, મારી પીએમ મોદી સાથે ટેલિફોન પર શાનદાર વાતચીત થઈ. અમે વેપાર સહિત અનેક મુદ્દા પર ચર્ચા કરી. દિવાળીની ઉજવણીમાં પણ ભારત-પાકિસ્તાન યુદ્ધને યાદ કરતાં ટ્રમ્પે કહ્યું, કે થોડા સમય પહેલાં અમે ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધ ન થાય તે મુદ્દે વાત કરી હતી. આજે ભારત અને પાકિસ્તાન વચ્ચે કોઈ યુદ્ધ નથી, જે સારી બાબત છે. ડોનાલ્ડ ટ્રમ્પે ફરી દાવો કર્યો છે કે ભારત હવે રશિયાથી ઓઈલ નહીં ખરીદે.

# તમિલનાડુમાં પતિની હેવાનિયત : પત્નીની હત્યા કરી લાશ ડ્રમમાં ભરીને દાટી દીધી

**તિરુવલ્લુર**

તમિલનાડુના તિરુવલ્લુર જિલ્લામાં પતિએ તેની પત્નીની નિર્દયતાથી હત્યા કર્યા બાદ, તેના મૃતદેહને એક ડ્રમમાં ભરીને ઘરથી ત્રણ કિલોમીટર દૂર જમીનમાં દાટી દીધો હતો. બે મહિના સુધી છુપાયેલું આ ઘોર અપરાધનું રહસ્ય ત્યારે ખુલ્યું, જ્યારે મૃતકના પિતાએ દીકરી ગુમ થયાની ફરિયાદ નોંધાવી અને માસૂમ બાળકોએ જણાવ્યું કે તેમની માતા બે મહિનાથી ગાયબ છે. આરોપી પતિની ઓળખ સિલામ્બરાસન તરીકે થઈ છે, અને મૃતક પત્નીનું નામ પ્રિયા (26) છે. પોલીસના જણાવ્યા અનુસાર, આરોપીએ પૂછપરછ દરમિયાન પોતાનો ગુનો કબૂલી લીધો છે. તેણે જણાવ્યું કે, 14 ઓગસ્ટના રોજ તેણે આ હત્યાકાંડને અંજામ આપ્યો હતો. તિરુવલ્લુરના એસપી વિવેકાનંદ શુક્લાના જણાવ્યા મુજબ, પોલીસે આરોપીની નિશાનદેહી પરથી મૃતદેહ ભરેલું ડ્રમ જમીનમાંથી બહાર કાઢીને કબ્જે કર્યું છે. પ્રિયા અને સિલામ્બરાસનને બે પુત્રો છે. આ બાળકોએ પોતાના નાના (પ્રિયાના પિતા શ્રીનિવાસન) ને જણાવ્યું કે તેમની માતા છેલ્લા બે મહિનાથી ઘરેથી ગાયબ છે. આ સાંભળીને પિતાના પગ નીચેથી જમીન સરકી ગઈ અને તેમણે તરત જ પોલીસમાં દીકરી ગુમ થયાની ફરિયાદ નોંધાવી. પોલીસે જ્યારે પતિ સિલામ્બરાસનની કડક પૂછપરછ શરૂ કરી, ત્યારે તે ભાંગી પડ્યો અને તેણે આખી હકીકત જણાવી દીધી હતી.

# ચહેરાની સુંદરતાના અભિશાપરૂપ 'તલ' અને 'મસા'

આકર્ષક વ્યક્તિત્વ માટે સુંદર ચહેરો ઘણો જ મહત્વનો ભાગ ભજવે છે. પરંતુ જ્યારે ચાંદ જેવા આ સુંદર ચહેરા પર મસા અને તલ નીકળી આવે ત્યારે સુંદરતામાં તે અભિશાપરૂપ બની જાય છે. તો શું આવા મસા કે તલ માટે આયુર્વેદમાં કોઈ ઉપચાર છે ? હા, આયુર્વેદનાં પ્રાચીન ઋષિઓએ આના માટેનાં કારણો અને ઉપાયોનું સવિસ્તર વર્ણન આયુર્વેદમાં કરેલું છે.

આયુર્વેદમાં આ ''મસા'' અને ''તલ'' નું વર્ણન ક્ષુદ્રરોગોની અંતર્ગત કરવામાં આવેલું છે. એટલે કે ક્ષુદ્રરોગો એટલે એવા રોગો કે જે રોગોની ઉત્પત્તિ, કારણો, લક્ષણો અને સારવારનું વર્ણન સંહિતાઓમાં વિસ્તૃતરૂપથી કરવાનાં બદલે સંક્ષિપ્તમાં કરેલું છે. આયુર્વેદમાં આવા મસાને ''મષક'' કહેવામાં આવે છે. આ મસા દુઃખાવારહિત, અડદ જેવા કાળા રંગના તથા ઉભારયુક્ત હોય છે.

આયુર્વેદ મુજબ વાયુથી પ્રેરિત થઈ દોષો કફ અને મેદમાં આશ્રિત થઈ આ મસાને ઉત્પન્ન કરે છે. આથી વાત, કફ, અને મેદ વૃધ્ધિનાશક ઉપાયોથી આ મસાને વધતાં અટકાવી શકાય છે. આજ રીતે 'તલ' પણ કાળા રંગના તલ જેવા અને વેદનારહિત તેમજ ચામડીમાં સ્થિત હોય છે. જે પિત્ત અને દૂષિત થવાથી ઉત્પન્ન થાય છે. જેથી પિત્તનાશક અને રક્તશુધ્ધિકર ઉપાયો દ્વારા 'તલ'ની ઉત્પત્તિમાં નિયંત્રણ લાવી શકાય છે.

આપણાં શરીરમાં જ્યારે કોઈ પણ કારણોસર શરીરની કોશિકાઓ એક સ્થાન પર જમા થઈ વધવા લાગે છે, તો ત્યારે તે જગ્યા પર કઠિન માંસની આકૃતિ જેવું દેખાઈ પડે છે. જેને સામાન્યભાષામાં આપણે 'મસા' તરીકે ઓળખીએ છીએ અને આજ રીતે શરીર પર જ્યારે કાળા તલ જેવું બિંદુ દેખાઈ દે તો તેને ''તલ'' તરીકે ઓળખવામાં આવે છે. ચહેરા પર જો એકાદ તલ હોય તો તેને તો સુંદરતાનું પ્રતિક માનવામાં આવે છે, પણ આ જ તલ જ્યારે ચહેરા પર અત્યાધિક



આયુર્વેદ મુજબ વાયુથી પ્રેરિત થઈ દોષો કફ અને મેદમાં આશ્રિત થઈ આ મસાને ઉત્પન્ન કરે છે. આથી વાત, કફ, અને મેદ વૃધ્ધિનાશક ઉપાયોથી આ મસાને વધતાં અટકાવી શકાય છે.

પ્રમાણમાં વધવા લાગે ત્યારે બદસુરતીનું કારણ પણ બની જાય છે. ઘણીવાર 'મસા' કે 'તલ' જન્મજાત પણ હોય છે. જે બિનહાનિકારક છે. પરંતુ કેટલીક વિશિષ્ટ જગ્યા પર હોવાથી તથા સુંદરતામાં બાધકરૂપ હોવાથી તેની સારવાર ઈચ્છનીય છે.

ઘણીવાર મસા કાળારંગનાં હોય છે તો કેટલીકવાર તે ભૂખરા રંગનાં પણ જોવા મળે છે. મોર્ડન સાયન્સ મુજબ આ મસાને જો ફોડવા કે કાપવામાં આવે તો, તે મસાનાં વાયરસ શરીરનાં અન્ય ભાગોમાં ફેલાઈ જઈ શરીરનાં અન્ય સ્થાનો પર પણ મસા ઉત્પન્ન કરે છે. આધુનિક વિજ્ઞાન મુજબ આ વાયરસને ''પપિતોના વાયરસ'' કહેવામાં આવે છે. મસાની આ ગ્રંથિ નોન-કેન્સર ગ્રંથિ હોય છે, અને મોટા ભાગે સર્જરી દ્વારા તેને કાઢી નાખવામાં આવે છે. પરંતુ મોટાભાગની સર્જરી બાદ આ મસા ફરી-ફરીને થવાની શક્યતા ઘણી વધારે રહેતી હોય છે.

આજે મસા અને તલ માટે કેટલાંક ઘરગથ્થું ઉપાયો સૂચવું છું. જે વાંચકમિત્રોને ઘણાં ઉપયોગી સિધ્ધ થશે તેવી આશા છે.

(૧) બટાકાની છાલને ઉતારી વચ્ચેથી કાપી લેવું અને આ કપાયેલાં ભાગને દિવસમાં ૩ વાર મસા ઉપર ઘસવું જેથી ૧ મહિનામાં ફાયદો જણાશે.

(૨) મધ્યમકદનાં મસા હોય તો ફૂલાવરનો રસ કાઢી મસા પર ૧૦થી ૧૫ મિનિટ સુધી ઘસવો. આ પ્રયોગથી પણ મસામાં ખૂબ ફાયદો થશે.

(૩) મસા આકારમાં મધ્યમથી થોડા વધારે હોય તો ૧ નંગ ડુંગળીનો રસ દિવસમાં એકવાર નિયમિતરૂપથી મસા ઉપર લગાવવો. આ પ્રયોગથી થોડા જ દિવસોમાં આ રોગમાં ખૂબ જ ફાયદો જણાશે.

આવા ઘરગથ્થું ઉપચારો કરવા છતાં જો ફાયદો ન જણાય તો નિષ્ણાંતની સલાહ લેવી આવશ્યક છે.

આયુર્વેદમાં આવા મસા માટે 'દગ્ધક્ષાર' અથવા 'અગ્નિકર્મ' બતાવેલું છે. સુર્યકાન્તમણિ દ્વારા આવા મસાને બાળવામાં આવે તો તે નષ્ટ તો થાય જ છે. સાથે-સાથે ફરી થવાની શક્યતા રહેતી નથી. આ ઉપરાંત આયુર્વેદમાં આવા મસા અને તલ માટે ''કંકુમાદિ તેલ''નું નસ્ય લેવાનું પણ વિધાન છે. પરંતુ આ બધી સારવાર નિષ્ણાંતની સલાહ અને દેખરેખમાં જ કરવી જોઈએ. આજ રીતે ''તલ''નાં નિશાન પણ ઘણાં લોકોને હોય છે. જે ઘણીવાર ચહેરાની સુંદરતામાં વધારો પણ કરે છે. તો ઘણીવાર ચહેરાની સુંદરતામાં અવરોધક પણ બનતા હોય છે. આ તલ શરીરમાં 'મેલેનિન'નાં વધારે પ્રમાણમાં ઉત્પન્ન થવાથી થતાં હોય છે. આજે 'તલ' માટે પણ કેટલાક ઘરગથ્થું ઉપાયો સૂચવું છે, જેમાં,

(૧) લસણની એક મોટી કળી લઈ ફોલી લેવી તેને વચ્ચેથી કાપીને તલવાળા ભાગ પર લગાવી દેવી. અને તે જ સ્થિતિમાં આખી રાત બાંધી રાખવી. આ પ્રયોગ ૨૫ દિવસ સુધી કરવાથી આ રોગમાં ખુબ ફાયદો જણાશે.

(૨) એક ચપટી બેકીંગ સોડા લો તેમાં ૩ થી ૪ ટીપાં એરંડીનું તેલ મિક્સ કરો. અને આ પેસ્ટને તલ પર લગાવી પૂરી રાત રહેવા દો. આ પ્રયોગ ૧૦ થી ૧૫ દિવસ કરવો. ધીરે-ધીરે તલ ઝાંખા થઈ જશે.

આયુર્વેદનાં નિયમો મુજબની જીવનશૈલી, પૂરતી ઊંઘ, પથ્યકર ભોજન અને આચાર રસાયનનાં નિયમોનું પાલન પણ આ રોગનાં નિયંત્રણમાં ખૂબ મહત્વનો ભાગ ભજવે છે.

# ટાઈટ જિન્સથી સ્ત્રીઓને થઈ શકે મેરાલ્જિયા પેરેસ્થેટિકા

પાતળા દેખાવની ઘેલછા પાછળ માનુનીઓ સ્કીન ટાઈટ જિન્સ પહેરીને પોતાના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરી રહી છે. લાંબા સમયથી ચાલી રહેલી ત્વચાને ચોંટી જાય એટલી ટાઈટ જિન્સ પહેરવાની ફેશન તમને મુશ્કેલીમાં મુકી શકે છે. અમેરિકાના ગ્રેટર બાલ્ટિમોર મેડિકલ સેંટરના ડૉ. કરેન બોયલેએ કહ્યું હતું કે અતિશય ટાઈટ જિન્સ નર્વ ડિસ્ઓર્ડર (નસના કાર્યમાં ગરબડ થવી) પેદા કરે છે જેને મેરાલ્જિયા પેરેસ્થેટિકા તરીકે ઓળખવામાં આવે છે. વેબસાઈટમાં તેમણે જણાવ્યું હતું કે જ્યારે નિતંબના બહારના ભાગની કોઈ નસ દબાય છે ત્યારે આ ગરબડ પેદા થાય છે. મેડિકલ પેપર્સમાં પણ આ નર્વ ડિસ્ઓર્ડરની નોંધ લેવામાં આવી છે. વર્ષ ૨૦૦૩માં માલવિન્દર પરમારે કેનેડિયન મેડિકલ એસોસિએશન જર્નલમાં મેરાલ્જિયા પેરેસ્થેટિકાના ત્રણ કેસની નોંધ કરતાં જણાવ્યું હતું કે આ ત્રણે સ્થૂળકાય મહિલા દરદીઓ છેલ્લા છથી આઠ મહિનાથી અત્યંત ટાઈટ અને લો-રાઈઝ ટ્રાઉઝર પહેરતી હતી.

ન્યુરોસર્જનો કહે છે કે મેરાલ્જિયા પેરેસ્થેટિકામાં કટિની આસપાસ આવેલી અને નિતંબના બાજુના ભાગની ત્વચાને રક્ત પૂરું પાડતી લેટરલ ક્યુટિનસ નર્વ (સેન્સરી)ને નુકસાન થાય છે. જ્યારે કોઈનું વજન વધી જાય અથવા કોઈ એકદમ ટાઈટ પટ્ટો પહેરે ત્યારે આ નસ દબાય છે. આ દબાણને કારણે નસનું કાર્ય બદલાઈ જાય છે જેને લીધે હળવો સ્પર્શ પણ જે તે વ્યક્તિને ભારે પીડાદાયક લાગે છે.



મેરાલ્જિયા પેરેસ્થેટિકાના દર્દીને એક તરફ સંવેદના જ ન થાય અને બીજી તરફ નિતંબના બાહ્ય ભાગમાં બળતરા થાય. તબીબો કહે છે કે સ્કીન ટાઈટ જિન્સ સાથે જો ઊંચી એડીના પગરખાં પહેરવામાં આવે તો પરિસ્થિતિ વણસે છે.

સ્કીન ટાઈટ જિન્સ પહેરવાથી પહેલાં કેટલીક વાતો ધ્યાનમાં લેવી જરૂરી છે. ટાઈટફીટ જિન્સ જો નિતંબ પાસેથી વધારે પડતી ટાઈટ હોય તો આ સ્થિતિ પેદા થાય છે. જોકે આની સારવાર શક્ય છે પણ તે આસાન નથી. સૌથી પહેલા તો તબીબો નિતંબ પાસેથી અતિશય ટાઈટ હોય એવી જિન્સ કે ટાઈટ પટ્ટો ન પહેરવાની સલાહ આપે છે. આમ છતાં જો કોઈ મેરાલ્જિયા પેરેસ્થેટિકાનું શિકાર બન્યું હોય તો તેની દબાઈ ગયેલી નર્વને ખુલ્લી કરવામાં આવે છે તેને સંપૂર્ણપણે કાપી નાખવામાં આવે છે.

નિષ્ણાતો કહે છે કે આ નસ અત્યંત નાજુક હોવાથી સ્થૂળકાય લોકોમાં આ નર્વ દબાઈ જવાની ભીતિ વધારે પ્રમાણમાં રહે છે. જરૂરી નથી કે માત્ર અતિશય ટાઈટ ટ્રાઉઝર પહેરનાર વ્યક્તિ જ મેરાલ્જિયા પેરેસ્થેટિકાનો ભોગ બને. આમ છતાં સાવધાન રહેવું સલાહભર્યું છે. આ વ્યધિનો શિકાર બનનાર દરદીની સંવેદનાને અસર પહોંચે છે. ડાયાબિટિસના દરદીને તે ઝડપથી લાગુ પડે છે. એવું પણ બને કે મેરાલ્જિયા પેરેસ્થેટિકાના દરદીને એક તરફ સંવેદના જ ન થાય અને બીજી તરફ નિતંબના બાહ્ય ભાગમાં બળતરા થાય. તબીબો કહે છે કે સ્કીન ટાઈટ જિન્સ સાથે જો ઊંચી એડીના પગરખાં પહેરવામાં આવે તો પરિસ્થિતિ વણસે છે. જ્યારે કોઈ માનુની ઊંચી એડીના જૂતાં પહેરે ત્યારે તેના શરીરનું વજન તેના પગના અંગુઠા પર આવે છે જે નાજુક નસોને અસર પહોંચાડે છે.

## ટાઈટ જીન્સથી કમરના દુખાવા સહિત અનેક સમસ્યા સંભવ

### ગર્ભધારણમાં સમસ્યા

ટાઈટ જીન્સ પહેરવાથી ગર્ભાશય સંકુચિત થઈ જાય છે અને તેનાથી ગર્ભધારણ કરવામાં સમસ્યા થાય છે. ટાઈટ જીન્સના કારણે પેટ પર દબાણ આવે છે જે ગંભીર સમસ્યાને આમંત્રણ આપે છે. એટલા માટે ટાઈટ જીન્સ પહેરવાની આદત છોડી દેવી જોઈએ.

### યૂટ્રેસ ઈંફેક્શન

ટાઈટ જીન્સ પહેરવાથી ગર્ભાશયમાં ઈંફેક્શન થઈ શકે છે. યુવતીઓ આ વાતને ગંભીરતાથી લેતી નથી પરંતુ જો આ ઈંફેક્શન વધી જાય તો ટ્યૂબમાં બ્લોકેજ થઈ જાય છે અને તેનાથી માતા બનવાનું સપનું અધુરું પણ રહી શકે છે.

### કમરનો દુખાવો

ટાઈટ જીન્સ કમર અને પીઠના દુખાવાને પણ આમંત્રણ આપે છે. ટાઈટ જીન્સના કારણે સ્નાયૂ પર દબાણ આવે છે અને હિપ જોઈંટ્સની ફ્રી મૂવમેન્ટમાં બાધા આવે છે. તેનાથી પીઠ, કરોડરજ્જુમાં દુખાવો શરૂ થાય છે અને તેના કારણે આગળ જતા મહિલાઓને સ્લિપ ડિસ્કની સમસ્યા થઈ શકે છે.

### વેરિકોઝ વેન

વેરિકોઝ વેનની સમસ્યા પણ ટાઈટ જીન્સ વધારે છે. પગની નસમાં જે વાલ્વ હોય છે તે ટાઈટ જીન્સના કારણે નબળા પડી જાય છે અને તેના કારણે ગાંઠ બનવા લાગે છે. ટાઈટ જીન્સ પહેરતી મોટા ભાગની મહિલાઓને આ બીમારી થાય છે.

### હ્રદયની બીમારી

ટાઈટ જીન્સ પહેરવાથી હ્રદયની બીમારીઓ પણ થઈ શકે છે. ટાઈટ જીન્સ રક્તસંચાર અટકાવે છે અને હ્રદય સુધી પહોંચતા રક્તનું પ્રમાણ ઘટી જાય છે. તેનાથી હાર્ટના રોગ થવાનું જોખમ વધી જાય છે.

### સ્કીન કેન્સર

રીસર્ચ અનુસાર આવા જીન્સ પહેરવાથી ત્વચાનું કેન્સર પણ થઈ શકે છે. ટાઈટ જીન્સ પહેરવાથી ડીવીટીની સમસ્યા થાય છે અને તેનાથી બ્લડ ક્લોટ્સ નસમાં જામી જાય છે. તેનાથી રક્ત પરીભ્રમણ અટકે છે.

### ટાઈટ જીન્સ સિંડ્રોમ


ટાઈટ જીન્સ પહેરવાથી પેટના નીચેના ભાગમાં જે સંવેદનશીલ નસ હોય છે તે પ્રભાવિત થાય છે. તેના કારણે ઘુટણ અને સાથળના ભાગમાં બળતરા પણ થાય છે. આ સિંડ્રોમથી પગમાં દુખાવો અને પાચન સંબંધી સમસ્યા પણ થઈ શકે છે.

### જીન્સ પહેરો તો આ ધ્યાન રાખો

ટાઈટ જીન્સ પહેરવું જ હોય તો 7 કલાકથી વધારે તેને પહેરી ન રાખો. જો તમારું કામ એવું હોય કે સતત બેસી રહેવું પડે તો પણ ટાઈટ જીન્સ પહેરવાનું ટાળવું. એક જગ્યાએ સ્થિર રહેવાનું હોય તો જ ટાઈટ જીન્સ પહેરો.

100
श्रीमद्भगवद्गीता पाठशाला
1926

# પૂજનીય પાંડુરંગશાસ્ત્રી આઠવલે પ્રણીત શ્રીમદ્ભગવદ્ગીતા પાઠશાળાના શતાબ્દી પર્વ પર સ્વાધ્યાય પરિવારના કોટિ કોટિ વંદન



# અયોધ્યામાં વિશ્વ રેકોર્ડ, એકસાથે 26.17 લાખ દીવા પ્રગટતા સરયૂ કિનારો ઝગમગ્યો



**અયોધ્યા :** દિવાળી નિમિત્તે રામનગરી અયોધ્યાને 26 લાખ દીવાઓથી શણગારવામાં આવી હતી. દીપોત્સવ 2025 ના કાર્યક્રમ દરમિયાન એક સાથે 26 લાખ દીવા પ્રગટાવવામાં આવતા વિશ્વ રેકોર્ડ બન્યો હતો. દરેક વર્ષની જેમ આ વર્ષે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કાર્યક્રમમાં હાજરી આપી હતી. તેમણે રામ અને સીતાના વેશમાં સજ્જ કલાકારોની પૂજા કરી હતી. જે બાદ આરતી ઉતારી સૌને દિવાળીની શૂભેચ્છા પાઠવી હતી. 26 લાખ દિવડાના ઝગમગાટ સાથે સરયૂનો કિનારો દીપી ઉઠ્યો હતો. અને નયન રમ્ય નજારાને લાખો લોકોએ કેમેરામાં કેદ કર્યો હતો.

# જો મર્દ હોવ તો અમારો સામનો કરો, તાલિબાનની પાકિસ્તાન સેનાના વડા મુનીરને ખુલ્લી ધમકી

ઈસ્લામાબાદ : તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન સંગઠને પાકિસ્તાની સેનાના વડા આસિમ મુનીરને ધમકી આપી છે. ટીટીપીએ મુનીરને કહ્યું છે કે, જો તમે મર્દ હોવ તો અમારો સામનો કરો. ટીટીપીએ જાહેર કરેલા વીડિયોમાં કમાન્ડર બોલી રહ્યા છે કે, મુનીરે પોતાની સેનાને મરવા માટે મોકલવાના બદલે પોતાના ટોચના અધિકારીઓને મેદાનમાં મોકલવા જોઈએ. મીડિયા રિપોર્ટ મુજબ ટીટીપીના આ વીડિયોમાં આઠ ઓક્ટોબરે ખૈબર પખ્તૂનખ્વામાં થયેલા હુમલાનો ફુટેજ પણ સામેલ છે. આ હુમલામાં ટીટીપીએ 12 પાકિસ્તાની સૈનિકોને મારી નાખ્યા હતા, ત્યારબાદ બંને દેશો વચ્ચે ઘર્ષણ વધી ગયું હતું. પાકિસ્તાને મૃતક સૈનિકોની છુપાવીને 11ના મોત થયા હોવાની વાત સ્વિકારી હતી. વીડિયોમાં ટીટીપીનો જે કમાન્ડર દેખાઈ રહ્યો છે, તેનું નામ કાજિમ હોવાનું સામે આવ્યું છે, જે મુનીરને ધમકી આપતો દેખાઈ રહ્યો છે. વીડિયોમાં કાજિમ કહે છે કે, ‘જો તુ મર્દ હોય તો અમારો સામનો કર. જો તે તારી માનું દૂધ પીધું હોય તો અમારી સાથે લડાઈ કર.’ આ મામલો સામને આવ્યા બાદ પાકિસ્તાની સેનામાં હડકંપ મચી ગયો છે. પાકિસ્તાને કાજિમ પર 10 કરોડ રૂપિયાનું ઈનામ જાહેર કર્યું છે.

# 2026માં વિધાનસભા ચૂંટણીવાળા વધુ 5 રાજ્યોમાં SIR પ્રક્રિયા શરૂ

## દિલ્હીમાં યોજાઈ ચૂંટણી પંચની પરિષદ

**નવીદિલ્હી**

બિહાર બાદ હવે દેશના પાંચ રાજ્યો આસામ, તમિલનાડુ, પુડુચેરી, કેરળ અને પશ્ચિમ બંગાળમાં મતદાર યાદીના વિશેષ સઘન પુનરીક્ષણ (SIR)ની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે અને આ માટે ચૂંટણી પંચે વ્યાપક તૈયારીઓ શરૂ કરી દીધી છે. આ પાંચેય રાજ્યોમાં આવતા વર્ષે એપ્રિલ અને મે મહિનામાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે. વાસ્તવમાં નવી દિલ્હીમાં બે દિવસીય રાષ્ટ્રીય પરિષદ યોજાઈ હતી, જેમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર, ચૂંટણી કમિશનર ડૉ. સુખબીર સિંહ સંધુ, ડૉ. વિવેક જોશી, મુખ્ય ચૂંટણી અધિકારીઓ અને જિલ્લા ચૂંટણી અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પરિષદમાં તમામ રાજ્યો અને કેન્દ્ર પ્રદેશ શાસિતના અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. પરિષદ દરમિયાન મુખ્ય ચૂંટણી કમિશનરે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં SIRની તૈયારીઓને અંતિમ રૂપ આપવાનો મુખ્ય ચૂંટણી અધિકારીઓને સ્પષ્ટ નિર્દેશ આપ્યો હતો.

**બિહારમાં ચૂંટણી જંગ** (અનુસંધાન પાના 4નું ચાલુ)

શહેરમાં રહેનારા અને આર્થિક રીતે સદ્ધર કહી શકાય તેવા તમામ વણિક સમુદાયો ભાજપનું સમર્થન કરે છે. જ્યારે ગામડામાં રહેતા અને આર્થિક રીતે નબળા વણીકો જેઓ ઈબીસીની કેટેગરીમાં આવે છે તેઓ પહેલાં ઓબીસી સાથે જોડાઈને સમર્થન આપતા હતા. વર્તમાન સમયમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીના મજબૂત સમર્થનને કારણે વણિક સમુદાયના મોટાભાગના લોકો હવે ભાજપના અને એનડીએના સમર્થક બની ગયા છે. બિહારમાં દર ચૂંટણીની જેમ આ ચૂંટણીમાં પણ બધાની નજર નીતીશકુમાર ઉપર છે. નીતીશકુમારના જેડીયુ અને લાલુ પ્રસાદ યાદવના રાષ્ટ્રીય જનતા દળ (આરજેડી) એ ૨૦૧૫ની વિધાનસભાની ચૂંટણી સાથે મળીને લડી હતી, બહુમતી મેળવી હતી અને સરકાર બનાવી હતી. આ ગઠબંધન ૨૦૧૭માં તૂટી ગયું હતું. નીતીશ કુમાર પલટી મારીને NDAમાં જોડાઈ ગયા હતા અને મુખ્ય પ્રધાન તરીકે ચાલુ રહ્યા હતા. ૨૦૨૨માં તેમણે ફરી વાર પલટી મારી હતી અને આરજેડી સાથે મળીને સરકાર બનાવી હતી. આમ તો ભાજપ બિહારમાં પોતાના બળ ઉપર સરકાર બનાવવા માગે છે અને પોતાનો મુખ્ય મંત્રી બનાવવા માગે છે, પણ બિહારમાં નીતીશકુમારનું કદ એટલું મોટું છે કે ભાજપની તે ઈચ્છા પૂરી થતી નથી. બિહારમાં વિધાનસભામાં કુલ ૨૪૩ બેઠકો છે અને સરકાર બનાવવા માટે કોઈપણ પક્ષ કે ગઠબંધન પાસે ૧૨૨ બેઠકો હોવી જરૂરી હોય છે. બિહારમાં હાલ મહાગઠબંધન વોટચોરી અને રોજગારીનો મુદ્દો જનતા સમક્ષ લઈ ગયા છે તો પ્રશાંત કિશોર યુવાનોને નોકરી, શિક્ષણ સહિતના પ્રાથમિક મુદ્દાઓને લઈને મતદારો પાસે વોટ માંગી રહ્યા છે. જ્યારે ભાજપ ઓપરેશન સિંદુર જેવા મુદ્દા અને નીતિશના શાસનને નામે મત માંગી રહ્યો છે. પીકેની હાજરીથી અહીં રોચક મુકાબલાના એંધાણ છે.

MOTEL for SALE

NIRAJ PANCHOLI, REALTOR®
Mechanical Engineer (Ahmedabad, India)
Cell: 647-866-2790
Email: ncpancholi@gmail.com
Website: www.niraj-pancholi.c21.ca
Multiple Awards Winner Since 2011
Selling Businesses, Commercial & Residential Properties Since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings



MOTEL KING: Specializing in Selling Motels with Proven Records of Many SOLD Motels
SOLD OVER 50 Hotels & Motels in ON. TOP 75 Producers & Centurion Producer Awards Winner

36 Room EconoLodge by Choice Hotels in Huntsville - $4.2M
Built by the current owener 20 years ago
Well maintained Rooms – No PIP

• 54 Room RESORT in Gananoque (1000 Islands) – Asking $3.2M (Seasonal Operation)
7 Acres Land, Indoor / Outdoor Pool, Restaurant, Bar, Party Room – Option to operate year round

• 54 Room HOTEL in Gananoque (1000 Islands) – Asking $5.5M (Year Round Operation)
Renovated and Upgraded Room, Outdoor Pool, Restaurant and Bar

17 Room Motel in Huntsville - $2.5M
Renovated and Upgraded Room
Located in downtown, everything is close by

• 78 Room HOTEL Ramada By Wyndham Hotels – Asking $6.9M - SOLD

• 43 Room Motel + Restaurant 241 Pizza with Building in Cochrane – $4.5M
• 40 Room Motel only (without Restaurant Building & 3 Motel Rooms) - $3.8M
• Only Restaurant 241 Pizza Builing with 3 Motel Room - $900K
Both businesses are money making, both are Absentee Owner – ideal for owner operator
(Buyers option – to buy entire property OR just Motel OR just Restaurant & Building)

21 Room Motel in Gravenhusrt - $1.7M
100% occupancy by longterm customers
living for many years – Selling AS IS – Buyer
to assume all customers on closing

12 Room Motel in Blind River - $1,050,000
With 3 BR living quarter, Access land
Indoor corridor, One Man Opearation

17 Room Motel near Chatham - $1.7M
With 2 BR fully renovated house, One Man
Opertion and operating costs are under $40K

Motel Jobs AND Working Partner (min 200K to invest) opportunity – Northern Ontario
Front Desk, Housekeeping, General work
Must speak good English for front desk
(must be on WP, PR or Citizen)
Acomodation + Compititive Salary

15 Room Motel + 1BR Apt nr Sudbury - $1.2M
Indoor Corridor, Restaurant & Bar (closed)
Easy one man operation

10 Room Motel & Restaurant in Manitulin Island - $799,000
Nicely renovated, year round buniness

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office: 905-366-8100

# અપમાનનો બદલો : માલિકના પાંચ વર્ષના દીકરાનું અપહરણ કરી ડ્રાઈવર દ્વારા હત્યા

**નવીદિલ્હી**

દિલ્હીના નરેલા વિસ્તારમાં એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે, જ્યાં કથિત બદલાની ભાવનાથી પાંચ વર્ષના બાળકનું અપહરણ કરીને ઈંટ અને છરી વડે ક્રૂરતાપૂર્વક હત્યા કરવામાં આવી હતી. આ ઘટનામાં મુખ્ય આરોપી બાળકનો પિતાના ટ્રાન્સપોર્ટ વ્યવસાયમાં કામ કરતો ડ્રાઈવર નીતુ હોવાનું પોલીસનું કહેવું છે. પોલીસના જણાવ્યાનુસાર, બાળકનો મૃતદેહ આરોપી ડ્રાઈવર નીતુના ભાડાના ઘરમાંથી મળી આવ્યો છે. આરોપી ઘટના બાદથી ફરાર છે.

પોલીસ અધિકારીઓએ જણાવ્યું કે, પ્રાથમિક તપાસમાં હત્યાનું કારણ બદલો હોવાની શંકા છે. મૃતક બાળકના પિતા, જે ટ્રાન્સપોર્ટનો વ્યવસાય ધરાવે છે, તેમણે એક દિવસ પહેલા જ આરોપી નીતુને ખરાબ વર્તન કરવા બદલ ઠપકો આપ્યો હતો અને કથિત રીતે બે થપ્પડ પણ મારી હતી. મૃતકના પિતાએ તેમના બે ડ્રાઈવરો, નીતુ અને વસીમને નોકરીએ રાખ્યા હતા. દારૂના નશામાં બંને ડ્રાઈવરો વચ્ચે ઝઘડો થયો, જેમાં નીતુએ કથિત રીતે વસીમને માર માર્યો. ટ્રાન્સપોર્ટર (બાળકના પિતા)ને આ વાતની જાણ થતાં, તેમણે નીતુને ઠપકો આપીને માર માર્યો, જેનાથી નીતુ અપમાનિત થયો. આ અપમાનનો બદલો લેવા માટે, નીતુએ બાળકના ઘરની બહાર રમતા પાંચ વર્ષના બાળકનું અપહરણ કર્યું. ત્યારબાદ બાળકને ભાડાના રૂમમાં લઈ જઈને ઈંટો અને છરી વડે તેની ઘાતકી હત્યા કરી દીધી. બાળકના અપહરણની જાણ નરેલા ઔદ્યોગિક વિસ્તાર પોલીસ સ્ટેશનમાં કરવામાં આવી હતી, જ્યારે પરિવારજનો અને પડોશીઓએ શોધખોળ શરૂ કરી ત્યારે મૃતદેહ નીતુના ભાડાના રૂમમાંથી મળી આવ્યો હતો.

# દિવાળી બાદ દિલ્હી ફરી ગેસ ચેમ્બર બન્યું, વિશ્વનું સૌથી પ્રદૂષિત શહેર

## રાજધાનીમાં એક્યૂઆઇ 500ને પાર, પંદરગણી વધુ પ્રદૂષિત હવા

**નવી દિલ્હી**

રાજધાની દિલ્હીમાં એર ક્વોલિટી ઈન્ડેક્સ ૫૦૦ને પાર જતો રહ્યો હતો. દિલ્હી ઉપરાંત મુંબઇ, કોલકાતા, લખનઉ વગેરે મોટા શહેરોમાં પણ દિવાળી પછી પ્રદૂષણ વધ્યું હતું. દિલ્હીમાં મંગળવાર સુધીમાં એર ક્વોલિટી ઈન્ડેક્સ ૫૦૦ને પાર પહોંચી ગયું હતું. ખાસ કરીને દિલ્હીના આનંદ વિહાર વિસ્તારમાં સૌથી પ્રદૂષિત વાતાવરણ નોંધાયું હતું. જ્યારે બાકીના તમામ વિસ્તારોમાં એક્યૂઆઇ ઓછામાં ઓછુ ૩૦૦ નોંધાયું હતું જે જોખમકારક માનવામાં આવે છે. ડબલ્યુએચઓએ નક્કી કરેલા એર ક્વોલિટી ઈન્ડેક્સથી પંદરગણી વધુ પ્રદૂષિત હવા દિલ્હીમાં નોંધાઈ હતી. જેને કારણે દિલ્હી વિશ્વમાં સૌથી પ્રદૂષિત શહેર બન્યું હતું. નોઇડામાં પણ એર ક્વોલિટી ઈન્ડેક્સ ૩૫૦ને પાર પહોંચી ગયો હતો. મુંબઈમાં ૧૦ ઓક્ટોબર બાદ સૌથી પ્રદૂષિત હવા નોંધાઈ હતી અને એર ક્વોલિટી ઈન્ડેક્સ ૩૭૫ને પાર જતો રહ્યો હતો. બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્સમાં એક્યૂઆઇ ૩૭૫ નોંધાયો હતો, કોલાબાની હવા પણ ૩૪૬ સાથે સૌથી પ્રદૂષિત રહી છે. દિલ્હી નજીકના રાજ્યો હરિયાણા અને પંજાબમાં પણ દિવાળી પછી પ્રદૂષિત હવા ફેલાઈ હતી.

# કોંગ્રેસના સિદ્ધારમૈયા સંન્યાસ લેશે? દીકરાના નિવેદનથી ચર્ચા છંછેડાઈ

**બેંગ્લુરુ**

મુખ્યમંત્રી પદ માટે સિદ્ધારમૈયા અને નાયબ મુખ્યમંત્રી ડી.કે. શિવકુમાર વચ્ચે ખેંચતાણના સમાચાર આવતા રહ્યા છે. એવી અટકળો હતી કે સિદ્ધારમૈયા અઢી વર્ષ બાદ શિવકુમાર માટે મુખ્યમંત્રી પદ છોડી દેશે. જોકે, સિદ્ધારમૈયાએ પોતે આ અટકળોને નકારી કાઢતા કહ્યું હતું કે, "હું પૂરા પાંચ વર્ષના કાર્યકાળ માટે મુખ્યમંત્રી રહીશ." પાર્ટીમાં સ્પષ્ટપણે બે જૂથો છે - એક સિદ્ધારમૈયાનું અને બીજું શિવકુમારનું. મંત્રી સતીશ જારકીહોલીને સિદ્ધારમૈયાના જૂથના વફાદાર માનવામાં આવે છે. આ સંજોગોમાં, સિદ્ધારમૈયાના પુત્ર યતીન્દ્રએ પોતાના પિતાના સંન્યાસનો સંકેત આપવાની સાથે જ સતીશ જારકીહોલીનું નામ આગળ ધર્યું છે, જેને રાજકીય નિષ્ણાતો એક "સુનિયોજિત ચાલ" માની રહ્યા છે.

રાજકીય વિશ્લેષકોનું કહેવું છે કે યતીન્દ્રના આ નિવેદનનો ઉદ્દેશ્ય ડી.કે. શિવકુમાર અને તેમના સમર્થકોને સ્પષ્ટ સંદેશ આપવાનો છે કે ભવિષ્યમાં સત્તા સિદ્ધારમૈયા જૂથ પાસે જ રહેશે. જો સિદ્ધારમૈયા પદ છોડે તો પણ, તે શિવકુમારને નહીં, પરંતુ પોતાના જૂથના જ કોઈ નેતા (જેમ કે જારકીહોલી) ને સત્તા સોંપશે.

# મુંબઈ ભારતનું સૌથી વધુ ખુશહાલ શહેર દુનિયામાં ટોચના પાંચ સ્થળોમાં સામેલ

## ફિનલેન્ડ કે ડેન્માર્ક નહીં, યુએઇનું અબુધાબી દુનિયામાં સૌથી ખુશ !

મુંબઈ : ભારતમાં દિવાળીના તહેવારોની ધામધૂમથી ઊજવણી થઈ રહી છે તેવા સમયે એક સારા સમાચાર આવ્યા છે. દુનિયામાં સૌથી ખુશહાલ ટોચના પાંચ શહેરોમાં મુંબઈને સ્થાન મળ્યું છે. આ સાથે તેની અવિરત ગતિ, વાયબ્રન્ટ સંસ્કૃતિ, નાઈટલાઈફ અને સમુદાયની ઊંડી ભાવના માટે જાણિતું મુંબઈ ટાઈમ આઉટ ઈન્ડેક્સ ૨૦૨૫માં ૯૫થી વધુના હેપ્પીનેસ રેટિંગ સાથે ભારતનું સૌથી ખુશહાલ શહેર જાહેર થયું છે. રસપ્રદ રીતે આ હેપ્પીનેસ ઈન્ડેક્સમાં વિશ્વમાં ટોચના પાંચ ખુશહાલ શહેરોમાં યુરોપનો કોઈ શહેરનો સમાવેશ થયો નથી. યુએઈનું અબુધાબી દુનિયાનું નંબર-૧ ખુશહાલ શહેર તરીકે સ્થાન પામ્યું છે. દુનિયામાં સૌથી ખુશહાલ શહેરોની વાત આવે ત્યારે અત્યાર સુધી યુરોપના દેશો ડેન્માર્ક, આઈલેન્ડ અથવા ફિનલેન્ડના શહેરો સ્થાન પામતા હતા. જોકે, નવા વૈશ્વિક સરવેમાં વિશ્વના હેપ્પીનેસ રેન્કિંગના ટોચના શહેરોમાં આશ્ચર્યજનક નામ સામે આવ્યા છે. ટાઈમ આઉટ ૨૦૨૫ના હેપ્પીનેસ સિટી ઈન્ડેક્સમાં યુનાઈટેડ આરબ અમિરાતની રાજધાની અબુધાબી દુનિયાના સૌથી ખુશહાલ શહેરમાં ટોચના ક્રમે આવ્યું છે. અબુધાબીની કુલ વસતી ૨૦ લાખથી વધુ છે. યુએઈમાં તે દુબઈ પછી સૌથી વધુ વસતી ધરાવતું શહેર છે. અબુધાબી યુએઈને બનાવતા સાત અમિરાત્સનું સૌથી મોટું અને સૌથી સમૃદ્ધ શહેર છે.

HONEST - DEDICATED - TEAMWORK
Don't Let Confusion Cast A Shadow over Buying Your Dream Home.
PINNACLE REAL ESTATE GROUP
CENTURY 21.
Innovative Pinnacle Real Estate Group
We Look forward to providing you with an unusually High Level of Service and Commitment giving you a New definition of results in the Real Estate Industry. After all it is your Satisfaction that defines our Success!!!

- Free Staging
- Free Professional Photography & virtual tour
- Free Marketing, Flyers, Newspapers, Media Advertising
- Free Comparative Market Analysis
- Team of Professional for same price as hiring a single realtor
- Over 15 years of combined experience




Welcome to this stunning 3-bedroom Coughlan-built home where comfort meets convenience! Perfectly located just minutes to the 401, you'll enjoy endless options for dining, shopping, and entertainment. Offering 1,741 sq. ft. of stylish living space, thishome features soaring 9 ft ceilings, a large walk-in pantry, and a powder room just off the kitchen. The spacious great room is complete with potlights, hardwood flooring, and California shutters, flowing seamlessly into the dining room and kitchen. The modern kitchen boasts a large islandand direct access to a private balcony ideal for relaxing or hosting evening barbecues. Upstairs, the primary suite offers a spa-like 4-piece ensuite with soaker tub and stand-up shower. Two additional bedrooms, all with hardwood floors, large closets, and California shutters, plus a convenient upstairs laundry. The ground level includes garage access, two closets, and a separate entrance to a versatile 4th bedroom. Beautifully maintained and move-in readjust unpack and enjoy!




Ready to move in! Recently spent top $$$ on renovations. Spacious 2 bedrooms, 1 washroom. Freshly painted, new flooring, light fixtures. Easy access to transit, Hwy 400 and 401. Very family oriented neighborhood. Situated in a prime location, you'll be in close proximity to schools, parks, Humber River hospital and library as well as the renowned Yorkdale Shopping Centre & Lawrence Square Shopping Centre. Enjoy the convenience of having Home Depot, Walmart, Metro and Yorkdale Mall just a quick 10-minute drive away, ensuring unmatched shopping accessibility. Additionally, with TTC stops a mere 3-minute walk away, commuting becomes a seamless experience. Seize the opportunity- this spacious unit is perfect for first-time homebuyers, offering generous space, a super location.




- No Pressure
- No Obligation
- Just Answers to Your Questions.. Its that Simple!



You have Nothing to Loose... Call us for a Free Consultation on How to Get Started.
Use The Advantage of a Team, Because... Teamwork Makes Your Dreams Work !
Shamim & Amin Kharodia
Broker of Record / Sales Representative
teamkharodia@gmail.com
300-2855 Markham Rd Toronto ON M1X 0C3
D: (647) 501-6786 I D: (647) 308-2941
F : (416) 298-8303 I P: (647) 666-8676
Grand Centurion Office
Each office owned and Operated. This is not intended to solicit buyers/sellers currently under contract with any brokerage.


CLUB CERAMIC
Porcelain Tiles : Premium Quality and Best Price
Porcelain & Ceramic tiles at Direct factory price
Price match guarantee + we will beat price with additional 5% discount
Tiles available for Floor, Wall and Outdoor Parking
TILES • BACKSPLASH • LAMINATE • VINYL • HARDWOOD
MONTREAL
225 Rue Ness, Saint-Laurent, QC H4T 1A7, Canada
Phone: +1-514-813-3850 / +1-514-260-2242
OTTAWA
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474
MISSISUAGA
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850
CAMBRIDGE
15 Sheldon Dr, Cambridge, ON N1R 6R8
+1-647-394-6030 / +1-647-406-1972
https://clubceramic.com Email : sales@clubceramic.com


હવે પ્રાથના હોલ અને સ્મશાન ઘર એકજ સ્થળે
Chapel Ridge
Funeral Home & Cremation Centre
North Toronto
Crematorium Inc.
in partnership with
Chapel Ridge FUNERAL HOME & CREMATION CENTRE
North Toronto CREMATORIUM
Vilo
Licensed Funeral Director
(416) 993-0826
Harjinder
Licensed Funeral Director
(647) 966-0093
Christeen
Licensed Funeral Director
(416) 258-6759
Kirti
Licensed Funeral Preplanner
(416) 417-0182
Complete Funeral Package Pricing $4395.00 Includes HST
GUARANTEED LOWEST PRICE
Same Day Funeral Service with 1 hour visitation prior to service, including all professional fees and preparation
Batesville Grey Doeskin Casket
Cremation and Witnessing Fee at North Toronto Crematorium or St John's Dixie Crematorium in Mississauga
Coroner, Death Registration and BAO Fee
Not included: Flowers, Limousines, Clergy or Musician Fees, Urns
Facilities also available in Mississauga
Everything in one Place!
2 Stalwart Industrial Drive, Gormley
(close to Highway 404 and Stouffville Road)
Newly built large Chapel with Crematorium on-site - everything in one place!
8911 Woodbine Ave., Markham (4 blocks north of Hwy 7)
info@chapelridgefh.com • www.chapelridgefh.com
905-305-8508
info@northtorontocrematorium.com
www.northtorontocrematorium.com
289-578-1288